બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



અહલે સુન્નત વ જમાઅત
એટલે
મસ્લકે આ'લા હઝરત
નું અજોડ મુખપત્ર

# બરકાતે ખ્વાજા (માસિક)


**નવેમ્બર-૨૦૨૧**

રબીઉલ અવ્વલ-રબીઉલ આખર
હિજરી સન : ૧૪૪૩

વર્ષ : ૧૮, અંક : ૧૧, સળંગ અંક : ૨૧૪

**સ્થાપક અને પ્રકાશક**
ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા

**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફય્ઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭
9427464411 PhonePe/Paytm/G Pay
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com

બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ
A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૩૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


: માનદ તંત્રી :
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | બનાવટી જૂઠા પીરોને અસલ સાચા પીરોનો સંદેશ ! | 04 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 10 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત (ભાગ : ૨) | 12 |
| 04 | હદાઈકે બખ્શિશ (ભાગ : ૨) | 14 |
| 05 | કાનૂને શરીઅત | 18 |
| 06 | અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ | 22 |
| 07 | હઝરત બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہના હાલાત.... | 26 |
| 08 | ગૌષે આ'ઝમ رضی اللہ عنہનો મર્તબો મહાન બુઝુર્ગોની ઝબાની ! | 29 |
| 09 | હું મુસલમાન થઈને કુર્આન વિશે શું જાણું છું ?! | 33 |
| 10 | હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہ | 37 |
| 11 | અઊઝુબિલ્લાહ બિસ્મિલ્લાહનો આપસમાં લગાવ, મુદ્દાઓ તથા ફાયદાઓ | 43 |
| 12 | બરકાતે ખ્વાજાની ટપાલ | 50 |


## મન્કબત દર શાને ગૌષે આ'ઝમ رضی اللہ عنہ

❑ રઝા : ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

તૂ હૈ વો ગ઼ૌષ કિ હર ગ઼ૌષ હૈ શૈદા તેરા
તૂ હૈ વો ગૈ઼ષ કિ હર ગૈ઼ષ હૈ પ્યાસા તેરા
સૂરજ અગલોં કે ચમકતે થે ચમક કર ડૂબે
ઉ઼ફ઼ુકે઼ નૂર પે હૈ મેહ્ર હમેશા તેરા
જો વલી કૃ઼બ્લ થે યા બાદ હૂએ યા હોંગે
સબ અદબ રખતે હૈં દિલમેં મેરે આક઼ા તેરા
સારે અક઼્તાબ જહાં કરતે હૈં ક઼અબેકા તવાફ
કા'બા કરતા હૈ તવાફે દરેવાલા તેરા
ઔર પરવાનેં હૈં જો હોતે હૈં કા'બે પે નિષાર
બાગકે સાઝોં મેં બજતા હૈ તરાના તેરા
કિસ ગુલિસ્તાં કો નહીં ફસ્લે બહારીસે નિયાઝ
ક઼ૌન સે સિલસિલા મેં ફૈઝ ન આયા તેરા
નહીં કિસ ચાંદ કી મંઝિલમેં તેરા જલ્વએ નૂર
નહીં કિસ આઈના કે ઘરમેં ઉજાલા તેરા
રાજ કિસ શહરમેં કરતે નહીં તેરે ખુદ્દામ
બાજ કિસ નહ્રસે લેતા નહીં દરયા તેરા
મઝરએ ચિશ્તો બુખારા વ ઈરાકો અજમેર
કૌનસી કિશ્ત પર બરસા નહીં ઝાલા તેરા
દિલે અઅ્દાકો **'રઝા'** તેઝ નમક કી ધૂન હૈ
ઈક ઝરા ઔર છિડકતા રહે ખામા તેરા

# બનાવટી જૂઠા પીરોને અસલ સાચા પીરોનો સંદેશ !

*તંત્રી લેખ.....*

વર્તમાન સમયમાં મુસ્લિમ જગતમાં અગણિત અજીબો ગરીબ ગુમરાહીઓ ફેલાય ગયેલી છે. અનેક બાતિલ ફિર્કાઓ વહાબી, અહલે ખબીષ, દેવબંદી, મૌદૂદી, શીઆ, રાફજી, ખારજી, કાદયાની વગેરે ઈસ્લામની જડો ખોખરી કરવામાં લાગેલા છે. તો બીજી બાજુ કહેવાતા પીર બાવાઓમાં અનેક બનાવટી સૂફી બનીને પોતાના અંગત સ્વાર્થ ખાતર કૌમને અવળે પાટે દોડાવી રહ્યા છે. આવા જૂઠા પીરો ઈલ્મે દીન હાંસલ કરતા નથી, શરીઅતની પાબંદી કરતા નથી અને પીરકા બેટા પીર ! પીરકા બેટા પીર ! એ રીતે પોતે અપાત્ર હોવા છતાં પીર તથા સજ્જાદગીના ગાદી વારસ બની શરીઅત વિરૂધ્ધ કામો કરી પબ્લિકને ગુમરાહ કરી રહ્યા છે. કેટલાક જાહિલ પીરો સૈયદની તાઝીમ અને સૈયદની મહોબ્બતના નામ પર શીઆ જેવા અકીદા અપનાવી સહાબાએ કિરામની ખુલ્લમ ખુલ્લા બેઅદબી પણ કરી રહ્યા છે, શીઆઓની બોલી, બોલી રહ્યા છે ! અને અવામને પણ એ માર્ગે દોરી ગુમરાહ કરી રહ્યા છે. અને કેટલાક કહેવાતા આલિમો પણ પોતાની વાહવાહી તથા અંગત સ્વાર્થમાં એવા જૂઠા પીરો, ગુમરાહ પીરોની ખુશામદમાં પડેલા છે જેનાથી અહલે સુન્નત અવામ ગુમરાહ થઈ રહી છે. કેટલાક ઠેકાણે સજ્જાદગીના મોહમાં અવનવા ગલત ષડયંત્રો તથા પ્રોપેગન્ડા કરીને સુન્ની અવામમાં ગલતફહમીઓ ફેલાવી તેમના ટુકડા કરવામાં આવી રહ્યા છે. કેટલાક તો બનાવટી સૈયદ બની બેઠા છે અને આખા ને આખા ઈલાકામાં આવા બેશરઅ પીરોના મુરીદો જોવા મળે છે ! આવી અનેક ગુમરાહીઓ તથા ખરાબીઓ મુસ્લિમ સમાજમાં ફેલાયેલી જોઈને ખરેખર એક ફિક્રમંદ સુન્નીનું દિલ કકડી ઉઠે છે કે આખરે આ કૌમનું શું થશે અને ક્યાં સુધી પબ્લિક આવા ધોકેબાઝો પાછળ દોરાતી રહીને પોતાની દુનિયા તથા આખેરત બર્બાદ કરતી રહેશે ?! આ બધી બાબતોને લક્ષમાં રાખીને ઈસ્લામના સાચા મશહૂર બુઝુર્ગોના આદેશો તથા કથનોને અત્રે રજૂ કરીએ છીએ જેનાથી ભોળી ભાળી અવામ સાચા પીર તથા સાચા વલીની ઓળખ પામીને ગુમરાહોથી બચી રાહે રાસ્ત પામી શકે.

## ★ શું સૂફી તથા પીરની આવી હરકતોને દીનમાં સ્થાન છે ? ★

એક ક્લિપ જોવા મળી જેમાં કોઈક ખાનકાહમાં કોઈ પીર બાવાની સામે એક કાકા મ્યુઝિકના તાલ સાથે કવ્વાલીમાં નાચી રહ્યા છે અને પીર જાતે નોટો ઉડાડી રહ્યા છે. પછી ધીરે ધીરે સામે ઉભી ઉભી તાળીઓ પાડી રહેલી યુવાન આધેડ સ્ત્રીઓ નાચવા લાગે છે અને પીર પાસે આવીને સૌ પ્રથમ એક આધેડ સ્ત્રી નાચતાં નાચતાં પીર સાહબને આલિંગન આપે છે, કેટલોય સમય પીર તેણી પર હાથ ફેરવતા રહે છે અને તેણી તથા બંનેવ જણ પોતાના હાથો એકબીજાને વિંટાવીને બાઝેલાં રહે છે ને પીર તેણી પર હાથ ફેરવતા રહે છે. આવી રીતે તે જ સ્ત્રી ત્રણ ચારવાર કેટલીક મિનિટો સુધી પીરને બાઝે છે અને તે દરમ્યાન અન્ય યુવાન સ્ત્રીઓ નાચતી કૂદતી બાવાને બાઝતી રહે છે, હાથો ચૂમતી રહે છે. હાજર લોકો તમાશો જોતા રહે છે ! પીરનો ફયઝ વહેંચાય રહ્યો છે ! શું ખ્વાજા સાહબના નામ પર ચરી ખાનારા જૂઠા પીરો બતાવે કે ખ્વાજા સાહબની મેહફિલો આવી હતી ? બુધ્ધિનું દેવાળુ ફૂંકી ચૂકેલા અંધ મુરીદો જેઓ આ જૂઠા બાવા પર નોટો ઉડાડી રહ્યા છે તેઓ વલી પીર અને સૂફી કેવા હોય તે સમજે અને ગુમરાહીમાંથી બહાર આવે. વળી બીજી ઘણી ક્લિપો આવા નાચ ગાનની મેહફિલો કરતા

પીરો અને જાહિલ મુરીદોની અવાર નવાર જોવા મળે છે. વળી ક્યાંક ઔરતો હાથ ચૂમે છે, પગો દબાવે છે, અને સિજદા કરે છે. બેપર્દા નામેહરમ ઔરતોને સામે બેસાડવી, હાથ ચૂમાડવા વગેરે તો એવા પીરોને ત્યાં જાણે સામાન્ય રિવાજ છે. તેમજ અજબ ગઝબના ડાન્સો પુરૂષો સ્ત્રીઓના થતા જોવા મળે છે અને ચલણી નોટોનો વરસાદ વરસતો રહે છે. એક U.K.ના ઓળખીતાએ મને સત્તાવાર ખબર આપી કે ફલાણા પીર જેમને દાઢી પણ ન હતી, તે રમઝાનમાં તરાવીહ પઢવા ન જતાં મારે ત્યાં આવીને ટી.વી. જોયા કરતા હતા, જ્યારે કે તેમના પણ દીવાના મુરીદો અમે જોયા છે ! આવાં બધા શરીઅત વિરૂધ્ધ કામો કરનાર પોતાને સૂફી જાહેર કરે છે, પીર બને છે, અનેક લોકો તેવાના મુરીદ બને છે અને બદનામી અહલે સુન્નતની થાય છે. અને આ ગૈર શરઈ હરકતો દેખાડીને કેટલાય બદ અક઼ીદા અજ્ઞાન સુન્નીઓને પોતાના તરફ ખેંચી જાય છે, અને ખેંચી ગયા છે. અહલે સુન્નત માટે આવા જૂઠા સૂફીઓ કલંક સમાન છે. પોતાની ખાનદાની ખ્યાતિ અને ઝબાનની ચાલાકીથી ભોળી ભાળી અવામને તેઓ ગુમરાહ કરી રહ્યા છે.

## ★ ઈસ્લામી દષ્ટિએ પીર કેવો હોવો જોઈએ ? ★

પીર થવા માટે કમસે કમ નીચેની **ચાર શરતો તેનામાં હોવી અનિવાર્ય** છે. એવું નથી કે *પીર કા બેટા પીર !* આ શરતો તેનામાં નથી તો તે ગમે તે ખાનદાનથી હોય પણ પીર નથી થઈ શકતો.

**(૧) "સુન્ની સહીહુલ અકીદાવાળા હોવું"** પીર જો સુન્ની સહીહુલ અક઼ીદાવાળો ન હોય તે પીર શું બનશે, પરંતું પોતે જ ગુમરાહ અથવા કાફિર હશે. એના હાથમાં હાથ આપવો શૈતાનના હાથમાં હાથ આપવા સમાન છે. આજે ઘણા ઉઘાડા બેદીન વહાબી–દેવબંદી કે જેઓ મુદ્દલમાં તો ઔલિયાએ કિરામનો ઈન્કાર કરનાર તથા દુશ્મન છે છતાં છેતરપિંડી માટે તેમણે પીરી મુરીદીની જાળ ફેલાવેલ છે. સાવધાન, એમનાથી સાવચેત રહેશો, નહીં તો ઈમાન પણ ગુમાવી બેસશો.

વળી કેટલાક જાહિલ પીરો ખૂબ જ શાણા બનીને બદ્અક઼ીદા વહાબી, દેવબંદી, શીઆ વગેરે સાથે તથા ગૈર ધર્મના સાધુ સંતોની સાથે એકતાના નામે મલતા જુલતા તથા તેમનાં સ્વાગત સન્માન કરતાં જોવા મળે છે. તો એવા લોકો શરીઅતની રૂએ પીર થવાને પાત્ર જ નથી. પીર મુતસલ્લિફ (કટ્ટર) સુન્ની હોવો જોઈએ.

**(૨) "પીર જાહેરી ઈલ્મમાં ઓછામાં ઓછો એટલો માહિતગાર હોવો જોઈએ કે બધી દીન માટે જરૂરી બાબતો (જરૂરીયાતે દીન)નો જાણકાર હોય. હરામ તથા હલાલ, હક઼ તથા બાતિલ, કુફ્ર તથા ઈમાનની વચ્ચે તફાવત કરી શકતો હોય. તે ઉપરાંત પોતાને જરૂરી બધા મસાઈલોમાં બીજા કોઈનો મોહતાજ ન હોય પરંતું પોતે જ દીની કિતાબોમાંથી પ્રાપ્ત કરી શકે."** જો પીરમાં એટલો ઈલ્મ નહીં હોય તો તે હક્કો બાતિલ, કુફ્ર તથા ઈમાન, હલાલ તથા હરામમાં તફાવત નહીં કરી શકે. ખાસ કરીને જરૂરિયાતે દીન જેના પર ઈમાનનો આધાર છે તો જ્યારે એનું જ્ઞાન નહીં હોય તો એના પર અમલ કેવી રીતે કરી શકશે ?! અને આજે નહીં તો કાલે ગુમરાહિયતના દલદલમાં ફસાવાનો ચોક્કસ ખતરો છે. એટલા માટે આવા બેઈલ્મ–જાહિલ પીરને પીર બનાવવો જાણે કે શૈતાનના મસ્ખરાને પીર બનાવ્યો ગણાશે. એનો ખુલાસો ઉપર આવી ગયો છે.

વળી એવા પણ પીર જોવામાં આવ્યા કે **બાક઼ાયદા મૂર્તિપૂજા કરી મુર્તદ બની ચૂક્યા** અને જ્યારે પબ્લિકમાં ઉહાપોહ થયો તો યેનકેન પ્રકારે વાયા વાયા થઈને તેમનુ તૌબાનામુ જાહેર થયું. પણ સવાલ એ છે કે

જેને કુફ્ર તથા ઈસ્લામની ખબર કે પરવા નથી તે પીર થઈ જ કેવી રીતે શકે ? છતાંય હઠધર્મી જુઓ કે હજીય લોકો તેમના મુરીદ રહ્યા છે અને થતા રહે છે ! અંધી અકીદતથી અલ્લાહની પનાહ !

**(૩) "પીર ફાસિક તથા ફાજિર ન હોય.** એટલે કે ઉઘાડે છોગે ગુનાહનું કામ કરતો ન હોય. મલતબ કે ખુલ્લમ ખુલ્લા શરીઅતની વિરૂધ્ધ વાતો કરવી, ઈસ્લામના અરકાનો નમાઝ, રોઝા વગેરેની પાબંદી ન કરવી, જૂઠ, ગીબત, હરામખોરી, ધોકાબાઝી, દાઢી મુંડાવવી અથવા મુઠ્ઠીથી કમ કતરાવવી, જાહેરમાં ફોટા પડાવવાનો શોખિન ન હોય, ટી.વી પર કે મોબાઈલ પર સિરિયલો, પિકચરો, રમતો વગેરે જોતો ન હોય. બેપર્દા નામેહરમ સ્ત્રીઓથી મિલન વગેરે અન્ય હરામ કામો કરતો ન હોય." **ફાસિક઼** તથા **ફાજિર** તો તે છે **જેની સાક્ષી (ગવાહી) સુધ્ધાં શરીઅતે માન્ય નથી** રાખી તેમજ નમાઝમાં તે **ઈમામ નથી બની શકતો** તો પછી દીની બાબતમાં એ તમારો **પીર કઈ રીતના થઈ શકે છે ?!** આજે અનેક એવા પીર તથા ખલીફા દાઢીમૂંડા જોવા મળે છે !

**(૪) હુઝૂર ﷺ સુધી સિલસિલાનો ક્રમ જોડાયલો હોય,** એટલે કે તમારા પીરથી લઈને હુઝૂર ﷺ સુધી શજરાના ક્રમમાં જેટલા પણ પીરો છે તે બધા શરતો મુજબ હોય. એમનામાંથી કોઈ એક પણ જો શરતો મુજબનો પીર (એટલે આ ચાર શરતોવાળો) નથી તો સિલસિલો (ક્રમ) જોડાયેલો રહેશે નહીં. કોઈ એક પણ શરતો મુજબ ન હોવાના કારણે ક્રમ તૂટી જશે અને ઉપરથી આવતા ફયઝ તથા બરકતોથી પણ વંચિત રહેવું પડશે. **એટલા માટે, હે લોકો ! સાવધાન ! થઈ જાવ કે કોઈના હાથમાં હાથ આપતાં પહેલાં પીરની સારી રીતે તપાસ કરી લો, કે એ પીરમાં ચારેય શરતો સમાયેલી છે કે નહીં. જો સમાયેલી હોય તો ઠીક, નહીં તો કોઈ બીજા શરતો મુજબના પીરની શોધ કરો.**

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہનો ઈર્શાદ છે કે કયામતના પહેલાં સુધી **દરેક જમાનામાં એક લાખ ચોવીસ હજાર (૧૨૪૦૦૦) વલી દુનિયામાં મૌજૂદ હશે.** તેથી એ પણ યાદ રાખો કે શરતોની પાબંદીને જોઈને પીર વિનાના રહેવાની કોશિશ પણ કરશો નહીં. ખુદાની મહેરબાનીથી આજે પણ ઘણા શરતો મુજબના પીરો અસ્તિત્વમાં છે એમની શોધમાં રહેવું જરૂરી છે. ઈન્શાઅલ્લાહ ! જરૂર એવા પીર પ્રાપ્ત થઈ જશે. જ્યારે આવા પીર મળી જાય ત્યારે તરત જ એમનો દામન પકડી લેવામાં આવે. પીરનો દામન પકડવાથી મળતા ફયઝ તથા બરકતોનો તાગ મેળવવા આરિફ બિલ્લાહ શઅરાની رحمۃ اللہ علیہના કથનને વાંચો. આપ ફર્માવે છે : "નિઃશંક ! બધા પેશ્વા (આગેવાનો) ઔલિયા તથા ઉલમા પોતપોતાના અનુસરવાવાળાઓની શફાઅત કરે છે. જ્યારે એમના મુરીદની રૂહ નીકળતી હોય, જ્યારે મુન્કર–નકીર તેમને પ્રશ્ન કરતા હોય, જ્યારે તેમનાથી હિસાબ લેવામાં આવે છે, જ્યારે તેમના આમાલ જોખવામાં આવે છે, જ્યારે તેઓ પુલસિરાત પર ચાલે છે, દરેક સમયે દરેક સ્થિતિમાં તેમની મદદ કરે છે. કદી પણ, કોઈ પણ જગ્યાએ કોઈ પણ પ્રસંગે ગાફિલ (બેદરકાર) થતા નથી. *(મિઝાનુશ્શરીઅતુલ્ કુબરા)*

## ★ જૂઠા સૂફીઓની પોલ ઉઘાડતાં મહાન બુઝુર્ગોનાં કથનો ★

આવા સૂફીઓના વિશે તરીકતના સરતાજ, શરીઅતના ઈલ્મના મોજાં મારતા સમંદર (સમુદ્ર) **હુજ્જતુલ ઈસ્લામ મુહમ્મદ ઈમામ ગઝાલી** رحمۃ اللہ علیہ પોતાની જગવિખ્યાત તસવ્વુફની કિતાબ **'કીમીયાએ સઆદત'**માં લખે છે કે :–

"પોતે પોતાની જાતને સૂફીના વેશમાં જાહેર કરવું અને એમની સિફત અને આદતો ધારણ ન કરવી કેવળ નિફાક તથા ઉઠાંતરાપણું છે. એ લોકો (બનાવટી સૂફી)માં સૌથી ખરાબ તે વ્યકિત છે જે સૂફીઓની થોડી વાતો યાદ કરી લઈ બેહૂદા (કઢંગો) બકવાસ કરે અને જાણે કે દુનિયાની પૈદાઈશથી લઈને કયામત સુધીનો ઈલ્મ પ્રાપ્ત થઈ ગયો છે ! ત્યારે જ તો આવી (સૂફીયાણી) વાતો કરી શકે છે. કયારેક તો આ વાતોનું ખરાબ પરિણામ એને ત્યાં સુધી પહોંચાડી દે છે કે ઉલમા અને એમના ઈલ્મને તિરસ્કારની દ્રષ્ટિથી જોવા લાગે છે, ને કદાચ શરીઅત પણ એમની દ્રષ્ટિમાં હલકી અને નાચીઝ જણાતી હશે. અને કહે છે કે શરીઅત તો અશકતો અને કમજોરોના માટે છે. જે લોકો તરીકતના રસ્તે સશકત અને મજબૂત થઈ ગયા છે એમને શરીઅત કાંઈ પણ હાનિ નથી પહોંચાડી શકતી. (એટલે કે શરીઅતને છોડી દેવામાં કોઈ નુકસાન નથી.) એટલે એમનો દીન તે 'દહ દર દહ' હોઝની હદ સુધી પહોંચી ગયો છે એટલા માટે કોઈ પણ વસ્તુથી નાપાક થતો જ નથી. (એટલે કે જેવી રીતે દહ દર દહ (૧૦×૧૦ હાથની હોઝ) હોઝમાં નાપાકી પડવાથી હોઝ નાપાક નથી થતી એવી રીતે તરીકત પર કદમ જમાવી દીધા પછી નમાઝ રોઝા છોડવાથી અને શરીઅતની પાબંદીથી અલગ થઈ જવાથી કાંઈ નુકસાન નથી) જ્યારે આ ગોદડીધારી (બનાવટી પીર સૂફી) આ દરજા પર પહોંચી જાય ત્યારે તેમનામાંના દરેકને (ઈસ્લામી બાદશાહે) કત્લ કરવું હજાર કાફિરોને કત્લ કરવાથી પણ અફઝલ છે. એટલા માટે કે મુસલમાનો પોતે પોતાની જાતને ખુલ્લા કાફિરોથી તો બચાવે જ છે પણ આ મલઊન પોતાની જાતને મુસલમાન કહેવડાવે છે અને (ખરેખર તો) ઈસ્લામને બાતિલ ઠરાવે છે (એટલા માટે મુસલમાનો પોતે પોતાને બચાવી નથી શકતા.)

**"સયફુલ ગૌષુલ આ'ઝમ"** નામની કિતાબમાં છે કે, **"બનાવટી સૂફી કહે છે કે** જ્યારે બંદો મહોબ્બતના સ્થાને (એટલે કે તરીકતમાં) પહોંચી જાય છે તો એના માટે શરીઅતની બધી અમરો નેહી (શરીઅતના હુકમો) રદ થઈ જાય છે. (એટલે કે માફ થઈ જાય છે,) એના કારણે તેઓ નમાઝ નથી પઢતા, રોઝા, નથી રાખતા, હરામને હલાલ સમજે છે. તેથી એટલા માટે આ બધા કાફિર જહન્નમી થઈ ગયા અને કાયમ માટે દોઝખમાં સબડીને અઝાબ ચાખતા રહેશે.

**"અન્વારુલ આરેફિન"** માં છે કે, "હઝરત મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہ ફર્માવે છે કે અહવાલ (કશ્ફની હાલત) શરીઅતના તાબા હેઠળ છે. અને શરીઅત કતઈ છે અને ખુદાની વહીથી સાબિત થયેલ છે. અને અહવાલ ઉમૂરે ઝન્ની (ધારણાથી નક્કી થયેલ) છે જે કશ્ફ અને ઈલ્હામથી સાબિત છે." એના પછી હઝરત ફર્માવે છે કે, "કેટલાક અધુરા દરવેશ (બનાવટી સૂફી) પોતાના કશ્ફ પર ભરોસો કરીને શરીઅતે મુતહ્હરાનો ઈન્કાર અને વિરોધ કરવા લાગે છે. **જો હઝરત મૂસા કલીમુલ્લાહ** علیہ السلام **પણ હુઝૂર** ﷺ**ના સમયમાં હોત તો એમને પણ નબી** ﷺ**ની પૈરવી કર્યા વગર કોઈ રસ્તો ન હતો. તો પછી આ કોરબાતિનો (દિલના આંધળા એટલે બનાવટી સૂફી)ને વિરોધ કરવાનો શું હક્ક છે ?"**

**"મરગૂબુલ કુલૂબ"**માં હુઝૂર ﷺની એક હદીષ નકલ કરવામાં આવી છે કે હુઝૂર ﷺ ફર્માવે છે, એટલે કે **જે શખ્સ ઈલ્મે દીન પ્રાપ્ત કર્યા વગર ઝાહિદ (દુનિયાથી મોઢું ફેરવી લઈને ખુદાની નજદીકી પ્રાપ્ત કરવાવાળો) બને છે તે જીવનના અંતકાળમાં પાગલ થઈ જાય છે."**

એટલા માટે **શેખ સઅદી** رحمۃ اللہ علیہએ શું સુંદર વાત કહી છે, કે "બેઈલ્મ ન તવાં ખુદારા સનાખ્ત" એટલે

કે **ઈલ્મે દીન વિના ખુદાને ઓળખી શકાતો નથી.** નાદાન, બેઈલ્મ બનાવટી સૂફીઓ કે જેઓ તરીક઼તના નશામાં ઈલ્મે દીન અને શરીઅતે મુતહ્હરાની હાંસી ઉડાવે છે (મશ્કરી કરે છે) એમને મારી વિનંતી છે કે તેઓ ઉપરની વાતોને ધ્યાનથી વાંચે અને બોધ પ્રાપ્ત કરે અને એના પર અમલ કરી શૈતાની ધોકાબાઝીથી બચવાની કોશિશ કરે એમાં જ ભલાઈ પણ છે અને છૂટકારો પણ.

**હઝરત જુનૈદ બગદાદી** رحمۃ اللہ علیہને લોકોએ વિનંતિ કરી કે કેટલાક લોકો એવા વહેમમાં રહે છે કે શરીઅતના હુકમો તો ખુદા સુધી પહોંચવાનો ઝરીયો હતો અને અમે પહોંચી ગયા છીએ. એટલે હવે અમારે શરીઅતની શું જરૂર ?! એના જવાબમાં હઝરતે જણાવ્યું કે તેઓ સાચુ કહે છે, તેઓ ચોક્કસ પહોંચી ગયા પણ કયાં સુધી? જહન્નમ સુધી ! ચોર, વ્યભિચારી આવા અકીદાવાળાઓથી વધુ સારા છે. પછી જણાવ્યું કે જો હું હજાર વરસ જીવંત રહું તો પણ ફર્ઝો અને વાજિબો તો મોટી વસ્તુઓ છે, જે નવાફિલ (નફલો) અને મુસ્તહબ જે નક્કી કરી લીધેલ છે તો શરઈ ઉઝર (મજબૂરી) વિના તેમાંથી કાંઈ પણ ઓછુ ન કરું. *(અલયુવાકેતુલ જવાહિર)*

**આ જ સૈયદુત્તાએફા હઝરત જુનૈદ બગદાદી** رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, "જેણે ન કુર્આન યાદ કર્યું ન હદીષ લખી એટલે કે જે શરીઅતના ઈલ્મથી માહિતગાર નથી તો તરીક઼તના વિષયમાં એનું અનુસરણ ન કરો અને **એને પોતાનો પીર ન બનાવો,** કારણ કે આપણો આ તરીક઼તનો ઈલ્મ એકદમ કુર્આન અને હદીષનો પાબંદ છે." *(રિસાલએ કુશૈરિયહ્)*

**બાયઝીદ બોસ્તામી અને શરીઅત :** સુલતાનુલ આરિફીન હઝરત બાયઝીદ બોસ્તામી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, "જો તમે કોઈ વ્યકિતને જુઓ કે એવી કરામત પામેલ છે કે હવા ઉપર પલાંઠી વાળી બેસી શકે છે તો એનાથી છેતરાશો નહીં, જ્યાં સુધી એ ન જુઓ કે ફર્ઝો તથા વાજિબો અને મકરૂહ તથા હરામ તદ્ ઉપરાંત શરીઅતની હિફાઝત માટેના જરૂરી આદબોમાં એની શું હાલત છે ? *(રિસાલએ કુશૈરિયહ)*

આ જ કારણ હતું કે એકવાર આ જ સુલ્તાનુલ આરિફીન પોતાના શાગિર્દોને સાથે લઈને એક બુઝુર્ગના દીદાર માટે તશરીફ લઈ ગયા જેણે પોતે પોતાને ઝાહિદ તરીકે પ્રખ્યાત કર્યો હતો. હઝરત જ્યારે ત્યાં પહોંચ્યા તો યોગાનુયોગ એ ઝાહિદ કાબા શરીફ તરફ થૂંકયો. હઝરત તુરંત ત્યાંથી પાછા વળી ગયા અને તેનાથી સલામ તથા વાતચીત પણ ન કરી ! અને ફર્માવ્યું કે આ વ્યકિત ખુદાના રસૂલ ﷺના આદાબોમાંથી એક અદબની તો સાચવણી કરતો નથી અને જે વસ્તુ (વિલાયત)નો એ દાવો કરે છે એને કઈ રીતે પાળતો હશે ? *(રિસાલએ કુશૈરિયહ)*

## ★ મુજદ્દિદ તથા વલી તે આનુ નામ !!! ★

આવો ! દોસ્તો ! 'વલીએ કામિલ' તથા 'મુજદ્દિદ'ની શી ખૂબીઓ હોય છે તે માટે ૧૪ મી સદીના મુજદ્દિદ એટલે કે **આશિક઼ે રસૂલ, મુજદ્દિદે આ'ઝમ, વલીએ કામિલ, આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત, ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી** તથા શાહઝાદાએ આ'લા હઝરત **તાજદારે અહલે સુન્નત, કુત્બે આલમ, મુફ્તીએ આ'ઝમે આલમ, હઝરત મુસ્તફા રઝાખાં** رضی اللہ عنہما બંનેના જીવનના પ્રસંગોની ઝલક જોઈએ :–

"નબીરએ હઝરત મુહદ્દિષે સૂરતી મૌલાના ક઼ારી અહમદ સાહબનું બયાન છે કે મદ્રસતુલ હદીષ પીલીભીતના વાર્ષિક જલસામાં હઝરત મોહદ્દિષે સૂરતી رحمۃ اللہ علیہની સાથે પીલભીતના મશ્હૂર બુઝુર્ગ શાહજી મુહમ્મદ

શેરમિયાં رحمۃ اللہ علیہને મળવા માટે તશરીફ લઈ ગયા. તો ત્યાં પહોંચતાં જોયું કે શાહ સાહબ બેપર્દા ઔરતોને (બેપર્દા સામે બેસાડીને) બયઅત કરી રહયા છે !! આ'લા હઝરત શરીઅતના હુકમોની ગૈરતના તકાઝા હેઠળ મુલાકત કર્યા વિના જ પાછા વળી ગયા.

જો બીજું કોઈ હોત તો નારાજ થઈ જાત ! પરંતુ શાહજી મિયાં સાહબ رحمۃ اللہ علیہનો બેનફસીપણાનો (નફસપરસ્તી ન હોવાનો) કમાલ તથા હક્પસંદીનો કમાલ એ રીતે પ્રદર્શિત થયો કે સાંજે જયારે આ'લા હઝરત બરેલી શરીફ તશરીફ લઈ જવા માંડયા તો શાહજી મિયાં رحمۃ اللہ علیہ સ્ટેશન સુધી છોડવા આવ્યા અને સવારના પ્રસંગ બાબતે અફસોસ જાહેર કર્યો અને ફર્માવ્યું કે, મૌલાના ! હવે પછીથી હું ઔરતોને પર્દા પાછળ બેસાડીને તેમનાથી બયઅત લેતો રહીશ ! (મુરીદ કરતો રહીશ). ત્યાર બાદ આ'લા હઝરતે તેમની સાથે મુસાફો કર્યો, ગળે મળ્યા. સુબ્હાનલ્લાહ *! (હયાતે આ'લા હઝરત, પેજ–૧૮૦)*

બહરુલ ઉલૂમ હઝરત અલ્લામા મુફતી અબ્દુલ મન્નાન رحمۃ اللہ علیہ ફર્માવે છે કે :–

હુઝૂર મુફતીએ આઝમ رضی اللہ عنہની મજલિસમાં તાવીઝ માટે સ્ત્રીઓ તથા પુરૂષોની ભીડ લાગેલી રહેતી હતી પણ શું મજાલ કે કોઈ સ્ત્રીનો હાથ પણ બેપર્દા થઈ જાય. જો કોઈથી નિષ્કાળજી થઈ કે આપનું ધમકાવવાનું શરૂ થઈ જતું ! **લાઈલાહ ઈલ્લલ્લાહ ! અસ્તગફિરુલ્લાહ ! અરે ! પોતાનો હાથ ઢાંક બેશરમ ! બુઢ્ઢાને તારો હાથ બતાવવા આવી છે !!!** અને આખી મહેફિલમાં સન્નાટો છવાઈ જતો અને દરેક પોતાના કપડાં સંભાળી લેતું !!! (આ હતી શરીઅતની પાબંદી ! આ હતી હરામ બાબતોની નફરત !)

આજે મસ્લેહતની વણજાર ચાલી રહી છે, આમ તથા ખાસે આ બાબતોથી બોધ લઈ શરીઅતના પાબંદ થવું જોઈએ તેમાં જ ઉલ્ટી ઈજ્જત વધી જશે.

## ★ પીરે સૈયદ જ હોવું જરૂરી નથી ! ★

ઘણા લોકોથી અને જાહિલ સૂફીઓથી એ સાંભળવામાં આવ્યું છે કે પીરના માટે આલી નસબ તથા આલે રસૂલ હોવું જરૂરી છે. **આ વાત તદ્દન જહાલત પર આધારિત છે.** જો આ જ વાત હોત તો સિલસિલએ આલિયા કાદરીયાના સદરુસ્સુદૂર **ગૌષે આ'ઝમ શૈખ અબ્દુલ કાદિર જીલાની હસની તથા હુસૈની સૈયદ** હતા તેઓ કદી પણ કોઈ ગૈર સૈયદને પોતાનો પીર ન બનાવતે. જો કે આપના પીર ગૈર સૈયદ હઝરત સઈદ મખ્ઝૂમી رضی اللہ عنہ (જેઓ કૌમે મખ્ઝૂમથી સંબંધિત) હતા. ગૌષે આ'ઝમના પીરોમાંથી હઝરત અબૂબક્ર શિબ્લી જે ખૂબ જ મહાન શાનવાળા બુઝુર્ગ થઈ ચૂકયા છે, તેઓ પણ સૈયદ ન હતા. એમની ઉપરના પીર સૈયદુત્તાઈફા (વલીઓના ગિરોહના સરદાર) હઝરત જુનૈદ બગદાદી, આપ પણ સૈયદ ન હતા. આપની ઉપરના પીર હઝરત સર્રી સકતી, તેઓ પણ સૈયદ ન હતા. એમની ઉપરના પીર કુત્બુલ અક્તાબ હઝરત મઅરૂફ કર્ખી رضی اللہ عنہ તે તો ઈસાઈ કુટુંબમાં પેદા થયા હતા ! આ પ્રમાણે બીજા બધા સિલસિલાઓમાં ઘણા સૈયદ ન હોય એવા પીર નજર આવશે. આનાથી બિલકુલ સ્પષ્ટ થઈ ગયું કે પીરના માટે **સૈયદ** જ હોવું જરૂરી નથી **પરંતું શરતો પ્રમાણેના હોવું અનિવાર્ય** છે. હા ! શરતો મુજબ હોય અને **સૈયદ હોય તો સોનામાં સુગંધ ભર્યા બરાબર ગણાશે!** પણ શરતો મુજબ નથી તો ગમે તે હોય પીર ન થઈ શકે. ❑❑❑



કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈર્ફાન

:: અઝ :: આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક :: મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

સૂરએ નિસાઅ્ મદીના તય્યિબામાં ઉતરી,
એમાં ૧૭૬ આયતો, ૨૪ રૂકૂઅ છે.

لَنْ یَّسْتَنْکِفَ الْمَسِیْحُ اَنْ یَّکُوْنَ عَبْدًا لِّلّٰہِ وَ لَا
الْمَلٰٓئِکَۃُ الْمُقَرَّبُوْنَ ؕ وَ مَنْ یَّسْتَنْکِفْ عَنْ عِبَادَتِہٖ وَ
یَسْتَکْبِرْ فَسَیَحْشُرُھُمْ اِلَیْہِ جَمِیْعًا ﴿۱۷۲﴾ فَاَمَّا الَّذِیْنَ
اٰمَنُوْا وَ عَمِلُوا الصّٰلِحٰتِ فَیُوَفِّیْھِمْ اُجُوْرَھُمْ وَ
یَزِیْدُھُمْ مِّنْ فَضْلِہٖ ۚ وَ اَمَّا الَّذِیْنَ اسْتَنْکَفُوْا وَ
اسْتَکْبَرُوْا فَیُعَذِّبُھُمْ عَذَابًا اَلِیْمًا ۙ۵ وَّ لَا یَجِدُوْنَ لَھُمْ
مِّنْ دُوْنِ اللّٰہِ وَلِیًّا وَّ لَا نَصِیْرًا ﴿۱۷۳﴾ یٰۤاَیُّھَا النَّاسُ قَدْ
جَآءَکُمْ بُرْھَانٌ مِّنْ رَّبِّکُمْ وَ اَنْزَلْنَآ اِلَیْکُمْ نُوْرًا
مُّبِیْنًا ﴿۱۷۴﴾ فَاَمَّا الَّذِیْنَ اٰمَنُوْا بِاللّٰہِ وَ اعْتَصَمُوْا بِہٖ
فَسَیُدْخِلُھُمْ فِیْ رَحْمَۃٍ مِّنْہُ وَ فَضْلٍ ۙ وَّ یَھْدِیْھِمْ اِلَیْہِ
صِرَاطًا مُّسْتَقِیْمًا ﴿۱۷۵﴾ؕ یَسْتَفْتُوْنَکَ ؕ قُلِ اللّٰہُ یُفْتِیْکُمْ فِی
الْکَلٰلَۃِ ؕ اِنِ امْرُؤٌا ھَلَکَ لَیْسَ لَہٗ وَلَدٌ وَّ لَہٗٓ اُخْتٌ فَلَھَا
نِصْفُ مَا تَرَکَ ۚ وَ ھُوَ یَرِثُھَآ اِنْ لَّمْ یَکُنْ لَّھَا وَلَدٌ ؕ فَاِنْ
کَانَتَا اثْنَتَیْنِ فَلَھُمَا الثُّلُثٰنِ مِمَّا تَرَکَ ؕ وَ اِنْ کَانُوْٓا اِخْوَۃً
رِّجَالًا وَّ نِسَآءً فَلِلذَّکَرِ مِثْلُ حَظِّ الْاُنْثَیَیْنِ ؕ یُبَیِّنُ اللّٰہُ
لَکُمْ اَنْ تَضِلُّوْا ؕ وَ اللّٰہُ بِکُلِّ شَیْءٍ عَلِیْمٌ ﴿۱۷۶﴾ؑ

## સૂરએ નિસાઅ્ની તફસીર

મસીહ ધૃણા નથી કરતો જરા પણ અલ્લાહનો બંદો બનવાથી[૫૬] અને ન નજીકીવાળા ફરિશ્તા, અને જે અલ્લાહની બંદગીથી ધૃણા અને ઘમંડ કરે તો કોઈ પળ વીતે છે કે તે એ બધાંને પોતાની તરફ હાંકશે[૫૭] (૧૭૨) તો તે જેઓ ઈમાન લાવ્યા અને સારા કામો કર્યા તેમની મજૂરી તેમને ભરપુર આપીને પોતાની કૃપાથી તેમને ઔર વધારે આપશે. અને તે જેમણે[૫૮] ધૃણા અને ઘમંડ કર્યા હતા, તેમને દુઃખદાયક સજા આપશે. અને અલ્લાહ સિવાયના પોતાનો કોઈ તરફદાર પામશે ન મદદગાર (૧૭૩) હે લોકો ! બેશક ! તમારી પાસે અલ્લાહ તરફથી સ્પષ્ટ દલીલ આવી[૫૯] અને અમે તમારી તરફ ઝળહળ તું નૂર ઉતાર્યું[૬૦] (૧૭૪) તો તે જેઓ ઈમાન લાવ્યા અને તેની રસ્સી મજબૂત પકડી લીધી તો નજીકમાં જ અલ્લાહ તેમને પોતાની રહમત અને ફઝ્લમાં દાખલ કરશે[૬૧] અને તેમને પોતાની તરફ સીધો માર્ગ દેખાડશે (૧૭૫) હે મહબૂબ ! તમને ફતવો પૂછે છે ? તમે કહી આપો કે અલ્લાહ તમને કલાલા[૬૨] બાબત ફતવો આપે છે, જો કોઈ પુરૂષ મરણ પામે જે બેઔલાદ છે[૬૩] અને તેની બહેન હોય, તો વારસમાં તેની બહેનનો

*અડધો (ભાગ) છે[૬૪] અને પુરૂષ પોતાની બહેનનો વારસદાર બનશે જો બહેનને ઔલાદ ન હોય[૬૫] પછી જો બે બહેનો હોય (તો) વારસામાં તેમના બે તૃતિયાંશ. અને જો ભાઈ બહેન હોય, પુરૂષો પણ અને સ્ત્રીઓ પણ તો પુરૂષોનો ભાગ બે સ્ત્રીઓ જેટલો. અલ્લાહ તમારા માટે સ્પષ્ટ વર્ણન કરે છે કે ક્યાંક ભટકી ન જાવ. અને અલ્લાહ દરેક વસ્તુ જાણે છે (૧૭૬)*

**:: સમજૂતી ::**

**૫૬. શાને નુઝૂલ** : નજરાનના ખ્રિસ્તીઓનું એક પ્રતિનિધિમંડળ સૈયદે આલમ ﷺની સેવામાં હાજર થયું, તેમણે હુઝૂરને કહ્યું, "તમે હઝરત ઈસાને એબ લગાડો છો કે હઝરત ઈસા અલ્લાહના બંદા છે." હુઝૂરે ફર્માવ્યું, "હઝરત ઈસા માટે એ નાનમની વાત નથી." ત્યારે આ આયત ઉતરી.

**૫૭** : અર્થાત આખેરતમાં એ ઘમંડની સજા આપશે.

**૫૮** : અલ્લાહની ઈબાદત કરવાથી.

**૫૯** : સ્પષ્ટ દલીલ એટલે સૈયદે આલમ ﷺની ઝાતે ગિરામી, જેમના સત્ય હોવા પર એમના મુઅજિઝા સાક્ષી છે. અને નકાર કરનારાઓની બુદ્ધિને આશ્ચર્યમાં નાખી દે છે.

**૬૦** : એટલે કુર્આને પાક.

**૬૧** : અને જન્નત તેમજ ઉંચા દરજ્જા આપશે.

**૬૨** : કલાલા તેને કહે છે જે પોતાની પાછળ ન બાપ મૂકી જાય ન ઔલાદ.

**૬૩. શાને નુઝૂલ** : હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہનું કહેવું છે કે તેઓ બીમાર હતા ત્યારે રસૂલે અકરમ ﷺ હઝરત સિદ્દીકે અકબરને સાથે લઈ ખબર લેવા આવ્યા. હઝરત જાબિર બેહોશ હતા, હુઝૂરે વુઝૂ ફર્માવ્યું, અને વુઝૂનું પાણી તેમના પર છાંટયું, તો હોશમાં આવ્યા, આંખ ઉઘાડીને જોયું તો હુઝૂર પધારેલા હતા, વિનંતી કરી, "હુઝૂર ! હું મારા માલની શી વ્યવસ્થા કરું ?" ત્યારે આ આયતે કરીમા ઉતરી. *(બુખારી, મુસ્લિમ)*

અબૂ દાઊદની રિવાયતમાં એવું પણ છે કે હુઝૂરે હઝરત જાબિરને કહ્યું, "હે જાબિર ! મારા ઈલ્મ પ્રમાણે તમારું મૃત્યુ આ બીમારીમાં નથી." આ હદીષથી અમુક મસ્અલા જાણવા મળ્યા.

**મસ્અલો** : બુઝુર્ગોના વુઝૂનું પાણી તબર્રૂક છે. અને તેને તંદુરસ્તી મેળવવા વાપરવું સુન્નત છે.

**મસ્અલો** : બીમારોની ખબર લેવા જવું સુન્નત છે.

**મસ્અલો** : સૈયદે આલમ ﷺને અલ્લાહ તઆલાએ ગૈબના ઈલ્મ આપ્યા છે. તેથી જ હુઝૂરને ખબર હતી કે હઝરત જાબિરનું મૃત્યું આ બીમારીમાં નથી.

**૬૪** : જો તે બહેન સગી અથવા બાપ તરફથી થતી હોય.

**૬૫** : અર્થાત બહેન બેઔલાદ (અવલાદ ન હોવું) મરણ પામે, અને ભાઈ હોય, તો તે ભાઈ તેણીના બધા માલનો વારસદાર બનશે.

**ઈન્તેકાલ પુરમલાલ !**

**કાવી** : મર્હૂમ યાસીન ઈબ્રાહીમ વોરાનો ઈન્તેકાલ ૩૦ રમઝાન હિ.સ. ૧૪૪૨ના રોજ થયો હતો. જેમના ઈસાલે સવાબ અર્થે માસ્તર સુલેમાન દોલા તરફથી **"બરકાતે ખ્વાજા" (માસિક)**ને રૂા. ૧૧૧/– લિલ્લાહ મળ્યા છે. જઝાકલ્લાહ ! અલ્લાહ કરીમ તેના હબીબ ﷺના સદકામાં મર્હૂમની મગફિરત ફર્માવે. (આમીન) –*તંત્રી*

# દર્સે હદીષે પાક

## મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

## એટલે મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત (ભાગ-૨)

**અઝ :** હકીમુલ ઉમ્મત હઝરત મુફતી **અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની** رحمۃ اللہ علیہ
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા-માસિક)*

*"ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે હું ગધેડી પર સવાર થઈને આવ્યો, જો કે હું એ દિવસે બાલિગ થવાની નજીક હતો અને રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم મિનામાં લોકોને દીવાલની આડ વિના નમાઝ પઢાવી રહ્યા હતા[૧]. હું અમુક સફોની આગળ પસાર થયો પછી ઉતરી પડયો. ગધેડીને છોડી મૂકી કે ચરતી હતી, અને પોતે સફમાં સામેલ થઈ ગયો. એનો મારા પર કોઈએ વાંધો ન લીધો[૨]". (મુસ્લિમ, બુખારી)*

**૧.** એટલે કે હુઝૂર صلی اللہ علیہ وسلمની સામે દીવાલ ન હતી. મેદાનમાં નમાઝ પઢાવી રહ્યા હતા લાઠી વગેરેનો સુતરો જરૂર હતો. કેમ કે ઈમામનો સુતરો સર્વ મુકતદીઓ માટે પૂરતો હોય છે એટલા માટે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما અહીં સૌથી સામે થઈને પસાર થઈ ગયા. જેથી આ હદીષ સુતરાની વિરુદ્ધ નથી. એટલા માટે ઈમામ બુખારી رحمۃ اللہ علیہ આ હદીષ આ પ્રકરણમાં લાવ્યા કે ઈમામનો સુતરો મુકતદીઓનો સુતરો છે. જેનાથી જાણવા મળ્યું કે હુઝૂર صلی اللہ علیہ وسلمની આગળ દીવાલના સિવાય કોઈ અન્ય સુતરો જરૂર હતો. દીવાલ ન હોવાનું દર્શાવ્યું છે સુતરાનું નહીં.

**૨.** આ હદીષ એ હદીષની તફસીર છે કે નમાઝને કૂતરો, ગધેડો, સ્ત્રી તોડી નાખે છે. એટલે કે એ હુકમ ત્યારે છે જ્યારે સુતરા વિના સામેથી પસાર થાય.

**(વિભાગ : ૨)** *"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યુ કે જ્યારે તમારામાંથી કોઈ નમાઝ પઢે તો પોતાના મોંની સામે કાંઈક રાખી લે[૧] જો ન પામે તો પોતાની લાઠી ખોસી દે. જો તેની પાસે લાઠી ન હોય તો લીટી તાણી લે, પછી જે ચીજ સામેથી પસાર થશે તો તેને નુકસાન પહોંચાડશે નહીં[૨]. (અબૂ દાઊદ, ઈબ્ને માજહ)*

**૧.** એટલે કે એક હાથ લાંબી અને એક આંગળ મોટી કોઈ ચીજ. જેમ કે પાછલી હદીષમાં સ્પષ્ટપણે વર્ણન થઈ ગયું. અમુક નમાઝી પોતાની સામે ચાકુ (છરી) કે પ્યાલો વગેરે રાખી લે છે એઓ સખત ગલતી કરે છે. તેઓ હદીષનો મતલબ નથી સમજ્યા.

**૨.** લીટી તાણવા વિશેની હદીષ મુઝતરીબ છે ઝઈફ પણ છે. જુઓ મિર્કાત, લમ્આત વગેરે. એટલા માટે મોટાભાગના ઉલમાએ એના પર અમલ ન કર્યો. તેઓ લીટી તાણવાને તદ્દન નિરર્થક સમજે છે. અમુકે ફર્માવ્યું કે એ લીટીના કારણે સામેથી પસાર થવાની અસર નમાઝ પર થશે નહીં અને પસાર થનાર ગુનેહગાર પણ થશે નહીં, એટલા માટે અહીં لَا يَضُرُّهٗ ફર્માવ્યું. એટલે કે નમાઝીને નુકસાન કરશે નહીં, ન તો પસાર થનારને. પણ સહીહ કૌલ જમહૂરનો છે, કેમ કે લીટી ન તો આડ બને છે ન તો કોઈને દેખાય આવે છે, જેથી એનું હોવું ન હોવું સમાન છે.

*"સહ્‌લ બિન અબી હષ્મહ رضی اللہ عنہ થી રિવાયત છે[1]. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે જ્યારે તમારામાંથી કોઈ સુતરાની તરફ નમાઝ પઢે[2] તો એની નજીક રહે, શૈતાન એની તરફ નમાઝ તોડી શક્શે નહીં[3]. (અબૂ દાઊદ)*

**૧.** આપ અન્સારી છે. અવસી છે. હિ.સ. ૩માં પેદા થયા. આપની કુન્નિયત અબૂ મુહમ્મદ અથવા અબૂ અમ્મારા છે. કૂફા વસવાટ કર્યો હતો. અમીર મુઆવિયહ رضی اللہ عنہ ના જમાનામાં ત્યાં જ વફાત પામ્યા. ઘણા બધા સહાબીઓએ આપનાથી રિવાયતો લીધી છે.

**૨.** અમુકે ફર્માવ્યું કે સુતરાથી ત્રણ હાથ એટલે દોઢ ગઝના અંતરે ઉભા રહેવું, પણ સહીહ એ છે કે સજદાની જગા જેટલુ દૂર રહેવું, એના માટે હદ નિશ્ચિત નથી કરી શકાતી, કેમ કે અમુક લોકો કદમાં ઊંચા હોય છે અમુક નીચા હોય છે.

**૩.** એટલે કે આ સુતરા અથવા નઝદીકીની બરકત એ થશે કે શૈતાન નમાઝમાં વસવસો નાખી શક્શે નહીં. જાણવા મળ્યું કે જેવી રીતે બિસ્મિલ્લાહની બરકતથી શૈતાન ખાવાથી દૂર રહે છે અને ખુલ્લા ઘડા પર લાકડી રાખી દેવાથી બલાઓ દૂર રહે છે એવી જ રીતે સુતરાની બરકતથી નમાઝીથી શૈતાન દૂર રહે છે. આ કુદરતી ચીજ છે.

*"હઝરત મિક્દાદ બિન અસ્વદ رضی اللہ عنہ થી ફર્માવે છે. મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ને લાકડી કે થાંભલો અથવા ઝાડની તરફ નમાઝ પઢતા નથી જોયા, પણ આપ તેને જમણી કે ડાબી બાજુ ભવાંઓની સામે રાખતા હતા[1]. અને તદ્દન એની સામે ન રહેતા હતા[2]." (અબૂ દાઊદ)*

**૧.** ફક઼ીહો ફર્માવે છે કે સુતરો નમાઝીની સામે ન હોય બલ્કે સહેજ ડાબી બાજુ કે જમણી બાજુ હટેલો હોય. આ મસ્અલાનો માખઝ આ હદીષ છે.

**૨.** એટલે કે સુતરાને નાકની સામે ન રાખે જેથી મૂર્તિપૂજકોની મુશાબેહત (મળતાપણુ) ન થઈ જાય, કેમ કે તેઓ પૂજા વખતે મૂર્તિ તદ્દન સામે રાખે છે. જો કે આ હદીષ ઝઈફ છે પરંતુ ફઝાઈલની છે જેથી સ્વીકાર્ય છે. નિસાઈમાં છે કે સુતરો ડાબા પાપણો પર રાખવામાં આવે. એટલા માટે ફક઼ીહો ફર્માવે છે કે જમણા કરતાં ડાબા પાપણો પર રાખવું અફઝલ છે. સુતરો કેમ કે શૈતાનને દૂર કરવા માટે છે અને શૈતાન ડાબી બાજુથી જ આવે છે. એટલા માટે જો નમાઝમાં થૂકવુ પડે તો ડાબી બાજુ થૂકે.

*"હઝરત ફઝ્‌લ બિન અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે અમારી પાસે રસૂલુલ્લ્લાહ صلی اللہ علیہ وسلم તશરીફ લાવ્યા. અમે અમારા જંગલમાં હતા અને આપની સાથે હઝરત અબ્બાસ હતા. આપે જંગલમાં નમાઝ પઢી. આપની સામે સુતરો ન હતો. અમારી એક ગધેડી અને કૂતરો આપની સમક્ષ ખેલતા રહ્યાં[1]. આપે એની પરવા ન કરી. (અબૂ દાઊદ) નિસાઈમાં એના જેમ જ છે."*

**૧.** કેમ કે એ જંગલમાં કોઈના પસાર થવાની સંભાવના ન હતી એટલા માટે સુતરો ખોસવામાં ન આવ્યો. એ કૂતરુ તથા ગધેડી અધિક અંતર પર હતાં એટલા માટે એની પરવા કરવામાં ન આવી. જેમ કે ફક઼ીહો ફર્માવે છે કે જંગલમાં નમાઝીની આગળથી એટલા દૂરથી પસાર થવું જાઈઝ છે કે જ્યારે નમાઝી સજદાના સ્થળે નજર રાખે તો ત્યાંની ચીજ મહેસૂસ ન થાય. જેથી આ હદીષ વર્ણન થઈ ગયેલી હદીષની વિરુદ્ધ નથી.

# હ઼દાઈક઼ે બખ્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

## ક઼સીદએ મેઅરાજિયહ : જશ્ને મેઅરાજુન્નબી ﷺ

**વો સરવરે કિશ્વરે રિસાલત જો અર્શ પર જલ્વાગર હુએ થે**
**નયે નિરાલે તરબ કે સામાં અરબ કે મહમાનકે લિએ થે**

*(સરવર = સરદાર, બાદશાહ. કિશ્વર = મુલ્ક. તરબ = ખુશી)*

**અર્થાત :** રિસાલત તથા નબુવ્વતના દેશના સરબરાહ તથા બાદશાહ (નબી અકરમ ﷺ) શબે મેઅરાજના જ્યારે અર્શે મુઅલ્લા પર જલ્વાગર થયા તો અરબના આ મહમાને ઝીશાનની ખુશીના માટે ખુશી ઉપજાવનારા તમામ સબબોને એકત્ર કરી દેવામાં આવ્યા, જેના નિરાલાપણા અને ઉમદાપણાનું વર્ણન નથી કરી શકાતું.

**ક઼સીદા મેઅરાજિયહ લખવાનો સબબ :** હઝરત શાહ તુરાબુલ હક્ક઼ ક઼ાદરી رحمۃ اللہ علیہ લખે છે કે આ'લા હઝરત رحمۃ اللہ علیہના આ ક઼સીદાનો સબબ એક શાઈરનો ક઼સીદો હતો જે મેઅરાજ શરીફથી જ સંબંધિત હતો જેને લઈને તે આ'લા હઝરતની પાસે આવ્યા અને સાંભળવાની દરખાસ્ત કરી. આપે ફર્માવ્યું કે અત્યારે મારી પાસે સમય નથી, તમો અસ્ર બાદ આવજો. જ્યારે અસ્ર બાદ તે આવ્યા તો આપે એ સમય સુધી પોતાનો આ મેઅરાજિયા ક઼સીદો સંપૂર્ણ ૬૭ શેઅરોનો લખી નાખ્યો અને ફર્માવ્યું, પહેલાં મારા પાસેથી કાંઈક સાંભળી લો જે મેં આપના ગયા પછી લખ્યું છે. આપે એની સામે જે પઢયું તો તે અચંબામાં પડી ગયો. અશ્આરની મઅનવિયત, શબ્દોનો ઉતાર ચઢાવ, જુમ્લા (વાક્યો)ની નશિસ્તો બરખાસ્ત અને સફરે મેઅરાજને એ અંદાઝમાં શેઅરોમાં પરોવ્યો કે શાઈર પોતાનો ક઼સીદો સંભળાવ્યા વિના જ પાછો જતો રહ્યો ! એટલે કે પોતાનો ક઼સીદો સંભળાવવાથી માફી ચાહી લીધી. ક઼સીદાએ મેઅરાજ કેવળ સફરે મેઅરાજ, મોઅજિઝાઓ તથા બનાવોનો સંગ્રહ જ નથી, બલ્કે એમાં હુઝૂર ﷺની તારીફ તથા તૌસીફમાં એક પુર વક઼ાર તરીક઼ાથી એવી મન્ઝરકશી કરવામાં આવી છે કે શાઈરોની અક્કલો દંગ તથા હેરાન છે. યક઼ીન જાણો કે ગુજરેલી સદીના શાઈરોના કલામની સામે જો આ'લા હઝરતનો કેવળ ક઼સીદએ મેઅરાજિયહ જ રાખી દેવામાં આવે તો તમામ શાઈરોના સર્વ કલામો પર આ એક ક઼સીદો જ છવાઈ જાય. જેમ કે એના પર બે ઈમાન અફરોઝ બનાવો જોઈ લો.

''પ્યારા આક઼ા ﷺના પ્યારા દીવાનાઓ ! આ તે જ ક઼સીદએ મેઅરાજિયહ છે કે ઉર્દૂના એક મશ્હૂર નઅત ગો શાઈર હઝરત મોહસિન કાકોરવીએ એકવાર પોતાનો ક઼સીદો સંભળાવવા માટે હઝરત ઈમામ

અહમદ રઝા رضی اللہ عنہની બારગાહમાં બરેલી શરીફ હાજરી આપી. તેમનો કૃસીદો પણ મેઅરાજિયહ જ હતો, જેનો મત્લઅ છે :

*સિમ્તે કાશીસે ચલા જાનિબે સુથરા બાદલ–બર્ક્ કે કાંધે પે લાઈ હૈ સબા ગંગાજલ*

ઝોહરની નમાઝ બાદ હઝરત મોહસિન કાકોરવીએ એના શેઅરો સંભળાવવા શરૂ કર્યા. હજી બે જ શેઅરો પઢી શક્યા કે હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہએ ફર્માવ્યું કે બસ કરો ! અસરની નમાઝ બાદ બીજા શેઅરો સાંભળવામાં આવશે. એ જ ઝોહર તથા અસ્રની દરમ્યાન આપે પોતાનો આ કૃસીદએ મેઅરાજિયા કહ્યો અને જ્યારે મજલિસ બેઠી તો પ્રથમ ઈમામ અહમદ રઝાએ પોતાનો કૃસીદો સંભળાવ્યો. તેને સાંભળીને હઝરત મોહસિને કહ્યું, મૌલાના ! હવે બસ કરો. આના પછી હું મારો કૃસીદો હવે સંભળાવી નથી શકતો.''

મુહદ્દિષે આ'ઝમે હિંદ હઝરત મૌલાના સૈયદ મુહમ્મદ અશરફી કછોછવી رحمۃ اللہ علیہ વર્ણવે છે કે લખનૌના સાહિત્યકારો (અદીબો)ની એક શાનદાર મેહફિલમાં આ'લા હઝરતનો કૃસીદએ મેઅરાજિયા મેં મારા ખાસ અંદાઝમાં પઢીને સંભળાવ્યો તો સૌ ઝુમવા લાગ્યા ! મેં એલાન કર્યું કે ઉર્દૂ અદબની દૃષ્ટિએ હું અદીબોનો ફૈંસલો આ કૃસીદાની ઝબાન (ભાષા)ના વિશે સાંભળવા ચાહું છું. તો સૌએ કહ્યું : એની ઝબાન તો કૌષર તથા તસ્નીમથી ધોએલી છે.

આ પ્રકારનો એક બીજો બનાવ પણ દિલ્હીમાં ઉપસ્થિત થયો તો ઉપસ્થિત રહેલા શાઈરોએ કહ્યું કે, ''અમને કાંઈ ન પૂછો ! આપ ઉમ્રભર પઢતા રહો અને અમો જીવનભર સાંભળતા રહીશું !''

**મેઅરાજનામા** : આ કૃસીદાએ મેઅરાજિયહના બારામાં જનાબ મિર્ઝા નિઝામુદ્દીન બેગ લખે છે કે રજૂ કરેલ મેઅરાજનામા કૃસીદાના અંદાઝમાં છે જેના ૧૬૭ શેઅરો છે. એની ટેકનિક અગાઉના સર્વ મેઅરાજનામાઓથી તદ્દન અલગ છે જેમનું નિરીક્ષણ કરવામાં આવેલ છે. એમાં મેઅરાજની રિવાયતોનું વર્ણન નથી બલ્કે એ સૌનું તેહનિયતનામુ છે જેમાં ભરપુર ખુશી તથા ચિંતનોના નગમાઓના બહાવે પૂરા કૃસીદાને પોતાની લપેટમાં લીધેલ છે.

**બહાર હૈ શાદિયાં મુબારક ચમનકો આબાદિયાં મુબારક**
**મલક ફલક અપની અપની લયમેં યહ ઘર અનાદિલકા બોલતે થે**

*(શાદિયાં = ખુશીઓ. મલક = ફરિશ્તાઓ. ફલક = આસમાન, લય = લહેજો, સૂર. ઘર = ગીત ગાવાનો એક અનોખો તરીકો. અનાદિલનું બહુવચન ઉન્દલીબ = બુલબુલ)*

**અર્થાત** : સર્વ ફરિશ્તાઓ તથા સર્વ આસ્માનો પોત પોતાના સુર તથા લહેજામાં બુલબુલોના અંદાઝમાં ગીત ગાતાં હતાં અને એકબીજાને કહી રહ્યાં હતાં કે આજે કેવી બહાર (વસંત) છે ?! આજની રાત કેટલી ખુશ્બુઓવાળી રાત છે ?! આજે બાગોમાં કેટલી રોનક છે ?! આજે જન્નતને કેવા અજીબ અંદાઝમાં સજાવવામાં આવી છે ?! આજે દોઝખને કેવી બુઝાવી દેવામાં આવી છે ! આ ખુશીઓ મુબારક થાય અને આ બાગોની આબાદીઓ તથા બહારો મુબારક થાય.

## ★ મેઅરાજ શા માટે કરાવવામાં આવી ? ★

હુઝૂર ﷺને મેઅરાજ એટલા માટે જ કરાવવામાં આવી કે મક્કાના કુરૈશીઓનું હુઝૂર ﷺની સાથે દુશ્મનીભર્યું વલણ, તાઈફમાં હુઝૂર ﷺ પર થનારા કાફિરો તરફના સિતમ અને પછી અબૂ તાલિબની વફાતના પછી કાફિરોનું બેહદ તકલીફો પહોંચાડવું. જેમ કે હુઝૂર ﷺએ એક દિવસે આ એહસાસોને પ્રદર્શિત કર્યા કે કાશ ! કોઈ મારો દોસ્ત હોત તો દીનને માટે મારા કામ આવત. કોઈ મારો સાથી હોત તો મારી ગમખ્વારી કરત. કોઈ મારો યાર હોત જે દિલદારી કરતો. હવે તો કાફિરોએ મને તદ્દન એકલો સમજીને અધિક પરેશાન કરવાનું શરૂ કરી આપ્યું છે. આમ કહ્યું અને હઝરત ઉમ્મે હાનીના ઘરે તશરીફ લઈ ગયા અને અલ્લાહની ઈબાદતમાં વ્યસ્ત થઈ ગયા. બસ, એ જ રાતે જિબ્રઈલે અમીને હાજર થઈને કદમો ચૂમીને અર્ઝ કર્યું : ان اللہ قد اشتاق الی لقائک یا رسول اللہ હે પ્યારા આકા ! ﷺ અલ્લાહ આપને અર્શ પર બોલાવીને આપને મળવા ચાહે છે, જેથી આપને બતાવે તથા દેખાડે કે જો એ લોકો આપની ઈજ્જત તથા તાઝીમથી આંધળા છે તો આવીને જોઈ લો, આસ્માનના ફરિશ્તા તથા જન્નતની હૂરો કેવી રીતે તમારી તાઝીમ કરે છે. જો તમે તાઈફના સફરમાં પથ્થરો ખાધા છે તો આસ્માન પર આવો અને જુઓ કે ફરિશ્તા તમારું કેવું સ્વાગત કરે છે અને મસ્જિદે અકસામાં આવીને જુઓ કે અલ્લાહના સર્વ નબીઓ કેવી રીતે તમારા ઈન્તેઝારમાં ઉભા છે, અને તમને પોતાનો ઈમામ માની રહ્યા છે, અને તમારી શાનના ખુત્બા પઢી રહ્યા છે.

આપના રુખે અન્વર (ચહેરા મુબારક)ની રોશની એ રીતે જલ્વો દેખાડી રહી હતી કે એની લહેરો અર્શ પર મેહસૂસ થઈ રહી હતી, અને નૂરના ફરિશ્તા પણ આશ્ચર્યમાં હતા કે આજે અમારી નૂરાનિયત કેમ મંદ પડી ગઈ છે. એવું લાગતુ હતું કે અલ્લાહે મેઅરાજની સફરના સર્વ રસ્તાઓ પર નૂરના મુજલ્લા વ મુસ્તફા આઈના લગાડી રાખ્યા છે, જેના ઝરીયા હુઝૂર ﷺનું નૂર અર્શ તથા ફર્શ પર છવાયેલું છે.

**વહાં ફલક પર યહાં ઝમીં મેં રચી થી શાદી મચી થી ધૂમેં**
**ઉધરસે અન્વાર હંસતે આતે, ઈધરસે નફહાત ઉઠ રહે થે**

**અર્થાત** : એ બાજુ આસ્માનો પર અને આ બાજુ જમીન પર ખુશીઓનો માહોલ હતો અને ધૂમ મચેલી હતી. આસ્માનોથી નૂરવાળા આકાની મેઅરાજની ખુશીમાં નૂરની વર્ષા થઈ રહી હતી. (જેવી રીતે દુલ્હાના આગમન પર ફૂલો વરસાવવામાં આવે છે) અને આ બાજુ જમીન પર ખુશ્બુઓ મહેકી રહી હતી અને ખૂબ ચહલ પહલ હતી, જેવી રીતે શાદીવાળા ઘરમાં હોય છે. કેમ કે હુઝૂર જમીનવાળાઓની જ બિગડી બનાવવાના માટે "આસ્માનવાળાઓ"ની પાસે જઈ રહ્યા છે.

**યહ છૂટ પળતી થી ઉનકે રુખકી કે અર્શ તક ચાંદની થી છટકી**
**વો રાત ક્યા જગમગા રહી થી જગહ જગહ નસબ આઈને થે**

*(છૂટ = આઝાદી, ફુરસત. અમુક જગાએ જ્યોત છે તજલ્લીના અર્થમાં. રુખ = ચહેરો. છટકી = વિખેરાઈ. નસબ = ઉભા કરેલા)*

**અર્થાત** : આપણા આકા તથા મૌલા ﷺના ચેહરાએ અન્વરથી રોશનીઓ ફૂટી ફૂટીને અર્શે મુઅલ્લા સુધી જઈ રહી હતી, જેવી રીતે ૧૪મી રાતના ચાંદને કારણે રાત જગમગી ઉઠે છે, એ જ પ્રમાણે હુઝૂર ﷺના

રુખે વદુહાનાં કિરણોથી પૂરો માહોલ રોશન હતો, જાણે કદમ કદમ પર આઈના લગાડી દેવામાં આવ્યા હતા જેથી રોશનીમાં કેટલાય ઘણો વધારો થઈ જાય.

**નઈ દુલ્હનકી ફબનમેં કા'બા, નિખરકે સંવરા સંવરકે નિખરા**
**હજર કે સદકે કમરકે ઈક તિલમેં રંગ લાખોં બનાવકે થે**

**અર્થાત :** મેઅરાજ કેમ કે મક્કા મુઅઝ્ઝમાથી થઈ (من المسجد الحرام الى المسجد الاقصىٰ) એટલા માટે એ રાતે કાબા જોનારો હતો. એવું લાગતું હતું જાણે દુલ્હને ખૂબ બનાવ શિંગાર કર્યો છે. એટલે કે *નિખર કે સંવરા સંવર કે નિખરા !*

તે શબ્દો નથી મળતા કે જેના વડે તર્જુમો કરવામાં આવે એટલે કે રોશન થઈને ખૂબ શણગાર પામ્યો. હુસ્નો જમાલની હદ થઈ ગઈ કે હજરે અસ્વદ જે કા'બા શરીફની કમરમાં તલની જેમ છે, એમાં પણ લાખો ખૂબસૂરતીઓના રંગ ભરેલા હતા જેના લીધે કા'બામાં ઔર પણ નિખાર તથા જમાલ (ખૂબસૂરતી) પેદા થઈ ગયો.

**કા'બાને દુલ્હન અને હુઝૂર ﷺને દુલ્હા કહેવું :** કા'બાને દુલ્હન કહેવું, જમીન તથા આસ્માનનું ખુશીઓ મનાવવું એવું મુહાવરાના રૂપે વપરાયું છે. જેવી રીતે મુબારક હદીષોમાં ફર્માવવામાં આવ્યું : ماست الجنة ميسا كما تميس العروس "જ્યારે હઝરત ઈમામ હસન તથા હુસૈન જન્નતમાં દાખલ થશે તો જન્નત નવી દુલ્હનની જેમ ખુશીથી ઝુમવા લાગશે. (તિબ્રાનીએ રિવાયત કરી મોઅજમે અવસતમાં ઉકબા તથા અનસ رضی اللہ عنہما તથા અવઝાઈમાં ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما) અને હુઝૂર ﷺએ મકામે અસ્કલાનને "અહદિયુલ ઉરૂસૈન" ઠરાવતાં ફર્માવ્યું કે અહીંથી સિત્તેર હજાર વ્યક્તિઓ હિસાબ વિના જન્નતમાં દાખલ થશે. (મુસ્નદે અહમદ અન અનસ رضی اللہ عنہ) કા'બાને ખુદ હદીષમાં દુલ્હન ફર્માવવામાં આવેલ છે. જુઓ કુવ્વતુલ કુલૂબ તથા અહયાઉલ ઉલૂમ. એમાં શું શક છે કે આપણા આકા ! ﷺ અલ્લાહની સલ્તનતના દુલ્હા છે.

જેમ કે મવાહિબે લદુન્નિયહમાં છે :–

هو صلى الله عليه وسلم راى صورة ذاته المباركة فى الملكوت فاذا هو عروس المملكة

આપ ﷺએ મેઅરાજમાં પોતાને જોયા તો પોતાને સલ્તનતે ઈલાહિયાના દુલ્હા પામ્યા. આ જ પ્રમાણે દલાઈલુલ ખયરાત, મતાલિઉલ મસર્રાત અને તેના ઉપરાંત ઘણી બધી કિતાબોમાં આપ ﷺના માટે ઉરૂસ (દુલ્હા)નો શબ્દ બોલવામાં આવેલ છે.

અને કાંઈ જરૂરી પણ નથી કે કેવળ તેને દુલ્હા દુલ્હન કહેવામાં આવે જેની શાદી થઈ રહી હોય. કેમ કે સૂરએ રહમાનને કુર્આનની દુલ્હન ઠરાવવામાં આવેલ છે. જેમ કે સહીહ હદીષમાં છે : لكل شئ عروس و عروس القران الرحمن *(બૈહકી, શોઅબુલ ઈમાન અન અલી رضی اللہ عنہ)*

હદીષમાં જુમ્આ શરીફને કયામતના દિવસે નવી દુલ્હન ફર્માવવામાં આવેલ છે. *(મુસ્તદરક લિલ્હાકિમ)*

એ જ પ્રમાણે નિહાયહ લિ ઈબ્નિ અષીર, અદુર્રુષ્ષમીનહમાં આ પ્રકારના હવાલા મૌજૂદ છે. العاقل تكفيه الاشارة બુધ્ધિશાળીને ઈશારો પૂરતો છે. *(ક્રમશઃ)*

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

**લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ
**અનુવાદક** : જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી

## ખિયારે શર્ત (છૂટછાટની શરત)

વેચનાર અને ખરીદનારને બન્નેને એ હક્ક છે કે તેઓ વેચાણને આખરી રૂપ ન આપે અને સોદામાં એવી શરત કરે કે જો એ મંઝૂર ન હોય તો વેચાણ ગણાશે નહીં, એને ખિયારે શર્ત કહે છે. આની જરૂરત વેચનાર અને ખરીદનાર બન્નેને પડે છે. કેમ કે કોઈક વાર વેચનાર અજાણતામાં પોતાની ચીજ ઓછી કિંમતમાં આપી દે છે તો કોઈ વખત ખરીદનાર પોતાની નાદાનીથી વધારે કિંમતમાં ખરીદી કરી નાખે છે અથવા વસ્તુની એને જાણકારી ન હોવાથી બીજાના મશ્વેરાની જરૂરત છે જેનાથી યોગ્ય નિર્ણય પર આવી શકાય. અને જો એ વખતે ખરીદવામાં નહીં આવે તો વસ્તુ જતી રહેશે અથવા તો વેચનારને શક છે કે ગ્રાહક હાથથી જતું રહેશે. આવી હાલતમાં શરીઅતે બન્નેને એ તક આપી છે કે બન્ને વિચાર કરી લે જો મંઝૂર ન હોય તો છૂટને કારણે સોદો રદ કરી દે. *(બહાર)*

**મસ્અલા** : છૂટ વેચનાર અને ખરીદનાર બન્ને પોતે પોતાના માટે કરે અથવા ફક્ત બન્નેમાંથી એક સોદાને નામંઝૂર કરી આપે. (બહાર)

**મસ્અલા** : ખિયારે શર્ત બંને પોત પોતાના માટે કરે અથવા કેવળ એક કરે અથવા કોઈ બીજા માટે એની શર્ત કરે, બધી જ રીતે દુરસ્ત છે. એવું પણ બની શકે છે કે સોદામાં છૂટની વાત ન થઈ હોય પરંતુ સોદા પછી એક બીજાને અથવા દરેક બીજાને અથવા કોઈ બીજાને છૂટ આપે. અલબત્ત, સોદાથી પહેલાં છૂટની શર્ત નહીં થઈ શકે. એટલે કે જો સોદો કરતા પહેલાં છૂટની વાત થઈ પરંતુ સોદામાં એની વાત ન થઈ તેમજ સોદા પછીથી પણ એની શર્ત ન કરી (દા.ત. વેચાણ પહેલાં એવું કહ્યું કે જે (માલ) હું તમને વેચું તેમાં મેં તમને છૂટ દીધી પરંતુ સોદો શર્ત વગર જ થઈ ગયો. સોદામાં શર્તની કોઈ વાત ન થઈ) તો છૂટ મળશે નહીં. *(દર વ રદ)*

**મસ્અલા** : જો વેચનાર અને ખરીદનાર બન્નેમાં મતભેદ પડે, એક કહે છે કે છૂટની શરત હતી બીજો કહે છે કે છૂટની વાત ન હતી તો છૂટની વાત કહેનારે પોતાનો ગવાહ રજૂ કરવો પડશે. જો ગવાહ રજૂ ન કરી શકે તો છૂટના ઈન્કાર કરનારની વાત વિશ્વાસપાત્ર ગણાશે. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : છૂટની મુદ્દત વધારેમાં વધારે ત્રણ દિવસની છે. એનાથી ઓછી થઈ શકે છે વધારે નહીં. જો કોઈ એવી વસ્તુ ખરીદી જે જલ્દી ખરાબ થઈ જાય એવી છે અને ખરીદનારને ત્રણ દિવસની છૂટ આપી હતી તો ખરીદનારને કહેવામાં આવશે કે સોદો મંઝૂર રાખ કે કેન્સલ કરી દે. જો છૂટ રાખ્યા વગર કોઈ ખરાબ થઈ જાય એવી વસ્તુ ખરીદી અને વસ્તુ કબ્જામાં લીધા સિવાય તેમજ એની કિંમત ચૂકવ્યા વગર ચાલી નીકળ્યો, પછી આવ્યો નહીં તો વેચનાર એ વસ્તુ બીજાને વેચી શકે છે.

*(ખાનિયા, રદ્દુલ્ મુહ્તાર, દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : સોદામાં છૂટની કોઈ શરઈ મુદ્દતની છૂટની વાત ન થઈ. ફકત એટલું કહે કે મને છૂટ છે અથવા મને છૂટ (આપેલી) છે તો આવી હાલતમાં છૂટ ફાસિદ છે. એ એવી હાલતમાં છે કે સોદામાં જ રૂબરૂ છૂટની વાત થઈ અને ત્રણ દિવસની અંદર

જાઈઝ કરી દીધી તો વેચાણ સહીહ થશે. જો સોદામાં છૂટની વાત ન હતી અને સોદા પછી એકે બીજાને કહ્યું કે તને અખત્યાર છે (છૂટની વાત કરવાનો) તો એ મજલિસ પૂરી થતાં સુધીની છૂટ ગણાશે. જો મજલિસ (બેઠક) પૂરી થતા સુધીમાં કંઈ ન કહ્યું તો છૂટની વાત પૂરી થઈ. પછીથી કંઈ કરી શકશે નહીં.

*(આલમગીરી, રદુલ્ મુહ્તાર)*

**મસ્અલા** : ત્રણ દિવસથી વધારે મુદત નક્કી કરવામાં આવી હતી પરંતુ હજુ ત્રણ દિવસ પૂરા થયા ન હતા તે દરમિયાન છૂટવાળાએ સોદાને મંઝૂર રાખ્યો તો એ વેચાણ સહીહ ગણાશે. જો ત્રણ દિવસ પૂરા થઈ ગયા અને સોદાને મંઝૂર ન રાખ્યો તો વેચાણ ફાસિદ થયું. *(હિદાયા વગેરે)*

**મસ્અલા** : ખરીદનારે વેચનારને કહ્યું કે જો ત્રણ દિવસમાં હું કિંમત ન ચૂકવું તો મારી અને તારી વચ્ચેનો સોદો કેન્સલ ગણાશે. એ પણ છૂટની શરત કહેવાશે. એટલે કે જો સમયમાં કિંમત ચૂકવી આપે તો વેચાણ દુરસ્ત થઈ જશે, નહીં તો વેચાણ કેન્સલ ગણાશે. ત્રણ દિવસથી વધારે સમયની વાત કરીને એવું જ કહ્યું હોય (ઉપર કહ્યા મુજબ) અને ત્રણ દિવસની અંદર કિંમત ચૂકવી દીધી તો વેચાણ સહીહ થઈ ગયું અને જો ત્રણ દિવસની અંદર વેચનાર પૈસા પાછા આપી દેશે તો સોદો ગણાશે નહીં *(દુરર ગુરર)*

**મસ્અલા** : વેચાણ થયું અને કિંમત પણ ખરીદનારે આપી દીધી અને એવું ઠર્યું કે ત્રણ દિવસની અંદર વેચનારે કિંમત પાછી આપી દીધી તો સોદો રહેશે નહીં. એ પણ છૂટની એક શરત જ છે. *(આલમગીરી)*

**મસ્અલા** : વેચનારે છૂટની શર્ત પોતાના માટે રાખી છે તો વેચેલો માલ એની માલિકીનો જ રહેશે. પરંતુ જો ખરીદનારે કબ્જો મેળવી લીધો (ભલે એ કબ્જો વેચનારની સંમતિથી કર્યો હોય કે વગર સંમતિથી) અને ખરીદનાર પાસે એ હલાક થઈ ગયો તો ખરીદનાર પર માલની વ્યાજબી કિંમત બદલામાં અદા કરવી વાજિબ છે અને માલના જેવો જ માલ હોય તો ખરીદનાર પર એના જેવો માલ આપવો વાજિબ છે અને જો વેચનારે સોદો રદ કર્યો તો પણ એ જ હુકમ છે. એટલે કે કિંમત કે એના જેવો જ માલ વાજિબ છે. વેચનારે પોતાની છૂટ પૂરી કરી અને સોદાને મંઝૂર રાખ્યો અથવા તો મુદત પછીથી તે ચીજ હલાક થઈ ગઈ તો પૈસા આપવાની જવાબદારી ખરીદનાર પર વાજિબ છે. એટલે કે જે કિંમત નક્કી થઈ હોય તે આપવી પડશે. જો વેચેલી વસ્તુ વેચનાર પાસે હલાક થઈ ગઈ તો વેચાણ રદ થયું. કોઈએ કંઈ લેવાનું દેવાનું રહેતું નથી અને જો વેચેલી વસ્તુમાં કોઈ ખરાબી પેદા થઈ ગઈ તો વેચનારની છૂટની શર્ત હજુ બાકી હોય તો પણ ખરીદનારને હક્ક છે કે તે ચીજ પૂરી કિંમત આપીને લે કે ન લે અને જો વેચનારે પોતે જ એમાં ખરાબી પેદા કરી હોય તો એ ખરાબી બરાબરની કિંમત ઓછી થઈ જશે. જે દિવસે ખરીદનાર કબ્જો મેળવે તે દિવસની વસ્તુની હાલતની કિંમત ચૂકવવી ખરીદનાર પર વાજિબ છે. *(દુર્રે મુખ્તાર, રદુલ્ મુહ્તાર)*

**મસ્અલા** : વેચનારને છૂટ રાખી હોય તો કિંમત ખરીદનારની માલિકીમાંથી ખારિજ થઈ જાય છે પરંતુ વેચનારની માલિકીમાં દાખલ થશે નહીં.

*(આલમગીરી)*

**મસ્અલા** : ખરીદનારે પોતાના માટે છૂટ રાખી છે તો વેચેલી વસ્તુ વેચનારની માલિકીમાંથી નીકળી ગઈ એટલે કે આવી હાલતમાં જો વેચનારે વેચેલા માલમાં કોઈ ફેરફાર કર્યો તો એ ફેરફાર સહીહ ગણાશે નહીં. (દા.ત. ગુલામ છે તેને આઝાદ કર્યો તો એ આઝાદ થયો ગણાશે નહીં) અને જો એવા સંજોગોમાં (હાલતમાં) જો વેચેલી વસ્તુ ખરીદનારને

ત્યાં હલાક થઈ ગઈ તો કિંમતના બદલામાં હલાક થઈ એટલે કે કિંમત આપવી પડશે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા :** વેચેલો માલ ખરીદનારના કબ્જામાં છે અને તેમાં કોઈ ખરાબી પેદા થઈ ગઈ. જો ખરીદનારે છૂટ રાખેલી હોય તો ખરીદનારને કિંમત આપવી પડશે અને જો છૂટ વેચનારે રાખી હોય તો ખરીદનાર પર કિંમત ચૂકવવી વાજિબ છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા :** ખરીદનારની છૂટની હાલતમાં કિંમતની માલિકી ખરીદનાર પાસેથી ખારિજ થતી નથી અને વેચેલો માલ વેચનારની માલિકીમાં ખારિજ થઈ જાય છે પરંતુ ખરીદનારની માલિકીમાં આવતો નથી. છતાં પણ જો ખરીદનારે વેચેલી વસ્તુમાં કોઈ ફેરફાર કર્યો (દા.ત. ગુલામ હતો, આઝાદ કરી દીધો) તો એ ફેરફાર સ્વીકૃત ગણાશે અને એ ફેરફારને વેચનારની સંમતિ ગણાશે.

*(હિદાયા વગેરે)*

**મસ્અલા :** ખરીદનાર અને વેચનાર બન્ને તરફથી છૂટ રાખેલી હોય તો વેચેલા માલની માલિકી વેચનાર પાસેથી ખારિજ થતી (જતી) નથી તેમજ ખરીદનારની કિંમતની માલિકી પણ ખારિજ થશે નહીં. પછીથી જો વેચનારે માલમાં કોઈ ફેરફાર કર્યો તો વેચાણ રદ થઈ જશે અને જો ખરીદનારે કિંમતમાં કોઈ ફેરફાર કર્યો અને કિંમત બાકી હોય (અર્થાત રોકડી ન હોય) તો ખરીદનાર તરફથી વેચાણ (સોદો) રદ ગણાશે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા :** ખરીદનારને છૂટ હતી અને માલ (વસ્તુ) પર કબ્જો મેળવી લીધેલો હતો. પછીથી એને પાછો આપી દીધો. વેચનાર કહે છે કે આ તે માલ (વસ્તુ) નથી. ખરીદનાર કહે છે કે આ તે જ માલ છે. તો સોગંદપૂર્વક ખરીદનારની વાત વિશ્વાસપાત્ર ગણાશે. જો વેચનારને ખાત્રી જ હોય કે આ માલ તે નથી છતાં પણ વેચનાર જ એનો માલિક ગણાશે અને તે વેચનારના આધારે ફિક્સ કિંમતવાળો સોદો ગણાશે. *(આલમગીરી, દુર્રે મુખ્તાર)*

**મસ્અલા :** જેને માટે છૂટ રાખવામાં આવી હોય ભલે તે વેચનાર હોય કે ખરીદનાર હોય કે અન્ય કોઈ અજનબી હોય જ્યારે પણ એણે સોદો મંઝૂર રાખ્યો તો વેચાણ પૂરું થયું ગણાય. બીજાને એની ખબર હોય કે ન હોય. અલબત્ત, જો બન્નેને છૂટ હતી તો ફક્ત એકના કહેવાથી એને જાઈઝ (સોદો મંઝૂર) કરવાથી વેચાણ પૂરું થશે નહીં. કેમ કે બીજાને એ (સોદો) રદ કરવાનો હક્ક પ્રાપ્ત છે. જો તે રદ કરી આપે તો એના જાઈઝ કરવાથી (સોદો મંઝૂર રાખવાથી) કોઈ ફાયદો થશે નહીં.

*(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા :** છૂટ ધરાવનાર જો સોદો રદ કરે તો એમાં બે પ્રકારની વાત હોવી જોઈએ. મૌખિક કહીને સોદો રદ કરે તો મુદ્દતની અંદર બીજાને એ વાતની જાણ થઈ જવી જરૂરી છે અને જો બીજાને ખબર જ ન હોય અથવા મુદ્દત પૂરી થયા પછી એને ખબર પડે તો (સોદો) રદ કરવો સહીહ ગણાશે નહીં, વેચાણ થયું ગણાશે. અને બીજી વાત જો પોતાના કોઈ કાર્યથી સોદો રદ કર્યો તો બીજાને (સામાવાળાને) એની ખબર ન હોય તો પણ સોદો રદ થઈ જશે.) દા.ત. માલમાં એવા પ્રકારનો કોઈ ફેરફાર કર્યો કે જે માલિકો કરતા હોય છે જેમ કે વેચેલો માલ ગુલામ છે. (ગુલામને વેચ્યો છે) એને આઝાદ કરી દીધો અથવા વેચી દીધો અથવા તો બાંદી હતી તેની સાથે સંભોગ કર્યો અથવા એને ચુંબન કર્યું અથવા તો વેચેલા માલને ખૈરાત કરીને કે ગીરવી મૂકીને બીજાને હવાલે કર્યો, અથવા ઈજારા પર આપ્યો અથવા ખરીદનારને કિંમત માફ કરી આપી, અથવા મકાન હતું જે બીજાને રહેવા આપી દીધું ભલે ભાડુ

લીધા વગર અથવા એમાં નવું બાંધકામ કર્યું, અથવા મરામત કરાવી, કેહગલ કરાવી અથવા પાડી નાખ્યું અથવા તો કિંમતમાં ફેરફાર કર્યો (રોકડી કિંમત ન હતી) આવા સંજોગોમાં (આવા તમામ પ્રકારમાં) સોદો રદ થઈ ગયો (વેચાણ રદ ગણાશે) ભલે ને મુદ્દતની અંદર બીજાને (સામાવાળાને) ખબર ન પડી હોય તો. *(આલમગીરી, દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : જેને માટે છૂટ રાખવામાં આવી હોય તેણે કહ્યું કે મને સોદો મંઝૂર છે, અથવા વેચાણ પર (સોદામાં રાજી છું) અથવા મને આપેલી છૂટ હું રદ કરું છું અથવા એવા પ્રકારની કોઈ એવી વાત કરી તો છૂટ રદ થશે અને સોદો મંઝૂર રહેશે (વેચાણ લાઝિમ થયું) અને જો એવું કહે (બોલે) કે મારો ઈરાદો લેવાનો છે અથવા મને આ ચીજ પસંદ છે અથવા મને એની (લેવાની) ઈચ્છા છે તો છૂટ બાતિલ થશે નહીં. *(આલમગીરી, રદ્દુલ્ મુહ્તાર)*

**મસ્અલા** : જેના પક્ષમાં છૂટ રાખવામાં આવી હતી તે મુદ્દતની અંદર ગુજરી ગયો તો છૂટ રદ થઈ. એવું બની શકશે નહીં કે એના મૃત્યુ પામવાથી એના વારસદાર માટે છૂટ બાકી રહેશે. એટલા માટે કે છૂટમાં વારસાઈ લાગુ પડતી નથી. એ રીતે જો બેહોશ થઈ ગયો, અથવા ગાંડો બની ગયો, અથવા સૂતો જ રહી ગયો અને મુદત પૂરી થઈ ગઈ તો છૂટ રદ થઈ ગઈ. જો ખરીદનારને માલિક બનાવીને કબ્જો આપી દીધો તો વેચનારની છૂટ રદ થઈ ગઈ અને માલિક બનાવ્યા વગર પોતાના તરફથી છૂટ રાખીને કબ્જો આપ્યો તો (પોતાનો) અધિકાર બાતિલ થશે નહીં. *(આલમગીરી, દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : ખરીદનારને છૂટ આપેલી છે તો જ્યાં સુધી આપેલી મુદ્દત પૂરી ન થાય ત્યાં સુધી કિંમતની માગણી કરી શકતો નથી તેમજ કબ્જો સુપરત કરવાનો આગ્રહ વેચનારને કરી શકાશે નહીં. અલબત્ત, જો ખરીદનારને કિંમત ચૂકવી આપી હોય તો વેચનારે માલ આપી દેવો પડશે. એ રીતે જો વેચનારે માલ સુપરત કરી દીધો તો ખરીદનારે પૈસા આપી દેવા પડશે પરંતુ સોદો રદ કરવાનો અધિકાર રહેશે. જો વેચનારને અખત્યાર છે અને ખરીદનારે પૈસા આપી દીધા છે અને માલ મેળવવા ઈચ્છે છે તો વેચનાર કબ્જાથી રોકી શકે છે પરંતુ જો એવું કરશે તો કિંમત પાછી આપવી પડશે.

*(આલમગીરી)*

**મસ્અલા** : ખરીદનાર માટે છૂટ નક્કી કરેલી છે અને તેણે માલમાં ચકાસણીના કારણે કોઈ ફેરફાર કર્યો અને એણે જે કર્યું તે પોતાની માલિકીમાં ન હોય તો પણ કરી શકે છે તો એને કારણે છૂટ રદ થશે નહીં અને તે કામ (કાર્ય) એવું હોય કે જે માલની ચકાસણી માટે જરૂરી નથી અથવા તો તે કામ પોતાની માલિકીમાં ન હોય તેવા સંજોગોમાં કોઈ પણ રીતે જાઈઝ નથી તો એમ કરવાથી છૂટ રદ થશે. દા.ત. ઘોડા પર એકવાર સવાર થઈ ગયો અથવા કપડાને એકવાર એટલા માટે પહેર્યું કે તે શરીર પર માપસાર (ઠીક રીતે) આવી રહે છે કે નહીં ? અથવા તો નોકરાણી પાસે કામકાજ કરાવ્યું કે જોઈએ એ કામ કરવું જાણે છે કે કેમ ? તો એમ કરવાથી શરત રદ થશે નહીં અને જો બે વખત સવારી કરી, બે વખત કપડું પહેર્યું કે બે વખત કામકાજ કરાવ્યું તો શરત રદ થઈ ગઈ. અને જો ઘોડા પર એક વખત સવાર થઈને એક પ્રકારની ચાલની પરીક્ષા કરી, બીજી વખત બીજા પ્રકારની ચાલ માટે સવાર થયો અથવા નોકરાણી પાસે બીજા વખત બીજું કામ કરાવ્યું તો અખત્યાર બાકી રહેશે. *(આલમગીરી)* *(ક્રમશઃ)*

**બરકાતે ખ્વાજા (માસિક)ના**
**ગ્રાહક બનો અને બનાવો !**

## અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ

હપ્તો : ૧૦

**૩૨. જગહ કમ હોને કી સૂરત મેં ક્યા ઈસ તરહ જમાઅત કાઈમ કર સકતે હૈં કે પેહલી સફ ઈમામ સે ૧ ફિટ યા ઉસસે કુછ કમ પીછે ઈસ તોર પર લગાઈ જાએ કે ઈમામ કે પીછે એક દો મુક઼્તદી ન ખળે હોં ?**

બા'ઝ જગહ પર મસાજિદ મેં યે દેખા જાતા હે ઔર ઈસ કે બારે મેં સવાલાત ભી આતે હૈં કે મસ્જિદ મેં જગહ કમ હોને કી સૂરત મેં ઈસ તરહ જમાઅત ક઼ાઈમ કી જાતી હે કે પેહલી સફ ઈમામ કે કુછ પીછે ઈસ તરહ લગાઈ જાતી હે કે યે ઈમામ કે પીછે એક દો મુક઼્તદી ખળે નહીં રેહ પાતે ઔર ઉતની જગહ ખાલી છોળ દી જાતી હે.

ઐસા કરના **અગરચે જગહ કમ** હો ફિર ભી યે **મકરૂહે તેહરીમી** હે. બલ્કે ઈસ સૂરત મેં સફ ક઼ાઈમ કરને કા સહીહ તરીક઼ા વોહ હે જિસે આ'લા હઝરત رحمۃ اللہ علیہ ને બયાન ફર્માયા હે. ચુનાંચે આપ સે પૂછા ગયા કે :–

"અગર ઈમામ કો મુક઼્તદી કી સફ કે આગે ખળે હોને કી જગહ નહીં હે તો ઈમામ સફે મુક઼્તદી મેં કિસ સૂરત સે ખળા હો, આયા ઈમામ મુક઼્તદી સે કુછ ઈમ્તિયાઝ કે વાસ્તે આગે ખળા હો યા મુક઼્તદી ઈમામ કી દોનોં જાનિબ યા'ની દાહની બાઈ ઈમામ કે પેર કે બરાબર ખળે હોં ?"

ઈસ કે જવાબ મેં આપને તેહરીર ફર્માયા :–

"જબ સિર્ફ એક મુક઼્તદી હો તો સુન્નત યહી હે કે વોહ ઈમામ કે બરાબર દાહની તરફ ખળા હો મગર ઈસ કા લિહાઝ ફર્ઝ હે કે ક઼િયામ, કુઉદ, રુકૂઅ, સુજૂદ કિસી હાલત મેં ઉસ કે પાઉં કે ગટ્ટા (યા'ની પાઉં મેં જો બાહર નિકલી હૂઈ હડ્ડી હોતી હે વોહ) ઈમામ કે ગટ્ટે યે આગે ન બળ્હે. ઈસ એહિતયાત કે લિયે ઈમામ મુહમ્મદ رضی اللہ عنہ યે ફર્માતે હૈં કે યે અપના પંજા ઈમામ કી એળી કે બરાબર રખે, ઔર અગર દો મુક઼્તદી હો તો અગર ચે સુન્નત યહી હે કે પીછે ખળે હોં, ફિર ભી અગર ઈમામ કે દાહને બાએં બરાબર ખળો હો જાએંગે હરજ નહીં. **મગર દો સે ઝયાદા મુક઼્તદિયોં કા ઈમામ કે બરાબર ખળા હોના યા ઈમામ કા સફ સે કુછ આગે બળ્હા હોના કે સફ કી ક઼દ્ર જગહ ન છૂટે** (જૈસા કે સવાલ મેં સૂરત બતાઈ ગઈ.) **યે નાજાઈઝ વ ગુનાહ હે નમાઝ મકરૂહે તહરીમી વાજિબુલ્ ઈઆદા હોગી,** અગર મુક઼્તદિયોં કી કષરત ઔર જગહ કી ક઼િલ્લત હે તો બાહમ સફોં મેં ફ઼ાસ્લા કમ છોળેં, પિછલી સફ અગલી સફ કી પુશ્ત પર સજદા કરે ઔર ઈમામ કે લિયે જગહ બક઼દ્રે ઝરૂરત પૂરી છોળેં."

*(ફતાવા રઝવિય્યહ, જિલ્દ : ૭, સફહા : ૨૦૨)*

**33. નાબાલિગ બચ્ચા અગર બાલિગ કી સફ મેં ખળે હો કર નમાઝ શુરૂઅ કર દે તો ક્યા અબ ઉસ કે ખીંચ કર પીછે હટા દેને મેં કોઈ હરજ નહીં ?**

બા'ઝ લોગોં કો દેખા જાતા હૈં કે અગર કોઈ નાબાલિગ બચ્ચા બાલિગ કી સફ મેં આકર ખળા હો ગયા ઔર નમાઝ શુરૂઅ કર દી તો વોહ ઉસે પીછે હટા કર ઉસ કી જગહ પર ખળે હો જાતે હૈં ઈસ કે હવાલે સે શરીઅત કા હુકમ યે હે કે;

અગર વોહ નાબાલિગ સમજદાર નહીં, નમાઝ કો સહીહ તરીકે સે પળ્હના નહીં જાનતા તબ તો ઉસે પીછે હટા દિયા જાએ. લેકિન અગર વોહ સમજદાર

➻ **અઝ : હઝરત મુફ્તી સાબિર નજમી મિસ્બાહી** *(સદર મજલિસે ક઼ઝા ઈદારા શરઈય્યહ–ભરૂચ, C/o. દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ, જિ. ભરૂચ)*

હૈ, નમાઝ સહીહ તરહ પળ્હના જાનતા હૈ તો **ઐસે નાબાલિગ બચ્ચે કો નમાઝ શુરૂઅ કરને કે બા'દ પીછે હટાના જાઈઝ નહીં.** જૈસા કે "ફતાવા રઝવિય્યહ્"મેં હૈ :–

"બા'ઝ બે ઈલ્મ જો યે ઝુલ્મ કરતે હૈં કે લળકા પહેલે સે દાખિલે નમાઝ હૈ અબ યે આએ તો ઉસે નિય્યત બંધા હુવા હટા કર કિનારે કર દેતે હૈં ઔર ખૂદ બીચ મેં ખળે હો જાતે હૈં યે મહઝ જહાલત હૈ." *(ફતાવા રઝવિય્યહ્, જિલ્દ : ૭, સફહા : ૫૨)*

**૩૪. ક્યા સફ મેં હર નમાઝ કા કંધે સે કંધા મિલના ઝરૂરી હૈ ?**

"બા'ઝ અવામ મેં યે ખયાલ પાયા જાતા હૈ કે નમાઝ કી સફેં લગાને મેં હર નમાઝ કા કંધે સે કંધા મિલના ઝરૂરી હૈ. યહી વજહ હૈ કે ઐસે લોગ છોટે કદ (હાઈટ)વાલે બાલિગ બચોં કો સફ સે પીછે યા કિનારે કર દેતે હૈં ઔર ઉસ કી વજહ બતાતે હૈં અગર વોહ બીચ મેં ખળે રહેંગે તો કંધે સે કંધા નહીં મિલ પાએગા. હાલાં કે સફે લગાને મેં શરઅન્ યે ઝરૂરી નહીં કે હર નમાઝી કા કંધા દૂસરે કે કંધે સે મિલા હુવા હો બલ્કે સિર્ફ યે ઝરૂરી હૈ કે સબ કે કંધે બરાબર હો ઔર બીચ મેં જગહ ન છૂટી હો."

બહારે શરીઅતમેં હૈ : "સફેં મિલ કર ખળી હોં કે બીચ મેં કુશાદગી ન રેહ જાએ ઔર સબકે મૂંધે બરાબર હોં."

*(બહારે શરીઅત, જિલ્દ : ૧, હિસ્સા : ૩, સફહા : ૫૮૬)*

**૩૫. અગર ઝોહર કી ચાર રકઅત સુન્નત ફર્ઝ સે પેહલે ન પળ્હ પાએ તો ક્યા ઉસે કે બા'દ મેં નહીં પળ્હના હૈ ?**

અકષર અવામ યહી સમજતી હૈ કે અગર ઝોહર કી ચાર રકઅત સુન્નત ફર્ઝ સે પહલે ન પળ્હ પાએ ઔર ફર્ઝ પળ્હલી તો અબ ઉસ સુન્નત કો નહીં પળ્હના હૈ ઔર ઉસે ફર્ઝ કે બા'દ પળ્હને કી ઈજાઝત નહીં. જબ કે હુકમે શરઅ યે હૈ કે છૂટી હૂઈ ચાર રકઅત સુન્નત કો ફર્ઝ કે બા'દ પળ્હે ઔર બેહતર યે હૈ કે દો રકઅત સુન્નત કે બા'દ ઉન કો પળ્હે. જૈસા કે "બહારે શરીઅત"મેં હૈ :–

"ઝોહર યા જુમ્આ કે પેહલે કી સુન્નત ફોત હો ગઈ ઔર ફર્ઝ પળ્હ લિયે તો અગર વક્ત બાકી હૈ બા'દ ફર્ઝ કે પળ્હે ઔર અફઝલ યે હૈ કી પિછલી સુન્નતેં પળ્હકર ઉન કો પળ્હે." *(બહારે શરીઅત, જિલ્દ : ૧, હિસ્સા : ૪, સફહા :૬૬૪)*

**૩૬. જિસને ફર્ઝ સે પેહલે ઝોહર કી ચાર રકઅત સુન્નત નહીં પળ્હી ક્યા વોહ ઝોહર કી નમાઝ પળ્હા સક્તા હૈ ?**

જિસને ફર્ઝ સે પેહલે ઝોહર કી ચાર રકઅત સુન્નત નહીં પળ્હી ઔર અભી ઈતના વક્ત હૈ કે સુન્નત ઔર ફર્ઝ પળ્હી જા સક્તી હૈં તો **ઐસે શખ્સ કા બગૈર સુન્નતેં પળ્હે ઝોહર કી નમાઝ પળ્હાના મકરૂહ વ નાજાઈઝ હૈ. ઈસ મસ્અલે સે કુછ અઈમ્મએ મસાજિદ વ એહલે ઈલ્મ નાવાકિફ હૈં. લિહાઝા વોહ અપની ઈસ્લાહ ફર્માએં.**

"આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ખાન رحمۃ اللہ علیہસે સવાલ કિયા ગયા કે :–

"વોહ શખ્સ જિસને ફજ્ર કી સુન્નતેં ન પળ્હી હોં ઔર દસ બારહ મિનટ તુલૂઅ મેં બાકી હો નમાઝ પળ્હા સકતા હૈ યા નહીં ? ઈસી તરહ ઝોહર કી સુન્નત બે પળ્હે ઈમામત કર સક્તા હૈ યા નહીં ?"

ઈસ કે જવાબ મેં આપને તેહરીર ફર્માયા :–

"દસ બારહ મિનટ મેં સુન્નતેં ઔર ફર્ઝ દોનોં હો સક્તે હૈં, સુન્નતેં પળ્હર નમાઝ પળ્હાએ, અગર વક્ત બકદ્ર ફર્ઝ હી કે બાકી હૈ તો આપહી સુન્નતેં છોળેગા ફિર અગર જમાઅત મેં કિસીને અભી સુન્નતેં ન પળ્હી યા જિસને પળ્હી વોહ કાબિલે ઈમામત નહીં તો જિસને ન પળ્હી વહી ઈમામત કરેગા ઔર અગર

વક઼્ત મેં વુસ્અત (ગુંજાઈશ) હે તો સુન્નતે ક઼બ્લિયા (પેહલે કી સુન્નતોં) કા તર્ક (છોળના) ગુનાહ હે ઔર ઉસ કી ઈમામત મકરૂહ હે."

*(ફતાવા રઝવિય્યહ્, જિલ્દ : ૫, સફહા : ૩૨૫,૩૨૬)*

**૩૭. અગર ઝોહર કી ક઼ઝા પળ્હની હૈ તો ક્યા ઝોહર હી કે વક્ત મેં પળ્હ સક્તે હૈં ?**

અવામ મેં યે ગલતફેહમી પાઈ જાતી હે કે જિસ વક઼્ત (ક઼ઝા) કી નમાઝ પળ્હની હે ઉસે ઉસી વક઼્ત મેં પળ્હ સક્તે હૈં. જૈસે ઝોહર કી ક઼ઝા પળ્હની હે તો ઉસે ઝોહર હી કે વક઼્ત મેં પળ્હ સક્તે હૈં. અસ્ર કી પળ્હની હે તો અસ્ર હી કે વક઼્ત પળ્હે સક્તે હૈં. હાલાં કે યે બિલ્કુલ ગલત હે. ક઼ઝા નમાઝ કે બારે મેં શરીઅત કા હુકમ યે હે કે ૨૪ ઘંટે મેં સિર્ફ તીન ઓવક઼ાત ઐસે હૈં જિન મેં કોઈ ભી ક઼ઝા નમાઝ પળ્હને કી ઈજાઝત નહીં :

**(૧) સુબહ તુલૂએ આફતાબ** : યા'ની સૂરજ નિકલને કે વક઼્ત જો કે તક઼રીબન ૨૦ મિનિટ રહતા હે. **(૨)** દોપહર મેં નિસ્ફુન્નહાર કે વક઼્ત, જબ સૂરજ બીચ આસમાન મેં પહોંચતા હે, જો કે ઝવાલ કે વક઼્ત સે મશ્હૂર હે. યે મકરૂહ વક઼્ત ૩૮ સે ૪૫ મિનટ કે બીચ મેં રહતા હે. જો કે મૌસમ કે એતેબાર સે બદલતા રેહતા હે. **(૩) શામ કો ગુરૂબે આફતાબ** : યા'ની સૂરજ ડૂબને કે વક઼્ત, મેં જો તક઼રીબન ૨૦ મિનટ રહતા હે.

ઈન તીન મકરૂહ ઓવક઼ાત યા'ની તક઼રીબન ૧ ઘંટા ઔર ૨૫ મિનટ કે અલાવા કિસી ભી વક઼્ત કોઈ ભી ક઼ઝા નમાઝ પળ્હને કી ઈજાઝત હે. ચાહે ઝોહર કી ક઼ઝા અસ્ર મેં પળ્હી જાએ યા અસ્ર કી ઝોહર મેં. જૈસા કે "બહારે શરીઅત"મેં હે :–

"ક઼ઝા કે લિયે કોઈ વક઼્ત મુઅય્યન નહીં. ઉમ્ર મેં જબ પળ્હેગા બરિયુઝ્ઝિમ્મા હો જાએગા (યા'ની ઉસકી ઝિમ્મેદારી પૂરી હો જાએગી) મગર તુલૂઅ વ ગુરુબ ઔર ઝવાલ કે વક઼્ત કે ઈન વક઼્તો મેં નમાઝ જાઈઝ નહીં."

*(બહારે શરીઅત, જિલ્દ : ૧, હિસ્સા : ૪, સફહા : ૭૦૨)*

**૩૮. રમઝાન કે આખરી જુમ્આ મેં ચાર રકઅ્ત પળ્હને સે ક્યા પૂરી ઝિંદગી કી ક઼ઝા નમાઝેં મઆફ હો જાતી હૈં ?**

જૈસે હી રમઝાન કા મહીના ખત્મ હોનેવાલા હોતા હે યે ગલત બાત કુછ લોગ ફેલાના શુરૂઅ્ કર દેતે હૈં કે જિસને રમઝાન કે આખરી જુમ્આ મેં ચાર રકઅત ક઼ઝાએ ઉમ્રી કે તોર પર પળ્હ લી ઉસકી ઝિંદગીભર કી ક઼ઝા નમાઝેં મુઆફ હો ગઈ, અબ ઉસે વોહ ક઼ઝા નમાઝેં પળ્હને કી ઝરૂરત નહીં. ઔર معاذ اللہ ઈસે હુઝૂર ﷺ કી તરફ મન્સૂબ કિયા જાતા હે. જબ કે યે બિલ્કુલ ગલત હે ઔર ઈસ તરહ કી કોઈ હદીષ નહીં, બલ્કે હદીષે પાક મેં ઈસ કે ખિલાફ ઝિક્ર કિયા ગયા હે, ચુનાંચે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ખાન رحمۃ اللہ علیہ સે ઈસી તરહ કી નમાઝ કે બારે મેં સવાલ કિયા ગયા, જિસ કે જવાબ મેં આપને તહરીર ફર્માયા :–

"ફોત શુદા (છૂટી હૂઈ) નમાઝોં કે કફ્ફારા કે તોર પર યે જો તરીક઼ા (ક઼ઝાએ ઉમ્રી) ઈજાદ કર લિયા ગયા હે યે બદ્તરીન બિદઅત હે, ઈસ બારે મેં જો રિવાયત હે વોહ મૌઝૂઅ (ઘળી હૂઈ) હે. ય અમલ સખ્ત મમ્નૂઅ્ હે, એસી નિય્યત વ એઅ્તેક઼ાદ બાતિલ વ મર્દૂદ. ઈસ જહાલતે ક઼બીહા ઔર વાઝેહ ગુમરાહી કે બુત્લાન પર તમામ મુસલમાનોં કા ઈત્તિફાક઼ હે, હુઝૂર પૂરનૂર સૈયદુલ મુર્સલીન ﷺ કા ઈર્શાદે ગિરામી હે : "જો શખ્સ નમાઝ ભૂલ ગયા તો જબ ઉસે યાદ આએ ઉસે અદા કર લે, ઉસ કા કફ્ફારા સિવાએ ઉસ કી અદાઈગી કે કુછ નહીં." અલ્લામા કારી عَلَیْہِ الرَّحْمَۃُ وَالرِّضْوَان "મૌઝૂઆતે કબીર"મેં કહતે હૈં; "હદીષ જિસને રમઝાન કે આખરી જુમ્આ

મેં એક ફર્ઝ નમાઝ અદા કર લી ઉસ સે ઉસ કી સત્તર સાલ કી ફોત શૂા નમાઝોં કા ઈઝાલા હો જાતા હૈ." યે હદીષ યક઼ીની તોર પર બાતિલ હૈ ક્યું કે ઈસ ઈજમાઅ્ કે મુખાલિફ હૈ કે ઈબાદત મેં સે કોઈ ચીઝ પેહલે સાલોં કી ફોત શુદા ઈબાદાત કે ક઼ાઈમ મક઼ામ નહીં હો સક્તી.

*(ફતાવા રઝવિય્યહ, જિલ્દ : ૮, સફહા : ૧૫૫, ૧૫૬)*

**૩૯. ક્યા સજ્દએ સહ્વ કરને સે હર ગલતી મઆફ હો જાતી હૈ ઔર નમાઝ સહીહ હો જાતી હૈ ?**

બહોત સારે લોગોં મેં એક ગલત ફહમી યે પાઈ જાતી હૈ કે નમાઝ મેં ચાહે કૈસી હી ગલતી હો વોહ સજદએ સહવ કરને સે મઆફ હો જાતી હૈ ઔર નમાઝ સહીહ હો જાતી હૈ. જબ કે યે શરઅત ગલત હૈ. બા'ઝ ગલતિયાં ઐસી હૈં કે સજદએ સહ્વ કરને સે ભી વોહ મઆફ નહીં હોતી ઔર નમાઝ કો દોબારા પળ્હના ઝરૂરી હોતા હૈ. જૈસે કિસીને વાજિબાતે નમાઝ મેં સે કોઈ વાજિબ જાનબૂઝ કર છોળ દિયા યા કોઈ ફર્ઝ છૂટ ગયા યા છોળ દિયા તો ઈન સૂરતોં મેં સજદએ સહવ કરના કાફી ન હોગા, બલ્કે નમાઝ કો દોબારા પળ્હના ઝરૂરી હોગા.

"મો'મિન કી નમાઝ" કિતાબ મેં હૈ :–

"જિન ગલતિયોં કી વજહસે સજદએ સહ્વ વાજિબ હોતા હૈ વોહ હસ્બે ઝૈલ હૈં :–

૦૧. નમાઝ મેં જો કામ વાજિબ હૈં ઉન મેં સે કોઈ એક યા એક સે ઝયાદા વાજિબ છૂટ જાએં.

૦૨. કિસી વાજિબ કે અદા કરને મેં (તીન મર્તબા سُبْحَانَ اللہ કેહને કી મિક઼્દાર) તાખીર હો.

૦૩. કિસી વાજિબ મેં કોઈ ફર્ક઼ વાકેઅ હો. યા'ની બિત્તરતીબ તય શુદા અફઆલે નમાઝ કો (નમાઝ કે કામોં કો) ખિલાફે તરતીબ અદા કરના.

૦૪. કિસી ફર્ઝ/રુકન કે અદા કરને મેં (તીન મર્તબા سُبْحَانَ اللہ કેહને કી મિક઼્દાર) તાખીર હો.

૦૫. કિસી ફર્ઝ/રુકન કો વક઼્ત સે પેહલે અદા કર લેને સે.

૦૬. કિસી ફર્ઝ/રુકન કો દોબારા યા ઝાઈદ અદા કરને મેં મષલન દો મર્તબા રુકૂઅ યા તીન સજદે કર લિયે.

★ ઉપર ઝિક્ર કી ગઈ ગલતિયાં અગર ભૂલ કર હૂઈ હૈં, તો હી સજદએ સહવ સે ઉસ ગલતી કી તલાફી હો સક્તી હૈ. અગર કિસીને અમદન યા'ની જાનબૂજ કર ગલતી કી હૈ તો અબ સજદએ સહવ સે ઉસકી તલાફી નહીં હો સક્તી. નમાઝ કો દો બારા પળ્હના હોગા.

★ અગર નમાઝ કા કોઈ ફર્ઝ છૂટા હો, ચાહે ભૂલ કર ચાહે જાનબૂઝ કર. સજદએ સહવ સે હરગિઝ ઉસકી તલાફી નહીં હો સકતી, નમાઝ હર હાલ મેં ફાસિદ હોગી. ઉસે અઝ સરે નવ (યાની શુરૂઅ સે) પળ્હના હોગા.

*(મો'મિન કી નમાઝ, સફહા : ૨૨૭/૨૨૮)*

★ અગર તીન આયત પળ્હેનેસે પેહલે કોઈ ગલતી હો જાએ તો ક્યા સજદએ સહવ કરના યા નમાઝ કો દોબારા પળ્હના ઝરૂરી હૈ. *(ક્રમશઃ)*

## માંગરોલ (તા. આમોદ) ખાતે મેહફિલે નઅતનું આયોજન

**માંગરોલ** : તા. ૧૦–૧૦–૨૦૨૧ રવિવારે ઈશા બાદ "મેહફિલે નઅત"નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ક઼ારીએ ખુશ ઈલ્હાન જનાબ ક઼ારી રિયાઝુદ્દીન અશરફી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ મુંબઈથી તશરીફ લાવી નઅતો મન્ક઼બતના શાનદાર ગુલદસ્તા પેશ કરી હાજરજનોનનાં ઈશ્કે મુસ્તફામાં ઔર ચાસણી ભરી હતી. એ જ પ્રમાણે આપે તા. ૧૦–૧૦–૨૦૨૧ના સોમવારે ઈશા બાદ **બોડેલી** મેહફિલ નઅત સજાવી હતી.

# તઝકેરતુલ અવલિયા

## હઝરત બાયઝીદ બોસ્તામીના رحمۃ اللہ علیہ હાલાત તથા ખૂબીઓ

### હપ્તો ૩૯

**નઝરે કરમ :** આપે કોઈ દીવાનાને એ કહેતાં સાંભળ્યું કે હે અલ્લાહ ! મારી તરફ નજર ફર્માવ ! આપે પૂછયું કે તેં એવા કયા નેક અમલો કર્યા છે કે જેથી તેની નજર તારી તરફ ઉઠે ? તેણે જવાબ આપ્યો કે એની નજર મારા પર પડી જશે તો અમલો આપોઆપ સારા થઈ જશે. આપે ફર્માવ્યું, તું સાચો છે. એકવાર મઅરેફત તથા હક઼ીક઼તના વિષયે આપ કાંઈ ફર્માવી રહ્યા હતા તો પોતાના હોઠ ચાટતા જતા અને કહેતા જતા કે મારાથી અધિક ખુશનસીબ કોઈ નથી કે હું પોતે જ મય (શરાબ) પણ છું અને મયખ્વાર પણ.

**ઈર્શાદો :** આપ ફર્માવ્યા કરતા કે સિત્તેર જનોઈઓ ખોલવા છતાં એક જનોઈ મારા કમરમાં રહી ગઈ અને જ્યારે કોઈ રીતે ન ખુલી શકી તો મેં ખુદાથી અર્ઝ કરી કે એને કેવી રીતે ખોલવામાં આવે. નિદા આવી કે એ તમારા વશની વાત નથી, જ્યાં સુધી અમે ન ચાહીએ. આપે ફર્માવ્યું કે મારી અથાગ કોશિશો છતાં પણ હક્ક઼નો દર ન ખુલી શક્યો, અને જ્યારે ખુલ્યો તો મુસીબતોના ઝરીયા ખુલ્યો. અને ચો તરફથી મેં તેની રાહ પર ચાલવાની કોશિશ કરી પરંતું સર્વ નિરર્થક સાબિત થઈ. અને જ્યારે દિલી લગાવની સાથે ચાલ્યો તો મંઝિલ સુધી પહોંચી ગયો. ફર્માવ્યું કે મેં સંપૂર્ણ ત્રીસ વરસ અલ્લાહ તઆલાથી પોતાની જરૂરિયાતના પ્રમાણે તલબ કર્યા, પરંતું તેની રાહમાં ડગ માંડતાં સર્વ કાંઈ ભૂલી ગયો અને તમન્ના કરવા લાગ્યો કે યા અલ્લાહ ! તું મારો થઈ જા ! અને જે તારી મરજી હોય તેવું કર.

ફર્માવ્યું, જ્યારે **મેં અલ્લાહ તઆલાથી સવાલ કર્યો કે તારા સુધી પહોંચની કઈ રીત છે ?** ફર્માવવામાં આવ્યું કે **તારા નફ્સને ત્રણ તલાક઼ો આપી દે.** ફર્માવ્યું, જો મને મેહશરમાં દીદારે ખુદાવંદીથી મેહરૂમ કરી દેવામાં આવ્યો તો એટલા પ્રમાણમાં રૂદન આક્રંદ કરીશ કે જહન્નમવાસીઓ પણ પોતાની તકલીફો ભૂલી જશે. ફર્માવ્યું, જો પૂરી દુનિયાની સલ્તનત પણ મને આપી દેવામાં આવે તો પણ મારી તે આહને અફઝલ સમજીશ જે મેં ગઈ રાતમાં કરી છે. ફર્માવ્યું કે પાછલા બુઝુર્ગો મામૂલી સરખી ચીજો પર જ ખુદાથી રાજી થઈ ગયા, પરંતું મેં રાજી થવાને બદલે ખુદને એના પર કુર્બાન કરી આપેલ છે. અને મને તે ખૂબીઓ હાંસલ થઈ કે જો એનામાંથી એક હબ્બાના બરાબર (રતીભર) પણ સામે આવી જાય તો જગતની વ્યવસ્થા વેર વિખેર થઈ જાય.

ફર્માવ્યું કે ખુદાએ પોતાની ખુશીથી પોતાના દીદારથી મુશર્રફ કર્યો એટલા માટે કે હું બંદો હોવાની હેસિયતથી કેવી રીતે તેના દીદારની તમન્ના કરી શકું છું ?! ફર્માવ્યું કે ચાલીસ વર્ષો મેં લોકોને નસીહત કરવામાં પસાર કર્યા, પરંતું સૌ બેસૂર (બેકાર) સાબિત થયું. અને જ્યારે રઝાએ ખુદાવંદી થઈ તો મારી નસીહત વગર જ લોકો સીધા રસ્તા પર આવી ગયા. ફર્માવ્યું કે ઘણા બધા પર્દાઓથી પસાર થઈને જ્યારે મેં વિચારણા કરી તો પોતાને મક઼ામે હિઝબુલ બહરમાં પામ્યો. એટલે કે ઝાતે બારીમાં ગુમ થઈ ગયો જ્યાં સુધી કોઈ અન્યની પહોંચ શક્ય નથી.

ફર્માવ્યું કે ત્રીસ વરસ સુધી તો અલ્લાહ તઆલા મારો આઈનો બનેલો રહ્યો, પણ હવે હું ખુદ આઈનો બની ગયો છું. એટલા માટે કે મેં એની યાદમાં ખુદને

❒ **અઝ :** *હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર* رحمۃ اللہ علیہ ❒ **અનુવાદક :** *પટેલ શબ્બીર અલી રઝવી—દયાદરવી*

પણ એવી રીતે ભૂલાવી દીધો કે હવે અલ્લાહ તઆલા મારી ઝબાન બની ચૂક્યો છે. એટલે કે મારી જીભેથી નીકળનારા શબ્દો જાણે કે ઝબાને ખુદાવંદીથી અદા થાય છે, અને મારુ અસ્તિત્વ દરમિયાનથી ખત્મ થઈ જાય છે.

ફર્માવ્યું કે મને ખુદાની બારગાહથી હૈરત તથા હયબત સિવાય કાંઈ ન મળી શક્યું. ફર્માવ્યું કે એક રાતે સવાર સુધી મારા દિલની શોધ કરતો રહ્યો, પરંતું ન મળ્યું. અને સવારે એ ગયબી નિદા આવી કે તારે દિલથી શું ગરજ ! તું અમારા સિવાય કોઈને તલાશ ન કર. ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ મને એ મક઼ામ અતા કર્યો કે કુલ કાઈનાતને મારી આંગળીઓની વચ્ચે જોઉં છું. ફર્માવ્યું કે આરિફનો અદના મક઼ામ એ છે કે સિફ઼ાતે ખુદાવંદીનો મઝહર હોય. ફર્માવ્યું કે જો અલ્લાહ તઆલા મને જહન્નમમાં ફેંકી દે અને હું સબ્ર પણ કરી લઉં તો પણ તેની મહોબ્બતનો હક્ક઼ અદા નથી થતો. અને જો અલ્લાહ તઆલા મને પૂરી કાઈનાત બખ્શી આપે તો પણ તેની રહમતની સરખામણીમાં થોડુ છે. ફર્માવ્યું કે આરિફે કામિલ તે જ છે જે મહબ્બતની આગમાં સળગતો રહે. ફર્માવ્યું કે જ્યારે તર્કે દુનિયા પછી હુબ્બે ઈલાહી અખત્યાર કરી તો પોતાની જાતને પણ દુશ્મન સમજવા લાગ્યો, અને જ્યારે મેં એ પર્દાઓને ઉઠાવી દીધા જે મારા અને ખુદાની વચ્ચે હતા તો તેણે મને પોતાના કરમથી નવાઝી આપ્યો.

ફર્માવ્યું કે ખુદાના ઘણા બધા બંદાઓ એવા પણ છે જેઓ દીદારે ઈલાહીની સરખામણીમાં જન્નતને પણ સારી નથી સમજતા. ફર્માવ્યું કે **સાચો આરિફ તે જ છે જે મનેચ્છાઓને ત્યજીને ખુદાની પસંદને જાળવી રાખે** : અમુક લોકોએ પૂછયું કે શું અલ્લાહ તઆલા બંદાઓને પોતાની મરજીથી જન્નતમાં દાખલ નથી કરતો ? ફર્માવ્યું, યક઼ીનન ! પોતાની મરજીથી જ દાખલ કરે છે પરંતું જેને પોતાની મરજીથી આ'લા તથા ઉચ્ચ બનાવી દે તેને જન્નતની શું ખ્વાહિશ ?! ફર્માવ્યું કે એક હબ્બા (રતીભર) મઅરેફતમાં જે લિજ્જત છે તે જન્નતની નેઅમતોમાં ક્યાં ?! ફર્માવ્યું કે, ખુદાની યાદમાં ફના થઈ જવુ ઝિંદા જાવેદ (અમર) થઈ જવું છે. ફર્માવ્યું કે ઝાહિદ તથા સાલેહને એવી હવાની જેમ જાણો જે તમારા ઉપર ચાલી રહી છે. ફર્માવ્યું કે જન્નતની શોભા જાણો કે ખુદા સુધી પહોંચેલા લોકોથી જ છે. ફર્માવ્યું કે દુનિયા દુનિયાવાળાઓ માટે ઘમંડ જ ઘમંડ છે અને આખેરત, આખેરતવાળાઓ માટે ખુશી જ ખુશી છે. અને હુબ્બે ખુદાવંદી (રબની મહબ્બત) આરિફના માટે નૂર જ નૂર છે. અને આરિફની રિયાઝત એ છે કે તે પોતાના નફ્સનો નિગરાં રહે છે. અને આરિફની ઓળખ એ છે કે જે ખામોશીની સાથે મખ્લૂક઼થી આલિપ્ત રહે. ફર્માવ્યું કે ખુદાનો તાલિબ આખેરતની તરફ પણ ધ્યાનિત નથી થતો અને ખુદાથી મહોબ્બત કરનાર પોતાની મહોબ્બતના સબબે ખુદાની જ તરફ એકાગ્ર થઈ જાય છે.

ફર્માવ્યું કે મેહશરમાં જન્નતવાળાઓ સામે કેટલીક રીતો રજૂ કરવામાં આવશે, અને જે કોઈ રીત અપનાવી લેશે તે દીદારે ઈલાહીથી મેહરૂમ થઈ જશે. એ જ મુનાસિબ છે કે બંદો પોતાને તુચ્છ સમજીને કદી પોતાના ઈલ્મ તથા અમલની અધિકતા પર નાઝાં (અભિમાની) ન બને. કેમ કે જ્યાં સુધી બંદો પોતાને તુચ્છ ન ધારે ત્યાં સુધી રબ તઆલા સુધી પહોંચી નથી શકતો. કેમ કે ખુદાની સિફ઼તનું તે જ વખતે પ્રદર્શન થઈ શકે છે જ્યારે એ મક઼ામ તેને હાંસલ થઈ જાય. ફર્માવ્યું કે ઈલ્મ તથા ખબર એવી વ્યક્તિથી શીખો અને સાંભળો જે ઈલ્મથી મઅલૂમ સુધી અને ખબર મુખ્બિર સુધી પહોંચ હાંસલ કરી ચૂક્યો હોય. અને દુનિયવી ઈજ્જતના માટે ઈલ્મ હાંસલ કરે તેની સોહબતથી દૂર રહો, એટલા માટે કે તેનો ઈલ્મ ખુદ તેના માટે જ ફાયદાકારક નથી. ફર્માવ્યું કે ખુદા શનાસ (ખુદાને ઓળખનાર) ખુદાને જરૂર દોસ્ત

રાખે છે કેમ કે મહોબ્બતના વિના મઅરેફત નિરર્થક છે. ફર્માવ્યું કે આ એક કુલ્લિયા (કાયદો) છે કે **જ્યાં સુધી નદી નાળાં વહેતાં રહે છે ત્યાં સુધી તેમનામાં શોર થાય છે અને જ્યારે દરિયાથી મળી જાય છે તો સર્વ શોર ખત્મ થઈ જાય છે.**

પછી ફર્માવ્યું કે ખુદાના કેટલાક બંદા એવા પણ છે કે જો એક પળના માટે પણ પર્દામાં થઈ જાય તો પરસ્તિશ ત્યજી દે છે. એટલે કે પર્દામાં થઈ જવાના કારણે તે કૃત્અન નાબૂદ થઈ જાય છે અને નાબૂદ થઈ ગયા બાદ ઈબાદત નથી કરી શકતા. ફર્માવ્યું કે આરિફ તે છે જે મુલ્ક તથા દૌલતને મઅબૂદ ખયાલ કરતો હોય પણ તેની ઈબાદતનો બદલો ખુદા સિવાય કોઈને માલૂમ નથી. ફર્માવ્યું કે ખુદા દોસ્ત લોકોની નજરમાં જન્નત પણ કોઈ હક઼ીક઼ત નથી ધરાવતી જેમ કે અહલે મહ઼બ્બત વિરહમાં સપડાયેલા રહે છે. પરંતુ તેમની હાલત એ બંદાઓ જેવી હોય છે જેઓ હર હાલમાં મત્લૂબ (હેતુ)ના તાલિબ રહે છે. જેવી રીતે આશિક઼ને ઈશ્ક઼ના સિવાય અને તાલિબને મત્લૂબના સિવાય અન્ય કાંઈ તલબ કરવું મુનાસિબ નથી. ફર્માવ્યું કે ખુદાએ જેમનાં દિલોને મહોબ્બતનો બોજ ઉઠાવવાના પાત્ર તસવ્વુર નથી કર્યા તેમને ઈબાદતની તરફ લગાડી આપ્યાં. કેમ કે મઅરેફતે ઈલાહીનો બોજ આરિફ સિવાય અન્ય કોઈ સહન નથી કરી શકતુ. અને **જો મખ્લૂક઼ પોતાની હસ્તીને પહેચાની લે તો ખુદાની મઅરેફત આપોઆપ હાંસલ થઈ જાય છે. પછી ફર્માવ્યું કે બંદાએ એવો સમય જરૂર કાઢવો જોઈએ જેમાં પોતાના માલિકના સિવાય કોઈના પર નજર ન ઉઠે.** પછી ફર્માવ્યું, અલ્લાહ તઆલા પોતાના મહબૂબ બંદાઓને ત્રણ ચીજો અતા કરે છે. ૧. દરિયા જેવી સખાવત, ૨. સૂર્ય જેમ રોશની, ૩. જમીનની જેમ આજીજી. ફર્માવ્યું કે ઈલ્મોમાં એક એવો ઈલ્મ પણ છે જેનાથી દુનિયા વાકેફ નથી, અને ઝુહદમાં એક એવો ઝુહદ છે જેને ઝાહિદ પણ નથી જાણતો. અને **અલ્લાહ તઆલા જેને મક઼બૂલિયત અતા કરે છે તેના પર એક એવો ફિરઔન નિયુક્ત કરી દે છે જે સતત તકલીફ પહોંચાડતો રહે છે.** ફર્માવ્યું કે ચર્ચા, અવાજ તથા હરકત સૌ પર્દાની બહારની ચીજો છે, પરંતુ પર્દામાં સિવાય હયબત તથા રોઅબ અને ખામોશીના કાંઈ પણ નથી. અને બંદાને જે સમય સુધી કુર્બે ઈલાહી હાંસલ નથી થતો તે સમય સુધી વાતો બનાવે છે પરંતુ જ્યારે હુઝૂરી હાંસલ થાય છે તો અચંબો છવાય જાય છે. ફર્માવ્યું કે આરિફ તે છે જેની નજરમાં દરેક બુરાઈ અચ્છાઈમાં ફેરવાય જાય, અને ખુદાશનાસ જહન્નમના માટે અઝાબ છે, પરંતું ખુદાશનાસીની (ખુદાની પહેચાન)ની રાહોમાં ઘણા બધા તે લોકો આવે છે જેઓ રાતે ઈમાનની ખાલી થઈને પલટી જાય છે. ફર્માવ્યું કે **નફસાની ખ્વાહિશાત છોડી દેવી એ હક઼ીક઼તમાં અલ્લાહથી મળી જવું છે, અને જે અલ્લાહથી મળી જાય છે મખ્લૂક તેની આજ્ઞાંકિત બની જાય છે.**

ફર્માવ્યું, હઝરત મૂસા તથા ઈસા علیہما السلام એ એ મેહસૂસ કરી લીધું કે ઉમ્મતે મુહમ્મદીમાં એવા ખુદારશીદા બંદા પણ હોય છે જેઓ તહતુષ્ષરાથી લઈને આ'લા ઈલ્લીયીન સુધી છવાયેલા છે. તો તેમણે પણ હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلم ની ઉમ્મતમાં સામેલ થવાની દુઆ કરી. પરંતું આ ક઼ૌલથી મને મારી બડાઈનો હેતુ નથી. ફર્માવ્યું કે **જો તમારી સામે પૂરી દુનિયાની નેઅમતો પણ રજૂ કરી દેવામાં આવે તો પણ ખુશ ન થશો, અને જો તકલીફો પહોંચે તો નિરાશ ન થયો. કેમ કે જેણે 'કુન' શબ્દ વડે તમામ આલમ બનાવી દીધો તેની કુદરતના કબજાથી કોઈ ચીજ બહાર નથી.** ફર્માવ્યું કે જે શખ્સ ખુદને બેહતર અને ઈબાદતને મક઼બૂલ સમજે છે અને પોતાના નફસને બદતરીન નફસોમાં નથી ગણાતો તેની ગણના કોઈ પણ જમાઅતમાં નથી થતી. *(ક્રમશઃ)*



# ગૌષે આ'ઝમ રضی اللہ عنہ નો મર્તબો

## મહાન બુઝુર્ગોની ઝબાની

**રજૂકર્તા : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*ગૌષ પાક رضی اللہ عنہ ના ખુદાદાદ કમાલો તથા અખત્યારો વિશે ઈસ્લામના માન્યવર બુઝુર્ગોનો અક઼ીદો તથા ગૌષ પાક رضی اللہ عنہ પ્રતિ તેમની અક઼ીદતમંદી દર્શાવતો આ ટૂંકો લેખ વાંચો અને જે બદ્અક઼ીદા વહાબી, દેવબંદી, મૌદૂદી વગેરે વલીઓના અખત્યારોનો ઈન્કાર કરે છે અને એને માનવાને શિર્ક કહે છે, તેમને પૂછવામાં આવે કે શું આ મહાન બુઝુર્ગોને શિર્કનો ઈલ્મ ન હતો કે તેમણે ગૌષ પાક رضی اللہ عنہ ની આ શાન જાહેર કરી અને તેમના અખત્યારોને પ્રદર્શિત કર્યા ?! શું તેઓ સૌને મુશ્રિક કહેશો ?!*

*સુન્નીઓ ! પોતાના ઈમાનની રક્ષા કાજે એવા બદ્અક઼ીદાઓથી સંબંધ કટ કરો અને તેમનાથી દોસ્તી, સગાઈ, ઉઠક બેઠક બંધ કરો એમાં જ તમારી દુનિયા આખેરતની ભલાઈ છે.*

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

કુત્બુલ અક઼તાબ ગૌષે આ'ઝમ, મહબૂબે સુબ્હાની, મુહયુદ્દીન સૈયદ અબ્દુલ ક઼ાદિર જીલાની رضی اللہ عنہ (ઈ.સ. ૧૦૭૭–૧૧૬૬, હિ.સ. ૪૭૦–૫૬૧) હસની હુસૈની સૈયદ તથા માદરઝાદ વલી હતા. શયખ અબ્દુલ હક઼્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે : અલ્લાહ તઆલાએ આપને કુત્બિયતે કુબ્રા તથા વિલાયતે અઝીમાનો મર્તબો અતા કર્યો, ત્યાં સુધી કે આખા જગતના ફક઼ીહો, ઉલમા, તલબા તથા ફક઼ીરોનું ધ્યાન આપના આસ્તાના મુબારક તરફ હશે. હિકમત તથા દાનાઈનાં ઝરણાં આપની ઝબાનથી જારી થશે અને આલમે મલકૂતથી આલમે દુનિયા સુધી આપના કમાલ તથા જમાલની ખ્યાતિ હશે. અને અલ્લાહ તઆલાએ આપના થકી કુદરત તથા અમારતની નિશાનીઓ અને કરામતોની દલીલો તથા બુરહાનો બપોરના ચમકતા સૂરજથી અધિક સ્પષ્ટ કરી આપી. અને સખાવત તથા અતાના ખજાનાઓની કૂંચીઓ અને કુદરત તથા તસર્રુફાત (અખત્યારો)ની લગામો આપની કુદરતના તાબામાં તથા અખત્યારના હેઠળ સુપ્રત કરી આપી. સર્વ મખ્લૂક઼નાં દિલોને આપની અઝમત સમક્ષ ઝુકાવી દીધાં અને સર્વ અવલિયાને આપના ક઼દમ મુબારકના સાયામાં આપી દીધા, કેમ કે અલ્લાહ તઆલાના તરફથી આ હોદ્દા પર બિરાજમાન કરવામાં આવ્યા હતા. જેવો કે આપનો ઈર્શાદ છે. "મારો આ ક઼દમ વલીઓની ગરદનો પર"

*(અખ્બારુલ અખ્યાર, પેજ–૧૦, લાહોર)*

આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે :

*વાહ કયા મર્તબા અય ગૌષ હૈ બાલા તેરા*
*ઉંચે ઉંચો કે સરોંસે હૈ ક઼દમ આ'લા તેરા*
*સર ભલા ક્યા કોઈ જાને કે હૈ કૈસા તેરા*
*અવલિયા મલતે હૈં આંખેં વો હૈ તલ્વા તેરા*

### ★ આપના વઅઝની શરૂઆત અને તેના પ્રત્યાઘાતો ★

હઝરત ગૌષે આ'ઝમ رضی اللہ عنہ ફર્માવે છે કે મેં ખ્વાબમાં નબી કરીમ ﷺ ની ઝિયારત કરી. આપે ફર્માવ્યું, હે અબ્દુલ ક઼ાદિર ! તમે લોકોને ગુમરાહીથી બચાવવાના માટે વઅઝ કેમ નથી કહેતા ? અર્ઝ કરી,

યા રસૂલલ્લાહ ! ﷺ હું અજમી છું એટલા માટે અરબના ફુસહા (ઉમદા સ્પીચવાળાઓ) સામે વઅઝ કેવી રીતે કરું ? ફર્માવ્યું, તમારું મોં ખોલો ! પછી હુઝૂર ﷺએ મારા મોંમાં સાતવાર પોતાનુ લુઆબે દહન (થૂક મુબારક) નાખ્યું અને ફર્માવ્યું, "જાવ અને લોકોને અલ્લાહ તઆલાના રસ્તાની તરફ બોલાવો !" ઝોહર બાદ જયારે આપે વઅઝનો ઈરાદો કર્યો તો કાંઈક સંકોચ જણાયો. કશ્ફની હાલતમાં જોયું તો બાબે ઈલ્મો હિકમતે (હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ) પોતાનુ લુઆબ છ વાર આપના મોંમાં નાખ્યું. અર્ઝ કરી, આ નેઅમત સાતવાર કેમ અતા ન કરી ? ઈર્શાદ થયો, "રસૂલુલ્લાહ ﷺનો અદબ જાળવવા માટે." આમ કહીને હઝરત અલી رضی اللہ عنہ ગાયબ થઈ ગયા અને જયારે સરકાર ગૌષે આ'ઝમે ખિતાબ કર્યો તો અરબની ફસીહ ઝબાનવાળાઓ આપના ફસાહત તથા બલાગત (ઉમદા પુખ્તા વાણી)ને જોઈને આશ્ચર્યમાં પડી ગયા. *(બેહજતુલ અસ્રાર)*

આપના વઅઝમાં સિત્તેર હજારથી અધિક લોકો શિર્કત કરતા હતા જેમનામાં ઉલમા તથા ફક઼ીહો અને અગ્રગણ્ય અવલિયાએ કિરામના ઉપરાંત ફરિશ્તા, જિન્નાત તથા રિજાલુલ ગયબ ખૂબ જ અધિક પ્રમાણમાં શરીક થતા. "અખ્બારુલ અખ્યાર"માં છે કે જેટલા લોકો આપની મજલિસમાં નજર આવતા તેના કેટલાય અંશે અધિક એવા હાજરજનો હોતા જેઓ નજર આવતા ન હતા. આપનો અવાજ દૂર તથા નજીક શ્રોતાને એક સમાન સંભળાઈ દેતો. કદી આપ વઅઝના દરમિયાન ફર્માવતા કે "ક઼ાલ" (કથનો) ખત્મ થયાં હવે આપણે "હાલ"ની તરફ આવીએ છીએ. આ કહેતાં જ લોકોમાં બેક઼રારી તથા વજ્દની કૈફિયત છવાય જતી. કેટલાય લોકો ગિર્યાઓઝારી (રૂદન આજીજી) કરતા કરતા કપડાં ફાડીને જંગલની તરફ નીકળી જતા. આપના તસર્રુફ તથા હયબત અને અઝમત તથા જલાલના સબબે કેટ કેટલાય જનાઝા ઉઠાવવામાં આવતા અને સેંકડો લોકો બેહોશ થઈ જતા. આપની મજલિસમાં જે કરામતો તથા તજલ્લીઓ અને અજાઈબ તથા ગરાઈબ (અજીબ ચીજો) જાહેર થઈ તેની ગણત્રી નથી કરી શકાતી. *(પેજ-૧૩, નૂરીયા રઝવિય્યહ પબ્લિશિંગ કુ઼. લાહોર)*

## ★ ક઼ઝાએ મુબરમ પણ આપના વસીલાથી બદલાઈ ગઈ ! ★

**શયખ શહાબુદ્દીન સુહરવર્દી** رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, શયખ અબ્દુલ ક઼ાદિર જીલાની તરીક઼તના બાદશાહ અને મૌજૂદાતના તસર્રુફ કરનારા હતા. અને અલ્લાહ તઆલાની તરફથી આપને કરામતોનો તસર્રુફ તથા અખત્યાર હમેશાં હાંસલ રહ્યો. *(પેજ-૧૩, નૂરીયા રઝવિય્યહ પબ્લિશિંગ કુ઼. લાહોર)*

**ઈમામ અબ્દુલ્લાહ યાફઈ** رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, આપની કરામતો તવાતુરની હદે પહોંચી ગયેલી છે, અને એકમતિએ સૌને ઈલ્મ છે કે દુનિયાના કોઈ શયખમાં આવી કરામતો નથી જોવામાં આવી.

*(પેજ-૧૩, નૂરીયા રઝવિય્યહ પબ્લિશિંગ કુ઼. લાહોર)*

**હઝરત મુજદ્દિદ અલ્ફેષાની** رحمۃ اللہ علیہ : **ફર્માવે છે** : "કુર્બ તથા વિલાયતનો મર્કઝી મન્સબ, અહલે બયતના ઈમામોથી મુન્તકિ઼લ થઈને હઝરત ગૌષે આ'ઝમ رضی اللہ عنہને અતા થયો અને આપના માટે જ ખાસ કરી દેવામાં આવ્યો. અહલે બયતના ઈમામો અને આપની વચ્ચે કોઈ અન્ય આ મક઼ામ પર બિરાજમાન ન થયું. જેથી રાહે વિલાયતમાં અક઼તાબ (કુ઼તુબો) તથા નુજબા (શરીફ લોકો) સૌ આપના થકી ફૈઝ પામે છે, કેમ કે આ મક઼ામ આપના સિવાય કોઈને હાંસલ નથી. એટલા માટે આપે ફર્માવ્યું : (અઝી) "આગલા લોકોના સૂરજ ડૂબી ગયા પણ મારો સૂરજ હમેશાં બુલંદ આસમાન પર ચમકતો રહેશે અને કદી ડૂબશે નહીં."

*(મકતૂબાતે ઈમામે રબ્બાની, પેજ-૧૬૨૫, દિલ્હી)*

*સૂરજ અગલોં કે ચમકતે થે ચમક કર ડૂબે*
*ઉફકે નૂર પે હૈ મહર હમેશા તેરા*
*સારે અક્તાબે જહાં કરતે હૈં કા'બેકા તવાફ*
*કા'બા કરતા હૈ તવાફે દરેવાલા તેરા*
*-(આ'લા હઝરત)*

'તફસીરે મઝહરી'માં સૂરએ રઅદની આયતના હેઠળ છે કે, ''હઝરત મુજદ્દિદ અલ્ફેષાની عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُના બંનેવ સાહબઝાદાઓ એક આલિમ મુલ્લા તાહિર લાહોરીથી દર્સ લેતા હતા. હઝરત મુજદ્દિદ અલ્ફેષાનીએ કશ્ફથી જોયું કે આ આલિમની પેશાની પર શક્કી (બદ્બખ્ત) લખેલુ છે. આપે પોતાના પુત્રોને એ વાતનો ઉલ્લેખ કરી આપ્યો હતો તો પુત્રો ઉસ્તાદની મહોબ્બતમાં જીદે ચઢયા કે હઝરત મુજદ્દિદ તેમના માટે દુઆ કરે કે તેમની બદબખ્તી નેકબખ્તીમાં બદલાય જાય. હઝરતે ફર્માવ્યું, મેં લોહે મેહફૂઝમાં લખેલું જોયું છે કે એ ''કઝાએ મુબરમ'' છે જેને બદલવામાં નથી આવતી. પુત્રોએ અતિ આગ્રહ કર્યો તો ફર્માવ્યું, મને યાદ આવ્યું કે હુઝૂર ગૌષે આ'ઝમ رضی اللہ عنہએ ફર્માવ્યું હતું કે મારી દુઆથી ''કઝાએ મુબરમ'' પણ બદલી નાખવામાં આવે છે, એટલા માટે દુઆ કરું છું, ''હે અલ્લાહ ! તારી રહમત વિશાળ છે. તારો ફઝ્લ કોઈ એકના પર ખત્મ નથી થઈ જતો. પુર ઉમ્મીદ થઈને તારા ફઝ્લો કરમનો તાલિબ છું કે તું મુલ્લા તાહિરની પેશાનીથી બદબખ્તી મિટાવીને તેના સ્થાને નેકબખ્તી લખી આપ. જેવી રીતે તેં મારા આકા હુઝૂર ગૌષે આ'ઝમ رضی اللہ عنہની દુઆ કબૂલ કરી હતી.'' સુબ્હાનલ્લાહ! હઝરત મુજદ્દિદ અલ્ફેષાની رضی اللہ عنہ ફર્માવે છે કે એની બદ્બખ્તી નેકબખ્તીથી બદલી નાખવામાં આવી. *(તફસીરે મઝહરી, સૂરએ રઅદ, આ. ૩૯)*

સુબ્હાનલ્લાહ ! મુજદ્દિદ અલ્ફેષાનીએ હુઝૂર ગૌષે આ'ઝમ رضی اللہ عنہને આકા કહીને તેમના વસીલાથી દુઆ કરી તો કબૂલ થઈ. આ શાન છે હઝરત પીરાને પીર દસ્તગીર رضی اللہ عنہની ! આ'લા હઝરત ફર્માવે છે :

*કિસ ગુલિસ્તાં કો નહીં ફસ્લે બહારીસે નિયાઝ*
*કૌનસે સિલસિલેમેં ફૈઝ ન આયા તેરા*
*રાજ કિસ શહરમેં કરતે નહીં તેરે ખુદ્દામ*
*બાજ કિસ નહરસે લેતા નહીં દરયા તેરા*

સરકાર ગૌષે આ'ઝમ رضی اللہ عنہને રબ તઆલાએ ગૌષિયતે કુબ્રાનો મન્સબ અને મકામે તક્વીન અતા ફર્માવ્યો. એટલા માટે ફર્માવે છે : ''જો મારો મુરીદ પૂર્વમાં ક્યાંક બેપર્દા થઈ જાય અને હું પશ્ચિમમાં હોઉં તો પણ હું તેની સતરપોશી કરું છું.''

*(બેહજતુલ અસ્રાર)*

બીજી જગાએ ફર્માવ્યું : ''હે મારા મુરીદ ! મારો દામન મજબૂતીથી પકડી લે અને મારા પર પૂરો વિશ્વસ રાખ. હું તારી હિમાયત દુનિયામાં પણ કરીશ અને કયામતના દિવસે પણ.''

**ઈમામુલ મુહદ્દિષીન શયખ અબ્દુલહક્ક મુહદ્દિષ દહેલ્વી** رحمۃ اللہ علیہ **ફર્માવે છે :** ''જો અન્ય લોકો કુતુબ છે તો આ ખલફે સાદિક તથા કુતુબલ અક્તાબ છે. જો અન્ય લોકો સુલ્તાન છે તો આ ખલફે સાદિક સુલ્તાનોના શહનશાહ છે અને આપનું નામ મુબારક શયખ સૈયદ સુલ્તાન મુહયુદ્દીન અબ્દુલકાદિર જીલાની છે જેમણે દીને ઈસ્લામને બીજીવાર જીવંત કર્યો અને કાફિરોના તરીકાને ખત્મ કરી આપ્યો. અને નબી કરીમ صلی اللہ علیہ وسلمનો પણ એ જ ઈર્શાદ છે કે الشيخ يحيي و يميت ''શયખે કામિલ ઝિંદા કરે તથા મારે છે.'' *(અખ્બારુલ અય્યાર)*

*હુકમ નાફિઝ હૈ તેરા ખામા તેરા સૈફ તેરી*
*દમમેં જો ચાહે કરે દૂર હૈ શાહા તેરા*

*અર્ઝે અહવાલ કી પ્યાસોં મેં કહાં તાબ મગર*
*આંખેં અય અબ્રે કરમ તક્તી હૈ રસ્તા તેરા*
*–(આ'લા હઝરત رحمۃ اللہ علیہ)*

**ઈમામુલ મુહદ્દિષીન આગળ ફર્માવે છે :** ''શયખના મક઼ામનો એના પરથી અંદાઝો કરવામાં આવે કે અલ્લાહ તઆલા જે હૈયૂ કૈયૂમ છે તેણે આપણને ઈસ્લામ અતા કર્યો અને ગ઼ૌષુષ્ષક઼લૈને તેને બીજીવાર જીવંત કર્યો. ગ઼ૌષુષ્ષક઼લૈનનો અર્થ જ છે કે જિન્નાત તથા ઈન્સાન તેની પનાહ લે. જેથી હું બેકસ તથા મોહતાજ પણ તેમની જ પનાહનો તલબગાર અને તેમના જ દરબારનો ગુલામ છું. મારા પર તેમનો કરમ તથા ઈનાયત છે અને તેમની મહેરબાનીઓના વિના કોઈ ફરિયાદ સાંભળનાર નથી.

પછી ફર્માવે છે : ''હઝરત ગ઼ૌષે આ'ઝમ યક઼ીનના માર્ગની દલીલ છે. આમ વિના શંકાએ દીની અકાબિર (અગ્રેસર બુઝુર્ગો)ના રેહબર તથા રહનુમા છે. આપ તમામ અવલિયા અલ્લાહમાં એ રીતે અજોડ છે જેવી રીતે નબી અકરમ ﷺ તમામ અંબિયાએ કિરામમાં અનોખી વિશિષ્ટતા ધરાવે છે. બંને જહાનમાં મારી ઉમ્મીદો આપની જાતથી લાગેલી છે. આપ મારી હમેશાંની ઉમ્મીદોની ધરી છે.''

આગળ ફર્માવે છે : ''ઉમ્મીદ છે કે જો કદી રાહથી ભટકી જઉં તો તે રાહબરી કરે, અને જો ઠોકર ખાઉં તો તે મને સંભાળી લે. કેમ કે તેમણે જ પોતાના દોસ્તોને એ ખુશખબરી આપી છે કે અલ્લાહ તઆલાએ મારા માટે એક રજીસ્ટર બનાવી આપ્યું છે જેમાં મારા ક઼યામત સુધી થનારા મુરીદોનાં નામો લખેલાં છે. હુકમે ઈલાહી થઈ ચૂક્યો છે કે મેં એ સૌની મગફિરત ફર્માવી આપી છે. કાશ ! મારું (શયખ અબ્દુલહક્ક઼નું) નામ પણ આપના મુરીદોના રજીસ્ટરમાં લખેલું હોય. પછી મને કોઈ ગમ ન થશે, કેમ કે મારી ઈચ્છાના પ્રમાણે મારું કામ પૂર્ણ થઈ ગયું છે. હું નામુરાદ પણ હઝરત ગૌષે ષકલૈનનો મુરીદ બની ગયો છું. ક઼બૂલ કરવું કે ઈન્કાર કરી દેવો એ એમના હાથમાં છે. એમના તલબગારોમાં છું અને તેમનું ચાહવું તેમના અખ્તયારમાં છે.'' *(અખ્બારુલ અખ્યાર)*

વિચાર કરો કે આટલા મહાન મુહદ્દિષ, ઈસ્લામી જગતના જલીલુલ ક઼દર (મહાન શાનવાળા) ઈમામ શયખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વી જ્યારે બારગાહે ગ઼ૌષિયતમાં આ પ્રમાણે આજીજી કરે, ઈમામે રબ્બાની હઝરત મુજદ્દિદ અલ્ફેષાની જ્યારે ગ઼ૌષે પાકનો પોતાના આક઼ા કહીને બારગાહે ઈલાહીમાં વસીલો બનાવે, સુલ્તાનુલ હિંદ ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી અજમેરી તથા સર્વ અવલિયા ગ઼ૌષ પાકના આદેશ પર પોતાનાં માથાં ઝુકાવી દે, હઝરત કુત્બુદ્દીન બખ્તિયાર કાકી, હઝરત ખ્વાજા બહાઉદ્દીન નક઼્શબંદ, હઝરત બહાઉદ્દીન ઝકરિયા મુલ્તાની, હઝરત મખ્દૂમ અલી અહમદ સાબિર કલીયરી, હઝરત સુલ્તાન બાહુ, હઝરત અબ્દુર્રહમાન જામી, ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہم اجمعین તેમની બારગાહમાં પ્રશંસા કરતાં તેમને ગ઼ૌષુષ્ષક઼લૈન, ગ઼ૌષે અ'ઝીમ, મહબૂબે સુબ્હ઼ાની, પીરે પીરાં અને દસ્તગીરના લક઼બોથી યાદ કરે તો તેમના હક઼ીક઼ી મક઼ામને હું અને તમે કેવી રીતે સમજી શકીએ છીએ ?! આ તેમની દિલો પર હુકમરાની છે કે પૂરી દુનિયામાં તેમનો ઉર્સ એટલે ગ્યારવીં ઘણા જ જોશો ખરોશથી મનાવવામાં આવે છે ભલે લોકો તેમની અઝમત ન પણ સ્વીકારે તો શું ફરક઼ પડે છે ?! આ'લા હઝરતે શું સરસ કહ્યું છે :

*વરફઅ્ના લક઼ ઝિક્રક કા હૈ સાયા તુઝ પર*
*બોલ બાલા હૈ તેરા ઝિક્ર ઉંચા હૈ તેરા*
*મિટ ગએ, મિટતે હૈં, મિટ જાએંગે આ'દા તેરે*
*ન મિટા હૈ ન મિટેગા કભી ચર્ચા તેરા*

*(સરકાર ગ઼ૌષે આ'ઝમ رضی اللہ عنہ કિતાબ,*
*અઝ : શાહ તુરાબુલ હક્ક઼ના સૌજન્યથી)*

# હું મુસલમાન થઈને



# કુર્આન વિશે શું જાણું છું ?!

હપ્તો ૦૫


**લેખક : ડૉક્ટર મુહમ્મદ અહમદ નઈમી**
*(જામિઆ હમદર્દ યુનિવર્સિટી—ન્યુ દિલ્હી)*
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**
*(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*


## કુર્આનના વિષયો

કુર્આને હકીમ ઈલ્મો વિદ્યાઓની જેમ પૃથ્વી તથા આકાશનો અસંખ્ય વિષયોનો પણ એક અસીમ સમુદ્ર છે. ઈન્સાનને દુન્યવી તથા ઉખરવી (આખેરતની) જિંદગીમાં ઉપસ્થિત થનારા મસાઈલ (સમસ્યાઓ) અને તેનો બેહતરીન હલ અને માનવ જાતને ઈલ્મી, વૈચારિક તથા અમલી રીતે કઈ ચીજો તથા અમલો ફાયદાકારક છે અને કઈ નુકસાનકર્તા એ સર્વ વિષયો કુર્આને પાકમાં મૌજૂદ છે. ટૂંકમાં એ કે માણસના મામલાઓ હોય કે ઈબાદતો, બશારતો હોય કે સજાઓ, સવાલ હોય કે અઝાબ, જઝા (બદલો) હોય કે સજા, દીન હોય કે દુનિયા, દુનિયા હોય કે આખેરત, કબ્ર હોય કે હશ્ર, અમલો હોય કે અકીદા, આર્થિક બાબતની હોય કે ઈમાન વિશે, જાહેર હોય કે બાતિન, રૂહ હોય કે દિલ અને તા'લીમો તર્બિયત હોય કે તક્વો તથા પાકીઝગી, સર્વ પ્રકારના વિષયો કુર્આને પાકમાં મૌજૂદ છે. કોઈ વિષયને વિસ્તારપૂર્વક વર્ણવવામાં આવેલો છે તો કોઈ વિષયને સંક્ષિપ્તપણે. અમારા અપૂર્ણ અભ્યાસમાં કુર્આને પાકના જે વિષયો આવ્યા છે તેની યાદી નીચે પ્રમાણે છે :—

(૧) વજૂદે અલ્લાહ તઆલા (૨) તૌહીદ (૩) અલ્લાહની પાકી તથા પવિત્રતા (૪) ઈલ્મે ગયબ (૫) કુફ્ર તથા શિર્ક (૬) તક્વા તથા પાકીઝગી (૭) નબુવ્વત તથા રિસાલત (૮) અલ્લાહ વ રસૂલનું આજ્ઞાપાલન (૯) આદાબે રસૂલ (૧૦) જેહાદ (૧૧) કુર્આનનું અનુસરણ (૧૨) નમાઝ (૧૩) રોઝા (૧૪) ઝકાત (૧૫) હજ્જ (૧૬) અદ્લો ઈન્સાફ (૧૭) ઈત્તેફાક તથા ઈત્તેહાદ (એકતા) (૧૮) હલાલ તથા હરામ (૧૯) વ્યાજ (૨૦) અખ્લાકો આદાબ (૨૧) માપ તોલ (૨૨) હુસ્ને સુલૂક (સદ્વર્તાવ) (૨૩) આપસમાં મહોબ્બત તથા ભાઈચારાની ભાવના (૨૪) સાચુ બોલવું (૨૫) માનવતાનું સન્માન (૨૬) હક્કગોઈ (૨૭) દીનની તબ્લીગ (૨૮) ત્યાગવૃત્તિ તથા કુર્બાની (૨૯) સબ્ર તથા રઝામંદી તથા સહનશક્તિ (૩૦) અલ્લાહ પર તવક્કુલ (ભરોસો) (૩૧) આર્થિક બાબતો (૩૨) ઈબાદતો (૩૩) બશારતો (ખુશખબરીઓ) (૩૪) મજલિસના આદાબ (૩૫) ઈલ્મ પ્રાપ્તિ પ્રતિ પ્રોત્સાહન (૩૬) દીનમાં બુદ્ધિનો મકામ (૩૭) કેસાસ (ખૂનના બદલે ખૂન) તથા દિયત (ખૂનના બદલે માલ) (૩૮) લૂટફાટ તથા ડાકૂગીરીની સજા (૩૯) ચોરીની સજા (૪૦) કઝફ તથા તોહમત (ઝિનાના આક્ષેપની) સજા (૪૧) ઝિના તથા લવાતત (સૃષ્ટિ વિરુદ્ધ કૃત્ય)ની સજા (૪૨) અમ્ર બિલ્મઅરૂફ નહી અનિલ મુન્કર (સારી વાતનો હુકમ આપવો અને બુરી વાતથી રોકવું) (૪૩) ફઝાઈલે કુર્આન (૪૪) આદાબે કુર્આન (૪૫) એ'જાઝે કુર્આન (૪૬) કસસુલ અંબિયા (૪૭) આગલી ઉમ્મતોના બનાવો (૪૮) દુઆ તથા તસ્બીહ (૪૯) મીલાદુન્નબી ﷺ (૫૦) નેઅમત તથા ઈનામોનો ઈઝહાર (૫૧) દુરૂદો સલામ (૫૨) જન્નત તથા દોઝખ (૫૩) કબ્ર તથા હશ્ર (૫૪) શફાઅત તથા રહમત (૫૫) મીઝાન તથા કયામત (૫૬) માનવ તથા ઈન્સાનના ખિતાબ (૫૭) ઈમાન તથા ઈસ્લામ (૫૮) સારા તથા બુરા

અમલો (૫૯) રઝાએ ઈલાહી (૬૦) ગરીબોનું ભરણપોષણ (૬૧) કીના હસદ પરવરીથી બચવું વગેરે.

કુર્આનના વિષયોના સંબંધે જે યાદી અમે રજૂ કરી છે તે અધૂરી છે. હકીકત એ છે કે કુર્આનના વિષયોનો ઘેરાવ કરવો માનવ બુદ્ધિ તથા માનવ ઈલ્મથી પર છે. અમે જે વિગત વર્ણવી છે તેમાંથી દરેક વિષયની સાબિતી તથા દલીલમાં કુર્આની આયતો રજૂ કરી શકાય છે પણ લખાણ ટૂંકાવવાની ગરજથી અહીં આટલેથી સંતોષ લીધો છે.

## કુર્આનના આદાબ (નિયમો)

આ સાબિત તથા સિદ્ધ થયેલ હકીકત છે કે કુર્આન ખૂબ જ મહાન ગુણો તથા ખૂબીઓ ધરાવે છે. તેની એક મહત્વની વિશિષ્ટતા એ છે કે દુનિયાની કોઈ પણ અનમોલ કૃતિ કે મશહૂર કિતાબથી આપ પૂછો કે હે સમયની મશહૂર કિતાબ ! બતાવ કે તને પઢવા (વાંચવા) તથા અભ્યાસ કરવામાં નિયમો તથા ઉસૂલો શું છે ? તો તેના અનુસંધાનમાં તે ખામોશ જોવા મળશે. પરંતુ આ જ સવાલ જ્યારે આપ આસ્માની કિતાબ કુર્આને પાકથી કરશો તો તે ખૂબ જ સ્પષ્ટ તથા સાફ અંદાઝમાં પોતાના સર્વ આદાબ તથા ઉસૂલ પેશ કરતી જોવા મળશે.

અમે સવાલ કર્યો કે હે કુર્આન ! તું કોનુ કલામ (વાણી) છે ? તું કોની કિતાબ છે ? તું કોની તરફથી નાઝિલ થઈ (ઉતરી) ? તો કુર્આન જવાબ આપે છે : هذا كلام الله (આ અલ્લાહનું કલામ છે.) حَتّٰى يَسْمَعَ كَلٰمَ اللّٰهِ (ત્યાં સુધી કે તે અલ્લાહનું કલામ સાંભળે.) تَنْزِيْلٌ مِّنْ رَّبِّ الْعٰلَمِيْنَ (નાઝિલ કરેલુ–ઉતરેલુ સર્વ જહાનના રબનું).

*(તૌબા–૬, વાક઼િઆ–૮૦)*

અમે સવાલ કર્યો કે, હે કુર્આન ! તું કોના ઝરીયો ઉતર્યું ? તો કુર્આને જવાબ આપ્યો : نَزَلَ بِهِ الرُّوْحُ الْاَمِيْنُ (જિબ્રઈલે અમીનના થકી નાઝિલ થયું. ઉતર્યું. *–સૂરએ શૂરા, ૨૬/૧૯૩*) قُلْ نَزَّلَهٗ رُوْحُ الْقُدُسِ مِنْ رَّبِّكَ بِالْحَقِّ (તમે ફર્માવો, એને પાકીઝગીની રૂહે નાઝિલ કર્યું તમારા રબની તરફથી હક્ક઼ની સાથે.) *(સૂરએ નહ્‌લ–૧૦૨)*

અમે સવાલ કર્યો, હે કુર્આન જિબ્રઈલ થકી તું કોના પર નાઝિલ થયું ? કુર્આને ઈર્શાદ ફર્માવ્યું :–

تَبٰرَكَ الَّذِىْ نَزَّلَ الْفُرْقَانَ عَلٰى عَبْدِهٖ لِيَكُوْنَ لِلْعٰلَمِيْنَ نَذِيْرًا

(ઘણી બરકતવાળો છે તે કે જેણે ઉતાર્યું કુર્આન પોતાના બંદા પર જે સર્વ જહાનોને ડર સંભળાવનાર હોય.) *(સૂરએ ફુર્કાન–૧)*

وَاٰمَنُوْا بِمَا نُزِّلَ عَلٰى مُحَمَّدٍ (અને તેઓ જે ઈમાન લાવ્યા એના પર જે મુહમ્મદ ﷺ પર નાઝિલ કરવામાં આવ્યું.) *(સૂરએ મુહમ્મદ–૨)*

અમે સવાલ કર્યો, હે કુર્આન ! તું કઈ ભાષામાં નાઝિલ થયું ? કુર્આને જવાબમાં ફર્માવ્યું : اِنَّآ اَنْزَلْنٰهُ قُرْءٰنًا عَرَبِيًّا لَّعَلَّكُمْ تَعْقِلُوْنَ (બેશક ! અમે કુર્આન અરબી ભાષામાં ઉતાર્યું જેથી તમે સમજો.)

*(સૂરએ યૂસુફ. આ. ૨૧૨)*

અમે સવાલ કર્યો કે હે કુર્આન ! તને શા માટે નાઝિલ કરવામાં આવ્યું ? તારા ઉતરાણનો હેતુ શું છે ? તો કુર્આને જવાબ આપ્યો :

وَهٰذَا كِتٰبٌ اَنْزَلْنٰهُ مُبٰرَكٌ فَاتَّبِعُوْهُ وَاتَّقُوْا لَعَلَّكُمْ تُرْحَمُوْنَ

''આ કિતાબ જે અમે નાઝિલ કરી (ઉતારી) તે મુબારક છે, તમે એનુ અનુસરણ કરો અને અલ્લાહથી કે જેથી તમારા પર રહમ કરવામાં આવે.''

*(સૂરએ અન્આમ, આ. ૧૫૫)*

كِتٰبٌ اَنْزَلْنٰهُ اِلَيْكَ مُبٰرَكٌ لِّيَدَّبَّرُوْٓا اٰيٰتِهٖ وَ لِيَتَذَكَّرَ اُولُوا الْاَلْبَابِ

''આ બરકતવાળી કિતાબ છે જેને અમે આપના પર એટલા માટે ઉતારી છે કે જેથી લોકો તેની

આયતોમાં ચિંતન વિચારણા કરે અને બુદ્ધિશાળીઓ નસીહત હાંસલ કરે.'' *(સૂરએ صٓ, ૩૮/૨૯)*

અમે સવાલ કર્યો કે હે કુર્આન અમે તારી તિલાવત કરવા (વાંચવા) ચાહીયે છીએ તો સૌ પ્રથમ અમે શું કરીએ ? તો કુર્આન જવાબ આપે છે : لَّا يَمَسُّهٗٓ اِلَّا الْمُطَهَّرُوْنَ ''કુર્આનને સ્પર્શે પણ પાક (પવિત્ર) તથા વુઝૂવાળો.'' *(સૂરએ વાક઼િઆ, આ. ૭૯)*

એટલે કે કુર્આને આપણને સાવચેત કર્યા કે જો મારી તિલાવત કરવા (પઢવા) ચાહો છો તો પ્રથમ પાકી (પવિત્રતા) હાંસલ કરો, વુઝૂ બનાવો પછી મને પઢવા હાથ લગાડો.

પછી સવાલ કર્યો કે વુઝૂ અને પાકી પછી શું કરીએ ? તો કુર્આને કહ્યું,

فَاِذَا قَرَاْتَ الْقُرْاٰنَ فَاسْتَعِذْ بِاللّٰهِ مِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ

''તમે જ્યારે કુર્આન પઢો તો اعوذ باللّٰه مِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ પઢો.'' *(સૂરએ નહ્‌લ, આ. ૯૮)*

અઊઝુબિલ્લાહ પછી બિસ્મિલ્લાહના બારામાં આદેશ આપ્યો :

اِنَّهٗ مِنْ سُلَيْمٰنَ وَاِنَّهٗ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

''બેશક ! તે સુલૈમાનની તરફથી છે અને બેશક! તે અલ્લાહના નામથી છે અતિશય મહેરબાન રહમવાળો.'' *(સૂરએ નમ્લ, ૨૭/૩૦)*

એટલે કે અલ્લાહના મહબૂબ નબી તથા રસૂલ ﷺ પોતાના દરેક કાર્યની શરૂઆત બિસ્મિલ્લાહથી કરતા હતા. જેવી રીતે કે સુલૈમાન علیہ السلام એ મલિકા સબાને પત્ર લખ્યો તો તેના શરૂમાં اِنَّهٗ مِنْ سُلَيْمٰنَ وَاِنَّهٗ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ લખ્યું. આ આયતે કરીમાથી કુર્આને સ્પષ્ટ કરી આપ્યું કે અલ્લાહના મહેબૂબ બંદા કોઈ પણ નેક અમલની શરૂઆત બિસ્મિલ્લાહથી કરતા હતા. જેથી તમે પણ તેમની પયરવી (અનુસરણ) કરીને બિસ્મિલ્લાહ થકી જ શરૂઆત કરો.

કુર્આનની તિલાવત (વાંચન)ની શરૂઆતની સ્પષ્ટતા પછી અમે સવાલ કર્યો કે કુર્આન અધિક એ બતાવ કે તારી તિલાવત કેવી રીતે કરવામાં આવે ? જલ્દી ઉતાવળથી કે ઈત્મિનાન તથા સુકૂનની સાથે ? કુર્આને કહ્યું, وَرَتِّلِ الْقُرْاٰنَ تَرْتِيْلًا ''અને કુર્આન ખૂબ અટકી અટકીને પઢો.'' *(સૂરએ મુઝ્ઝમ્મિલ, આ. ૪)*

لِتَقْرَاَهٗ عَلَى النَّاسِ عَلٰى مُكْثٍ ''જેથી તમો લોકો સમક્ષ એને અટકી અટકીને પઢો.''

*(બની ઈસ્રાઈલ, આ. ૧૦૬)*

ઉપરોક્ત નિયમો (આદાબ) તથા ઉસૂલ ઉપરાંત અન્ય આદાબ વર્ણન કરતાં કુર્આને ફર્માવ્યું કે જ્યારે મારી તિલાવત કરવામાં આવે તો સાંભળ નારાઓ પર વાજિબ તથા જરૂરી છે કે ધ્યાનપૂર્વક સાંભળે :

وَاِذَا قُرِئَ الْقُرْاٰنُ فَاسْتَمِعُوْا لَهٗ وَاَنْصِتُوْا لَعَلَّكُمْ تُرْحَمُوْنَ

**''અને જ્યારે કુર્આન પઢવામાં આવે તો તેને કાન લગાડીને સાંભળો** અને **ખામોશ રહો** કે **તમારા પર રહમ થાય.''** *(સૂરએ અઅ્‌રાફ, આ. ૨૦૪)*

મકરૂહ સમયોને છોડીને કોઈપણ સમયે કુર્આને પાકની તિલાવત (વાંચન) કરવામાં આવે એ અત્યંત ખૈરો બરકતનો તથા રહ્‌મતના ઉતરાણનો સબબ છે. પરંતુ કુર્આને પાકે તિલાવતના ઉસૂલ તથા આદાબના હેઠળ એક બેહતરીન અદબ એ આપ્યો કે કોઈપણ સમયે કુર્આનની તિલાવત કરવામાં આવે. તેની અઝમત (મહાનતા) તથા બરકત અને ફઝીલત તેના સ્થાને સિદ્ધ થયેલ છે, પણ ફજરની તિલાવતની એ શાન છે કે તેને સાંભળવા માટે રહ્‌મતના ફરિશ્તા નાઝિલ થાય (ઉતરે) છે.

قُرْاٰنَ الْفَجْرِ ۭ اِنَّ قُرْاٰنَ الْفَجْرِ كَانَ مَشْهُوْدًا ''અને સવારનું કુર્આન, બેશક ! સવારના કુર્આનમાં ફરિશ્તા હાજર થાય છે.'' *(સૂરએ બની ઈસ્રાઈલ, આ. ૧૭/૭૮)*

એ જ પ્રમાણે કુર્આન મજીદ જોઈને પણ પઢી

શકે છે, બલ્કે જોઈને પઢવામાં બમણો સવાબ છે. એક જોવાનો અને બીજો પઢવાનો. અને તેને ઝબાની યાદ તથા હિફ્ઝ પણ કરી શકીએ છીએ. પરંતુ એના હિફ્ઝની અદબનું વર્ણન કરતાં કુર્આને પાક ઈર્શાદ ફર્માવે છે :

فَتَعٰلَى اللّٰهُ الْمَلِكُ الْحَقُّ ۚ وَ لَا تَعْجَلْ بِالْقُرْاٰنِ مِنْ قَبْلِ اَنْ يُّقْضٰۤى اِلَيْكَ وَحْيُهٗ ؗ

"સૌથી મહાન છે અલ્લાહ, સાચો બાદશાહ. અને કુર્આનમાં જલ્દી ન કરો જ્યાં સુધી તેની વહી તમને પૂરી ન થઈ જાય." *(સૂરએ તાહા, આ. ૧૧૪)*

لَا تُحَرِّكْ بِهٖ لِسَانَكَ لِتَعْجَلَ بِهٖ ؕ﴿۱۶﴾ اِنَّ عَلَيْنَا جَمْعَهٗ وَ قُرْاٰنَهٗ ۚ﴿۱۷﴾

"તમે યાદ કરવાની જલ્દીમાં કુર્આનની સાથે પોતાની ઝબાનને હરકત ન આપો, બેશક ! તેને મહેફૂઝ કરવું તથા પઢવું અમારા જિમ્મે છે."

*(સૂરએ કિ઼યામહ, આ. ૧૬, ૧૭)*

કુર્આનની તિલાવત તથા કુર્આનની કિ઼રાઅતના આ તે નિયમો હતા જે ખુદ કુર્આને કરીમમાં વર્ણવવામાં આવ્યા છે. તેમના સિવાય અમુક તે આદાબ છે જે હુઝૂરે અન્વર ﷺએ હદીષ શરીફમાં ઈર્શાદ ફર્માવ્યા છે. કુર્આનની તિલાવતના સમયે આપણી શું કૈફિયત તથા શું હાલત હોવી જોઈએ, એનું વર્ણન કરતાં હુઝૂર ﷺ ફર્માવે છે કે :

فاذا قرأتموه فابكوا. فان لم تبكوا فتباكوا

"જ્યારે કુર્આન પઢો તો તિલાવત દરમિયાન રડયા કરો, અને જો રૂદન ન આવે તો રડવા જેવો ચહેરો જ બનાવી લો."

*(સુનને ઈબ્ને માજહ, કિતાબુલ ઈક઼ામહ, પેજ–૧૭૬)*

કુર્આનના વર્ણવેલ અદબની તર્જુમાની નીચે દર્શાવેલ આયતથી પણ થાય છે : وَيَخِرُّوْنَ لِلْاَذْقَانِ يَبْكُوْنَ وَيَزِيْدُهُمْ خُشُوْعًا ۩﴿۱۰۹﴾ "(જ્યારે કુર્આન પઢવામાં આવે છે) હડપચીભેર પછડાતા રડતા અને આ કુર્આન તેમના દિલનો ખુશૂઅ તથા ખુઝૂઅમાં વધારો કરે છે." *(સૂરએ બની ઈસ્રાઈલ, આ. ૧૦૯)*

કુર્આનની કિ઼રાઅતના સમયે અવાજની શું કૈફિયત હોવી જોઈએ, અવાજનો શું અદબ છે ? તેને સ્પષ્ટ કરતાં હુઝૂરે અન્વર ﷺ ઈર્શાદ ફર્માવે છે : زينو القرآن باصواتكم "કુર્આનને તમારા અવાજોથી રોનક બખ્શો." *(આખરી પયગામ, પેજ–૧૬૧)*

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે તે ફર્માવે છે કે, મેં રસૂલુલ્લાહ ﷺથી સાંભળ્યું આપ ફર્માવતા હતા :

مَاأذن الله لشئ ماأذن لنبى حسن الصوتِ بالقرآن يجهر به

"અલ્લાહને પોતાના નબીની ઝબાનથી જેટલા પ્રમાણમાં હુસ્ને સૂરત અને ઉમદા અવાજથી કુર્આન મજીદ સાંભળવું પસંદ છે, અન્ય કોઈ ચીજ એટલી પસંદ નથી." *(મિશ્કાતુલ મસાબીહ, કિતાબુલ ફઝાઈલુલ કુર્આન, બાબ આદાબે તિલાવત, પ્રથમ વિભાગ)*

જાણવા મળ્યું કે કુર્આનને ઉમદા અવાજ અને બેહતરીન અંદાઝમાં પઢવું જોઈએ કે એ પણ એનાં એક મહત્વનો અદબ છે.


## અણમોલ કિતાબ મફત મંગાવો !

**મસ્લકના ચાર ઈમામ** (પેજીસ : ૯૬)

**સંપાદક :** **પીર સૈયદ હાજી દાદામિયાં શમ્સુદ્દીન ક઼ાદરી "મુહીબ" રૂપાલાવાલા**

**પ્રકાશક :** **સુન્ની મુસ્લિમ ખિદમત કમિટી,** મુ. રૂપાલ, તા. બાવલા, જિ. અહમદાબાદ, પિન : ૩૮૨૨૨૦, મો. ૯૮૨૪૪ ૫૦૧૯૪

આપણે ફિક઼્હના ચાર મસ્લકને માનીએ છીએ અને એમાંથી ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ ની પયરવી કરીએ છીએ જેથી આપણે હનફી કહેવાઈએ છીએ. તો અન્ય શાફઈ, માલિકી, હંબલી પણ હોય છે. પણ આપણે આપણા ઈમામો વિશે, તેમનાં કમાલાત, ખૂબીઓ, ઈલ્મ, તક઼્વો....વગેરે ખૂબીઓ વિશે અજ્ઞાત રહીએ છીએ તો આ વિશે માહિતી મેળવવા આ કિતાબ પ્રકાશકના સરનામે સંપર્ક કરી જરૂરથી મંગાવશો. *–તંત્રી*

૭



# ખલીફાએ રાશિદ
# હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہ

• કાર્યાલય •

(ઉમવી દૌરનો તે ખુદાથી ડરનાર હુકમરાં જેણે હજારો વિરોધો તથા નારાજીઓ છતાં સમાજને ઈસ્લામી અહકામનો પાબંદ કરી આપ્યો.)

હપ્તો છેલ્લો

## ★ પચાવી પાડેલ માલનું પરત લેવું અને બનૂ ઉમૈયાનો વિરોધ ★

હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہએ કેવળ ઈલાકા તથા જાગીરો છીનવીને બનૂ ઉમૈયાને હાથે પગે નથી કરી આપ્યા, બલ્કે સર્વ વિશિષ્ટતાઓ મિટાવીને તેમના ગર્વ તથા ઘમંડને ધૂળમાં મેળવી દીધો. આપના આ ડગલાથી ખાનદાનમાં તેમની વિરૂધ્ધ સખત ગુસ્સો વ્યાપી ગયો અને તેમણે દરેક રીતે પૂરી કોશિશ કરી કે ઉમર બિન અબ્દુલ અઝીઝે જે સુધારણાની ચળવળ ચલાવી છે, આપે જે આ ક્રમ શરૂ કર્યો છે એના માટે અમે રાજી નથી અને અમો કોઈ પણ સ્થિતિમાં અમારી જાગીરો પરત કરીશું નહીં, અને ન માલ સંપત્તિ તમને પરત કરીશું. તેમના જવાબમાં હરઝત ઉમર બિન અબ્દુલ અઝીઝે ફર્માવ્યું હતું : ''આ આપની ફોગટની સોચ છે. હું તમારી પાસેથી સર્વ હડપ કરેલો માલ પરત લઈને તેમના અસલી હક઼દારોને પરત કરીને રહીશ.''

બની ઉમૈયાના ખાનદાને કોશિશ ચાલુ રાખી કે ઉમર બિન અબ્દુલ અઝીઝે જે ચળવળ ઉપાડી છે તેનાથી દૂર થઈ જાય. જેમ કે ઉમર બિન અબ્દુલ વલીદ બિન અબ્દુલ મલિકે આપને એક પત્ર લખ્યો :

''તમે પાછલા ખલીફાઓ પર અયબ લગાડયો છે અને તેમની ઔલાદની દુશ્મનીથી તેમની વિરૂધ્ધ રવિશ અપનાવી છે. તમે કુરૈશની દૌલત અને તેમના વારસાને જુલ્મ તથા દુશ્મનીમાં બયતુલ માલમાં દાખલ કરીને ક઼તએ રહમ (સગાંથી સંબંધ કટ) કરેલ છે. ઉમર બિન અબ્દુલ અઝીઝ ! ખુદાથી ડરો અને એનો ખયાલ કરો કે તમે જુલ્મ કર્યો. તમે મિમ્બર પર બેસતાંની સાથે જ પોતાના ખાનદાનને જુલ્મ તથા જોરના માટે ખાસ કરી લીધું. એ ખુદાની ક઼સમ ! જેણે હઝરત મુહમ્મદ ﷺને ઘણી બધી વિશિષ્ટતાઓ સાથે ખાસ કર્યા, તમે પોતાની આ હુકૂમતમાં જેને તમો મુસીબત કહો છો, ખુદાથી બેહદ દૂર થઈ ગયા છો. તમારી ખ્વાહિશાતને રોકો અને યક઼ીન કરો કે તમને આ હાલતમાં છોડવામાં નથી આવી શકતા.''

હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہ જો કે સરાપા સંયમવાળા સહનશીલ હતા, છતાંય આપે પણ તેનો સખત જવાબ લખ્યો :

''મને તમારો પત્ર મળ્યો અને જેવું તમે લખ્યું છે હું તેવો જ જવાબ આપીશ. તમે એક દુશ્મન તથા જાલિમ છો. તમારો ખયાલ છે કે હું જાલિમોમાંથી છું, મેં તમને તથા તમારા ખાનદાનને ખુદાના માલથી જે અહલે કુરબા, મિસ્કીનો તથા બેવાઓનો હક્ક઼ છે તેનાથી વંચિત કરી દીધા, પરંતું મારાથી અધિક જાલિમ અને મારાથી અધિક ખુદાના અહદને છોડનાર તે શખ્સ છે જેણે તમને બચપન તથા કમીનાપનની હાલતમાં મુસલમાનોની એક છાવણીના ઓફિસર નિયુક્ત કર્યા. અને તમે તમારી રાયના પ્રમાણે મામલાઓનો ફેંસલો કરતા રહ્યા. તો ફિટકાર થાય

તારા પર અને ફિટકાર થાય તારા બાપ પર જે પોતાના દાવેદારોથી કેવી રીતે છૂટકારો પામશે. મારાથી અધિક જાલિમ અને મારાથી અધિક અલ્લાહથી કરેલ અહદ (વાયદો) છોડનાર તે શખ્સ છે જેણે અરબના ખમ્સમાં આલિયા બરબરિયાનો હિસ્સો નક્કી કર્યો.

જો મને ફુરસદ હોત તો તને તથા તારા ખાનદાનને રોશન રસ્તા પર લાવત. અમો મુદ્દતોથી હક્કને ત્યજી દીધો. જો તમને વેચવામાં આવે અને તમારી કિંમત યતીમો, મિસ્કીનો તથા વિધવાઓ પર વહેંચણી કરવામાં આવે તો પૂરતી ન થશે કેમ કે તમારા પર સૌનો હક્ક છે. અમારા પર સલામ થાય અને ખુદાનો સલામ જાલિમો પર નથી પહોંચતો"

*(સીરતે ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ, પેજ–૧૧૨)*

હઝરત ઉમર ઈબ્ને અઝીઝે જે ચળવળ ચલાવી હતી તેના પર તે સખ્તીથી કાર્યરત હતા. મરવાને એકવાર હિશામ બિન અબ્દુલ મલિકને પોતાનો વકીલ બનાવીને હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہની પાસે મોકલ્યો, અને તેમને કહ્યું કે આપ ઉમર બિન અબ્દુલ અઝીઝને કહો કે તેમણે જે ક્રમ શરૂ કરી રાખ્યો છે તેને બંધ કરે. જેથી હિશામ બિન અબ્દુલ મલિકે આપને આવીને કહ્યું, "હે અમીરુલ મો'મિનીન ! હું આપની ખિદમતમાં સર્વ ખાનદાનની તરફથી એલચી બનીને આવ્યો છું અને તેમની માગણી છે કે જે ચાહો તે કરો, પાછલા ખલીફાઓ જે કરી ગયા છે તેને એ જ હાલતમાં રહેવા દો."

હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝે તેના જવાબમાં હિશામ બિન અબ્દુલ અઝીઝ મલિકને પૂછયું, "તમારી પાસે બે દસ્તાવેજ હોય એક સૈયદના મુઆવિયહ رضی اللہ عنہનો અને બીજો અબ્દુલ મલિકનો તો તમે બંનેવમાંથી કોના પર અમલ કરશો ? હિશામે કહ્યું, જે અગ્ર સ્થાને હોય. હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝે કહ્યું, તો મેં કિતાબુલ્લાહને સૌથી અગ્રેસર દસ્તાવેજ પામ્યો છે, એટલા માટે દરેક તે ચીજમાં જે મારા અધિકારમાં છે, ચાહે તે મારા જમાનાની હોય કે પાછલા જમાનાથી સંબંધિત હોય, એના પ્રમાણે અમલ કરીશ.

*(સીરતે ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ, પેજ–૧૧૯)*

જ્યારે બનૂ મરવાનની કોઈ તદબીર કામ ન લાગી તો તેમણે અંતિમ હથિયારનો ઉપયોગ કર્યો અને આપનાં ફોઈને આપની ખિદમતમાં મોકલ્યાં. જેથી તે આવ્યાં અને હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہને કહ્યું કે, "ઉમર ! તમારાં સગા કુટુંબીઓ ફરિયાદ કરે છે અને કહે છે કે તમે તેમની પાસે ગૈરની આપેલી રોટી છીનવી લીધી !"

હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝે કહ્યું કે, મેં તેમનો કોઈ હક્ક છીનવ્યો નથી. ફોઈએ જવાબ આપ્યો, સર્વ લોકો એના વિશે વાતો કરે છે અને મને ડર છે કે તમારી વિરૂધ્ધ બગાવત ન કરી દે !

આપે ફર્માવ્યું, જો હું કયામતના સિવાય કોઈ દિવસથી ડરું તો અલ્લાહ મને તેની બુરાઈઓથી ન બચાવે.

ત્યારબાદ એક અશરફી, ગોશ્તનો એક ટુકડો અને એક સગડી મંગાવી અને અશરફીને આગમાં નાખી દીધી. જ્યારે ખૂબ લાલ થઈ ગઈ તો તેને ઉઠાવીને ગોશ્તના ટુકડા પર રાખી દીધી જેનાથી તે ભૂંજાઈ ગયો. પછી ફોઈની તરફ સંબોધીને ફર્માવ્યું, પોતાના ભત્રીજા માટે શું આ પ્રકારના અઝાબથી પનાહ નથી માગતાં ?! ફોઈએ તેનો કોઈ જવાબ ન આપ્યો અને ચુપચાપ ઉઠીને ચાલ્યા ગયાં.

બની મરવાન, હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہના આ અમલી ડગલાંથી સખત નારાજ હતા અને તેમણે આપના વિરોધમાં કોઈ કસર બાકી નથી રાખી. પરંતું એ સૌ વિરોધોની અસર હઝરત

ઉમર બિન અબ્દુલ અઝીઝે કૃબૂલ ન કરી અને તેમણે જે ચળવળ ઉપાડી તેને સંપૂર્ણ કરીને છોડી. તદ્ ઉપરાંત આપે વિવિધ અખ્લાક્રી તરીકાઓ વડે પોતાના ખાનદાનની નારાઝગીને ઓછી કરી.

### ★ વ્યવસ્થા તંત્રમાં સુધારણા ★

હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝે ખિલાફતની ગાદી પર બેસતાં જ દેશમાં સુધારણાઓની પ્રતિ ધ્યાન કર્યુ. આપે સૌ પ્રથમ રાજ્યો (સૂબાઓ)ના ગવર્નરોના નામે એક ફર્માન જારી કર્યુ જેમાં આપે આપના ઈરાદાઓથી સૌને માહિતગાર કર્યા. આપનું ફર્માન આ હતું :

''સુલૈમાન બિન અબ્દુલ મલિક અલ્લાહના બંદાઓમાંથી એક બંદો હતો જેને તેણે ખિલાફતની નેઅમતથી સરફરાઝ કર્યો હતો. હવે તેનો ઈન્તેક્રાલ થઈ ગયો અને મને તેનો અનુગામી બનાવવામાં આવ્યો છે. અલ્લાહે જે જિમ્મેદારી મારા પર લાગુ કરી છે તે ઘણી જ સખત છે. જો બીવીઓ ભેગી કરવી અને દૌલત સમેટવાનુ મને મંજૂર હોત તો મારાથી વધુ કોઈના માટે એના માધ્યમો ઉપલબ્ધ ન હતાં, પરંતું મારો તો હાલ એ છે કે હું ખિલાફતની જિમ્મેદારીના બારામાં સખત પકડથી કાંપુ છું. અલ્બત્ત ! જો અલ્લાહે રહમ તથા દરગુઝરથી કામ લીધુ તો ઉમ્મીદ છે કે છૂટકારો થઈ જાય.''

તે ઉપરાંત વિવિધ રાજ્યોના ગવર્નરોના નામે ખાસ પરિસ્થિતિઓને અનુલક્ષીને ખાસ હુકમો મોકલ્યા. સુલેમાન ઈબ્ને અબીલ સરાને લખ્યું :

''તમો મુસાફરખાનાં બનાવો. જે મુસલમાન એ તરફથી પસાર થાય તેને એક દિવસ અને એક રાત મહેમાન રાખો. તેને ખાવા પીવા, તેની સવારીના ચારાનો બંદોબસ્ત કરો. જો મુસાફિર બીમાર હોય તો તેના ઈલાજ તથા સારવારની તરફ ધ્યાન આપો અને સરકારી ખર્ચ પર તેને તેના ઘરે પહોંચાડવાનો બંદોબસ્ત કરો.''

કૂફાના ગવર્નર અબ્દુલ હમીદને આ હુકમ મોકલ્યો : ''પ્રજાથી સારો વર્તાવ કરો મહેસૂલના મામલામાં નરમી અપનાવો. ઉજ્જડ જમીનથી મેહસૂલની માગણી ન કરો. જો ગૈર મુસ્લિમ વ્યક્તિ ઈસ્લામના વર્તુળમાં પ્રવેશી જાય તો તેનાથી જિઝિયો વસૂલ ન કરો.''

### ★ અમીર ઉમરાવોની પૂછતાછ ★

હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝે સલ્તનતના ઉચ્ચ હાકિમો અને અમીર ઉમરાવોની સખત હિસાબ, પૂછતાછ કરી. ખુરાસાનના ગવર્નર યઝીદ બિન મહલબને કહ્યું, જો તમે રકમ બયતુલ માલમાં જમા ન કરાવી તો તમને કેદ કરી દેવામાં આવશે. જે રકમ તમે દબાવી રાખી છે તે તમારે કોઈ પણ સંજોગોમાં અદા કરવી પડશે. અને આ મુસલમાનોનો હક્ક્ જે છે એને કોઈ કિંમતે પણ નથી છોડી શકતો.

જેથી ટાળ મટોળ કરવા પર યઝીદ બિન મહલબને જેલખાનામાં મોકલી આપ્યો. યઝીદ મહલબના પુત્ર મુખલદને જ્યારે એની ખબર મળી કે મારા પિતાને જેલમાં મોકલી આપેલ છે, તો તે અમીરુલ મો'મિનીન હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝની ખિદમતમાં હાજર થયો અને પોતાના પિતાના છૂટકારાની માગણી કરી.

ઉમર બિન અબ્દુલ અઝીઝે ફર્માવ્યું, હું જ્યાં સુધી તમારા પિતાથી એક એક કોડી વસૂલ ન કરી લઈશ ત્યાં સુધી તમારા પિતાને છોડીશ નહીં, કેમ કે આ મામલો મુસલમાનોના હક્કોનો છે.

*(તારીખે તબરી, ૬/૩૪, નફીસ એકેડમી, કરાચી)*

યઝીદ બિન મહલબની જગાએ હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝે જરાહ બિન અબ્દુલ્લાહને

ખુરાસાનના ગવર્નર નિયુક્ત કર્યો તો તેણે એ નવ મુસ્લિમો જેઓ ઈસ્લામના વર્તુળમાં દાખલ થઈ ગયા હતા તેમનો જિઝિયો યથાવત રાખ્યો. ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہને જ્યારે તેની ખબર મળી તો આપે જરાહ બિન અબ્દુલ્લાહને લખ્યું : "અલ્લાહે રસૂલે અકરમ ﷺને દીને મુબીનના દાઈ બનાવીને મોકલ્યા હતા. ટેક્સ વસૂલ કરનાર બનાવીને મોકલ્યા ન હતા. જે શખ્સ નમાઝ અદા કરે તમને એમનાથી જિઝિયો વસૂલ કરવાનો કોઈ હક્ક઼ નથી."

જરાહ બિન અબ્દુલ્લાહે આ હુકમનું પાલન શરૂ કરી આપ્યું તો લોકો ટોળે ને ટોળે ઈસ્લામમાં દાખલ થવા લાગ્યા. આ હાલત જોઈને અમુક પાસે બેસનારાઓએ ફરી જરાહને બહેકાવ્યો કે એ લોકોની ખત્ના કરાવીને તેમના ઈખ્લાસની પરીક્ષા લેવી જોઈએ. જરાહે એના બારામાં હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝની રાય માગી. આપે જવાબ આપ્યો, "અલ્લાહ તઆલાએ રસૂલે અકરમ ﷺને ઈસ્લામના દાઈ (નિમંત્રક) બનાવીને મોકલ્યા હતા, ખત્ના કરનાર બનાવીને નથી મોકલ્યા." છેવટે હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝે, જરાહ બિન અબ્દુલ્લાહને તેના હોદ્દેથી ઉતારી પાડયો.

*(અલ બિદાયા વન્નિહાયા, પેજ–૧૮૮)*

## ★ બયતુલ માલની સુધારણા ★

હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہથી પહેલાં બનૂ ઉમૈયાના ખલીફાઓના દૌરમાં બયતુલ માલમાં કેટલીક ખરાબીઓ પેદા થઈ ગઈ હતી. આપે બયતુલ માલની સુધારણા માટે જે સુધારા કર્યા તેની સંક્ષિપ્ત વિગત આ મુજબ છે :

**(૧)** આપની ખિલાફતના દૌર પહેલાં સર્વ ખમ્સની આવકો, સદક઼ા તથા ફય★ એક જગાએ એકત્ર થતી હતી. તેનો અલગ હિસાબ રાખવામાં આવતો ન હતો. આપે હુકમ આપ્યો કે દરેક પ્રકારની આવક અલગ અલગ જમા કરવામાં આવે અને તેનો અલગ અલગ હિસાબ રાખવામાં આવે.

*(તબક઼ાતે ઈબ્ને સઅદ, પેજ–૨૯૮)*

**(૨)** બયતુલ માલ મુસલમાનોનો સંયુક્ત ખજાનો છે. તેના વડે દરેક મુસલમાન સમાન રીતે ફાયદો ઉઠાવી શકે છે. પરંતુ આપનાથી પહેલાં શાહી ખાનદાનનો વઝીફો ખાસ હતો, આપે તેને સંપૂર્ણપણે બંધ કરી દીધો. *(તારીખે ખુલફા, પેજ–૨૪૩)*

**(૩)** આપનાથી પહેલાંના ખલીફાઓ તે શાયરો તથા સાહિત્યકારોને જેઓ તેમના વખાણમાં ક઼સીદા વગેરે લખતા હતા તેમને બયતુલ માલથી ઈનામો આપવામાં આવતો હતાં. હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝે એ સર્વ ઈનામો તથા વઝીફા બંધ કરી આપ્યા.

*(તબક઼ાતે ઈબ્ને સઅદ, પેજ–૨૪૩)*

**(૪)** હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہથી પહેલાં ખલીફા જ્યારે ઈશા તથા ફજરની નમાઝ માટે મસ્જિદમાં જતા તો એક માણસ શમ્અ (ફાનસ) લઈને સાથે ચાલતો હતો અને શમ્અનો ખર્ચ બયતુલ માલ પર પડતો હતો. જુમ્આના દિવસે અને રમઝાનના મહિનામાં મસ્જિદોમાં ખુશ્બુ સળગાવવામાં આવતી હતી અને તેનો ખર્ચો પણ બયતુલ માલથી અદા કરવામાં આવતો હતો. આપે તાત્કાલિક એ રિવાજ બંધ કરી દીધો.

*(તબક઼ાતે ઈબ્ને સઅદ, પેજ–૨૯૯)*

**(૫)** બયતુલ માલની આવકોમાં ખમ્સના પાંચ મસ્રફ (ખર્ચની જગાઓ) નિશ્ચિત છે, જેના સિવાય તેમને કોઈ અન્ય જગાએ વાપરી નથી શકાતો. હઝરત

★ *'માલે ફય' એટલે તે માલ જે મુસલમાનોને કાફિરોથી લડાઈ વિના હાંસલ થઈ જાય. તેમને તડીપાર કરીને અથવા સુલહની સાથે હાંસલ થાય. કાફિરોથી લડાઈ બાદ જે માલ લેવામાં આવે છે જેમ કે ખિરાજ તથા જિઝિયો વગેરે તેને માલે ફય કહે છે.*

ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہથી પહેલાંના ખલીફાઓ ખર્ચવાની જગાઓનો લેહાઝ કરતા ન હતા. મસારિફમાં સૌથી અગ્ર સ્થાને અહલે બયત છે. પણ વલીદ તથા સુલૈમાને અહલે બયતને તેમના હક્કથી વંચિત કરી દીધા હતા. ઉમર બિન અબ્દુલ અઝીઝ જ્યારે ખલીફા બન્યા તો આપે ખમ્સને તેના સહીહ મસારિફમાં ખર્ચ કર્યો અને અહલે બયતને તેમનો હક્ક઼ આપ્યો. *(તબક઼ાતે ઈબ્ને સઅદ, પેજ–૨૮૯)*

બયતુલ માલની સુધારણા, હિફાઝત તથા નિગરાનીની આપ સખતાઈપૂર્વક નોંધ લેતા હતા, અને એમાં કોઈ પ્રકારની ઉણપ સહન કરતા ન હતા.

હાફિઝ ઈબ્ને જવઝી લખે છે કે : એકવાર યમનના બયતુલ માલથી એક દીનાર ગુમ થઈ ગયો તો આપે બયતુલ માલના ઓફિસરને લખ્યું કે, "હું તમારી અમાનત પર કોઈ આક્ષેપ નથી કરતો પરંતુ તમારી લાપરવાહી તથા ગફલતને જુર્મ ઠરાવું છું. હું મુસલમાનોના માલની તરફથી દાવેદાર છું તમારા પર ફર્ઝ છે કે ક઼સમ ખાવ."

*(સીરતે ઉમર બિન અબ્દુલ અઝીઝ, પેજ–૮૮)*

## ★ મહેસુલોની વ્યવસ્થામાં સુધારણા ★

ખિરાજ, ખજાનો, ટેક્સ રાષ્ટ્રીય મહેસૂલો છે અને તેની આવક પર દેશ તથા ગવર્નમેન્ટની સલામતી તથા ખુશહાલીનો આધાર છે, પરંતુ હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہના હુકૂમતના દૌરથી પહેલાં એ સર્વ ચીજોની વ્યવસ્થા કથળી ગઈ હતી અને પ્રજાના માટે એ ટેક્સ વગેરે એક બોજ બની ગયા હતાં. ઈસ્લામમાં જિઝિયો કેવળ ગૈર મુસ્લિમોથી વસૂલ કરવામાં આવે છે, પરંતુ જ્યારે કોઈ યહૂદી, ઈસાઈ તથા પારસી વગેરે ઈસ્લામ સ્વીકારી લેતો હતો તો પણ તે નવ મુસ્લિમથી જિઝિયો વસૂલ કરવામાં આવતો હતો.

હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝે નવ મુસ્લિમોથી જે જિઝિયો વસૂલ કરવામાં આવતો હતો તેને રદ કરી આપ્યો. આપે હયાત બિન શરીહને લખ્યું કે ઝિમ્મીઓમાં જે લોકો મુસલમાન થઈ ગયા છે તેમના પરથી જિઝિયો ઉઠાવી લેવામાં આવે. કેમ કે અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

فَاِنْ تَابُوْا وَ اَقَامُوا الصَّلٰوةَ وَ اٰتَوُا الزَّكٰوةَ فَخَلُّوْا سَبِيْلَهُمْ ؕ اِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ۝۵

"જો તેઓ તૌબા કરી લે અને નમાઝના પાબંદ થઈ જાય અને ઝકાત અદા કરવા લાગે તો તમે એમનો માર્ગ છોડી દો. યક઼ીનન ! અલ્લાહ બખ્શનારો મહેરબાન છે." *(સૂ. તૌબા, ૯/૫)*

قَاتِلُوا الَّذِيْنَ لَا يُؤْمِنُوْنَ بِاللّٰهِ وَ لَا بِالْيَوْمِ الْاٰخِرِ وَ لَا يُحَرِّمُوْنَ مَا حَرَّمَ اللّٰهُ وَ رَسُوْلُهٗ وَ لَا يَدِيْنُوْنَ دِيْنَ الْحَقِّ مِنَ الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ حَتّٰى يُعْطُوا الْجِزْيَةَ عَنْ يَّدٍ وَّ هُمْ صٰغِرُوْنَ ۝۲۹

"એ લોકો સાથે લડો જેઓ અલ્લાહ અને ક઼યામતના દિવસ પર ઈમાન નથી લાવતા અને અલ્લાહ તથા તેના રસૂલની હરામ કરેલી ચીજોને હરામ નથી જાણતા, ન દીને હક્ક઼ ક઼બૂલ કરે છે, (લડો એ લોકો સાથે) જેમને કિતાબ આપવામાં આવી છે, ત્યાં સુધી કે તેઓ ઝલીલોખાર થઈને પોતાના હાથ વડે જિઝિયો અદા કરે." *(સૂ. તૌબા, ૯/૨૯)*

**(૭)** નવરોઝ અને મહરજાન પારસીઓના તહેવાર હતા. તે તહેવારના રીત રિવાજના પાબંદ કેવળ પારસી હોય શકતા હતા. હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہએ એ તહેવારો પર પ્રજાથી એક મામૂલી રકમ વસૂલ કરવાની શરૂ કરી હતી જેની માત્રા એક કરોડ જેટલી થતી હતી. હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝે આ ક્રમ ખત્મ કરી દીધો

અને હુકમ લાગુ કરી આપ્યો કે નવરોઝ અને મહરજાનના બદલે તેમની પાસે કોઈ પ્રકારની કોઈ ચીજ ન મોકલવામાં આવે.

*(તબક઼ાતે ઈબ્ને સઅદ, પેજ–૨૬૨)*

**(૮)** હજ્જાજ ઈબ્ને યૂસુફનો ભાઈ મુહમ્મદ બિન યૂસુફ જ્યારે યમનનો ગવર્નર નિયુક્ત થયો તો તેણે હજ્જાજની જેમ જુલ્મો સિતમનો ક્રમ ચાલુ કર્યો અને પ્રજા પર અયોગ્ય પ્રકારના ટેક્સ લાગુ કરી આપ્યા. હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝે એ સર્વ ટેક્ષો સંપૂર્ણપણે નાબૂદ કરી આપ્યા અને કેવળ ઉશ્ર નિશ્ચિત કર્યું. *(ફતહુલ બલદાન, પેજ–૮૦)*

**(૯)** ફુરાતમાં કેટલીક ખિરાજી જમીન હતી. પરંતું જ્યારે ત્યાંના કેટલાક લોકો મુસલમાન થઈ ગયા અને કેટલીક જમીન બીજા લોકોના હાથેથી નીકળીને મુસલમાનોના કબજામાં આવી ગઈ તો તે નિયમાનુસાર ઉશ્રી થઈ ગઈ. હજ્જાજે પોતાના જમાનામાં એ લોકો પાસેથી પણ ખિરાજ વસૂલ કર્યો. હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝે ફરીવાર તેને ઉશ્રી ઠરાવી. *(ફતહુલ બલદાન, ૮૦)*

**(૧૦)** હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝથી પહેલાંના બનૂ ઉમૈયાના ખલીફાઓએ પ્રજા પર વિવિધ પ્રકારના ટેક્સ લાગુ કર્યા હતા. રૂપિયા ઢાળવા પર ટેક્સ, ચાંદી પીગાળવા પર ટેક્સ, દુકાનો પર ટેક્સ, ઘરો પર ટેક્સ, પવન ચક્કીઓ પર ટેક્સ, નિકાહ કરવા પર ટેક્સ, સારાંશ કે કોઈ ચીજ ટેક્સથી મુક્ત ન હતી. અને આ ટેક્સો મંથલી વસૂલ કરવામાં આવતા હતા.

*(સીરતે ઉમર બિન અબ્દુલ અઝીઝ, પેજ–૧૨૦)*

હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝે એ સર્વ નાજાઈઝ ટેક્સો મૌકૂફ કરી આપ્યા એની સાથે આપે એ કદમ પણ ઉઠાવ્યું કે આપના ઝકાત વસૂલ કરનારા મુખ્ય માર્ગો પર બેસી જતા હતા અને ઝકાત તથા સદક઼ા વસૂલ કરતા હતા, પરંતું જ્યારે આપને એની ખબર મળી કે આ રીતે નાજાઈઝ ફાયદો ઉઠાવે છે તો એ પધ્ધતિ તરફ ખત્મ કરી દીધી અને હુકમ લાગુ કરી આપ્યો કે હવે આ રીતે ઝકાત તથા સદક઼ા વસૂલ કરવામાં ન આવે. આપે દરેક શહેરમાં એક આમિલ નિયુક્ત કર્યો જે ઝકાત તથા દસક઼ા વસૂલ કરતો હતો.

*(તબક઼ાત ઈબ્ને સઅદ, પેજ–૨૭૯)*

હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہ એ ટૂંકી મુદ્દતમાં સામાજિક તથા વ્યવસ્થાને લગતા જુલ્મના ખાત્માના માટે નિર્ણયાત્મક ડગલાં ભર્યાં, જેમણે એ પુરવાર કર્યું કે ખુલફાએ રાશિદીનના બાસઆદત (નેકબખ્તીવાળા) દૌરના પછી પણ રાજ્ય તથા રાજકારણ અને સત્તા તથા આર્થિકતાને સમારી શકાય છે અને કુર્આન તથા સુન્નતના મુજબ ઢાળી શકાય છે.

*(માહનામા સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ, ફેબ્રુઆરી–૨૦૨૧)*

**મોંઘવારી મંથલીને પણ નડે છે !**

આપણુ પ્યારુ ટનાટન સુન્ની માસિક ''બરકાતે ખ્વાજા'' ઈમાન અમલની સલામતી માટે ઈમાન અફરોઝ લેખો, કરન્ટ ઈસ્યુ પર પણ અસરકારક લેખો તથા બદ્અક઼ીદાઓ, જૂઠા પીરોની સ્પષ્ટ રદ કરીને સુન્ની અવામને સત્ય માર્ગ પર ચાલવા ૨૦૦૪થી પ્રેરતુ રહ્યું છે. આપણુ માસિક હાલ ખોટમાં ચાલે છે. જેથી તેને સહારો મળે એ હિસાબે વાર્ષિક લવાજમમાં **રૂ. ૩૦/–** નો વધારો કરેલ છે.

**જાન્યુઆરી ૨૦૨૨થી લવાજમ 'રૂ. ૨૫૦/–'** કરવામાં આવેલ છે જેની નોંધ લેશો. સદક઼ો સમજીને પણ લવાજમ મોકલતા રહેશો ! જો આપ ચાહતા હોવ કે આ સુન્ની ક્રાંતિકારી માસિક ચાલુ રહે તો ગ્રાહકોમાં પણ વધારો કરવા કોશિશ કરશો. અલ્લાહ તેના પ્યારા હબીબ ﷺના સદક઼ામાં તમને બેહતરીન બદલો આપશે. *–તંત્રી*

# અઊઝુબિલ્લાહ બિસ્મિલ્લાહનો આપસમાં લગાવ, મુદ્દાઓ તથા ફાયદાઓ

રજૂકર્તા : મૌલાના ઈમરાનરઝા મિસ્બાહી દયાદરવી
(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા—આમોદ)

*મઅરૂફ આલિમ વ મુફક્કિર, મુફસ્સિરે કુર્આન **હઝરત અલ્લામા મૌલાના ઝહીરુદ્દીનખાં સાહબ** مدظلہ العالی એ મર્કઝે "સુન્ની દા'વતે ઈસ્લામી" ઈસ્માઈલ હબીબ મસ્જિદ—કામ્બેકર સ્ટ્રીટ, મુબઈ—ઉમાં બે વાર પૂરા કુર્આને કરીમનો દર્સ લગભગ ૪૬ વરસોમાં સંપૂર્ણ કર્યો. આ એવી મહાન સઆદત (નેક નસીબી) છે જેમાં આપ પોતાના સમકાલિન ઉલમા મશાઈખમાં વિના શંકાએ વિશિષ્ટ છે. આપની આ તફસીર ઓડિયોના સ્વરૂપ મહેફૂઝ કરી લેવામાં આવી હતી. કેમ કે એ તફસીર ખૂબ જ મહત્વની તથા લાભદાયી છે એટલા માટે અમે એને હપ્તાવાર અમારા વાંચકોની ખિદમતમાં પેશ કરી રહ્યા છીએ. આપની સમક્ષ રજૂ કરેલ તફસીરી ઈફાદાત આપની બયાન કરેલ તફસીરનો ખુલાસો છે. અલ્લાહ કરીમે તૌફીક્ આપી તો પૂરી તફસીર કિતાબ સ્વરૂપમાં રજૂ કરવાની કોશિશ કરવામાં આવશે.*
*(સંપાદક : મૌલાના મઝહર હુસૈન અલીમી—મુંબઈ)*

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

*અલ્લાહના નામથી શરૂ જે અત્યંત મહેરબાન રહ્મવાળો.*

પરિભાષામાં بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ ને "તસ્મિયા" કહે છે. અમુક ઉલ્માનો ખયાલ છે કે તે સૂરએ ફાતિહાનો ભાગ છે અને કુર્આને પાકની અન્ય સૂરતોનો પણ ભાગ છે. ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ નું મંતવ્ય એ જ મુજબ છે. બીજા ઉલમા નજીક ન તો સૂરએ ફાતિહાનો ભાગ છે, ન કોઈ અન્ય સૂરતનો, પરંતુ એક આયત જરૂર છે. કુર્આને પાકની એક સૂરતમાં છે :—

اِنَّہٗ مِنۡ سُلَیۡمٰنَ وَ اِنَّہٗ بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

"બેશક ! તે સુલૈમાન તરફથી છે અને બેશક ! તે અલ્લાહના નામથી છે જે અત્યંત મહેરબાન રહ્મવાળો." *(સૂરએ નમ્લ, આ. ૩૦)*

હઝરત સુલૈમાન علیہ السلام ના પત્ર મુબારક સંબંધે જે બિસ્મિલ્લાહ વર્ણન થયેલ છે, આ બિસ્મિલ્લાહ તેના સિવાય છે.

ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہ ના નજીક આ બિસ્મિલ્લાહ ન સૂરએ ફાતિહાનો ભાગ છે, ન અન્ય સૂરતોનો ભાગ છે. હા ! કુર્આને પાકની એક સંપૂર્ણ આયત છે.

એ વાત ધ્યાનમાં રહે કે બિસ્મિલ્લાહ કેવળ આપણા દીનમાં જ નથી બલ્કે તેની ભાળ પહેલાંના ધર્મોમાં પણ મળે છે. જયારે હઝરત નૂહ્ علیہ السلام એ પોતાની કશ્તી ચલાવી તો بِسۡمِ اللّٰہِ مَجۡرٖىہَا وَ مُرۡسٰىہَا ؕ اِنَّ رَبِّیۡ لَغَفُوۡرٌ رَّحِیۡمٌ (*"અલ્લાહના નામ પર આ (જહાઝ)નું ચાલવું અને રોકાવું, બેશક! મારો રબ જરૂર બખ્શવાવાળો મહેરબાન છે." સૂરએ હૂદ, આ. ૪૧*) કહીને ચલાવી :—

અર્થાત પ્રારંભ પણ તેના નામથી, પૂર્ણાહુતિ પણ તેના નામથી, શરૂઆત પણ તેના નામથી, સમાપ્તિ પણ તેના નામથી. લોકો માત્ર શરૂમાં બિસ્મિલ્લાહ કહી લે છે પરંતુ કુર્આને કરીમ એ મિજાઝ આપે છે કે શરૂઆત પણ તેના નામથી થાય અને અંત પણ તેના નામથી થાય. પ્રથમ પણ તેના નામથી હોય અને અંતિમ પણ તેના નામથી સંબંધિત હોય.

હઝરત નૂહ عليه السلام સૌથી પહેલા રસૂલ છે, આમનાથી પહેલાં નબી તથા રસૂલ તો ઘણા થયા પરંતુ આપ તે પ્રથમ રસૂલ છે જે કાફિરો તરફ મોકલવામાં આવ્યા. આપને આદમે ષાની (બીજા આદમ) પણ કહેવામાં આવે છે. (કારણ કે) દુનિયા એકવાર તુફાને નૂહ્થી ખત્મ થઈ ચૂકી હતી. (ત્યાર પછી હઝરત નૂહ્ عليه السلام અને તેમની સાથેના ઈમાનવાળાઓથી ઈન્સાની નસ્લ આગળ ચાલી.)

હઝરત સુલૈમાન عليه السلامના પત્રમાં પણ તે (બિસ્મિલ્લાહ)નું વર્ણન છે.

اِنَّهٗ مِنْ سُلَيْمٰنَ وَاِنَّهٗ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

"બેશક ! તે સુલૈમાન عليه السلام તરફથી છે અને બેશક ! તે અલ્લાહના નામથી છે જે અત્યંત મહેરબાન રહમવાળો." *(સૂરએ નમ્લ, આ. ૩૦)*

પરંતુ મુસલમાનોએ હવે ઈસ્લામી રીત રિવાજ છોડીને ગેરોનું કલ્ચર અપનાવી લીધું છે. જ્યારે એ પત્ર યમનની મલેકા (રાણી)ને મળ્યો તો તેણે પત્રને ઘણુ મહત્વ આપ્યું અને કહ્યું :–

يٰٓاَيُّهَا الْمَلَؤُا اِنِّيْٓ اُلْقِيَ اِلَيَّ كِتٰبٌ كَرِيْمٌ "હે સરદારો ! મારા પાસે એક ઈજ્જતવાળો પત્ર આવ્યો છે." (સૂરએ નમ્લ, આ. ૨૯) આ એ જ બિસ્મિલ્લાહની બરકત છે કે ગૈર પણ તેનો એહતેરામ કરે છે.

## ★ બિસ્મિલ્લાહનો મક઼ામ અને મર્તબો ★

આફતાબે રિસાલત عليه الصلوٰة والسلامના તુલૂઅ્ (મબ્ઉષ) થવાના સમયે ગ઼ારે હ઼ેરાની તન્હાઈઓમાં સૌ પ્રથમ જે અવાજ ગુજર્યો તે બિસ્મિલ્લાહ જ છે. اِقْرَاْ بِاسْمِ رَبِّكَ الَّذِيْ خَلَقَ "પઢો પોતાના રબના નામથી જેણે પેદા કર્યા." *(સૂરએ અ઼લક, આ. ૧)*

કુર્આનમાં છે :

فَكُلُوْا مِمَّا ذُكِرَ اسْمُ اللّٰهِ عَلَيْهِ اِنْ كُنْتُمْ بِاٰيٰتِهٖ مُؤْمِنِيْنَ

"તો ખાવ તેમાંથી જેના પર અલ્લાહનું નામ લેવામાં આવ્યું જો તમે તેની આયતોને માનતા હોવ."

*(સૂરએ અન્આ઼મ, આ. ૧૧૮)*

એક સ્થળે કુર્આનમાં આશ્ચર્ય પ્રકટ કરવાના અંદાઝમાં ફર્માવવામાં આવ્યું :–

وَمَا لَكُمْ اَلَّا تَاْكُلُوْا مِمَّا ذُكِرَ اسْمُ اللّٰهِ عَلَيْهِ "અને તમને શું થયું કે તેમાંથી ન ખાવ જેના પર અલ્લાહનું નામ લેવામાં આવ્યું ?!" *(સૂરએ અન્આ઼મ, આ. ૧૧૯)*

આનાથી માલૂમ થયું જે જાનવરને ઝબહ કરતાં સમયે અલ્લાહનું નામ લેવામાં આવ્યું તેને ખાવ અને એ કહીને ખાવાથી ન રોકાવ કે જાનવરની નિસ્બત ફલાણા તરફથી થઈ ગઈ હતી (કરવામાં આવી હતી) માટે નાજાઈઝ તથા હરામ છે.

ગ઼ૌષ (પાક) رضی اللہ عنہનો બકરો, ખ્વાજા (ગરીબ નવાઝ) رحمۃ اللہ علیہનો બકરો સાંભળતાં જ અમુક લોકો બળી જાય છે અને હરામ ! હરામની રટ લગાડવા માંડે છે. આ તેમની અભણતા અને જહાલત છે. કેવળ નિસ્બત (જોડવાથી) કોઈ ચીજ હલાલથી હરામ નથી થઈ જતી. ઝબહ કરવામાં જો અલ્લાહના સિવાય અન્યનું નામ લેવામાં આવ્યું તો નિશ્ચિતરૂપે તે હરામ થશે.

વુઝૂમાં બતાવવામાં આવ્યું કે વુઝૂથી પહેલાં બિસ્મિલ્લાહ પઢો. હદીષે પાકમાં છે :

لَا صَلٰوةَ لِمَنْ لَا وُضُوْءَ لَهٗ وَلَا وُضُوْءَ لِمَنْ لَمْ يَذْكُرِ اسْمَ اللّٰهِ تَعَالٰى عَلَيْهِ

"તેની નમાઝ સહીહ નથી જેનું વુઝૂ સહીહ નથી અને તેનું વુઝૂ સહીહ નથી જે અલ્લાહનું નામ લીધા વિના વુઝૂ કરે."

*(તિર્મિઝી, કિતાબુત્તહારત, બાબ : મા જાઅ્ ફિત્તસ્મિયા)*

આપણે વુઝૂમાં અમુક અંગો ધોઈએ છીએ જે પાણીથી પાક થઈ જાય છે. બાકીના અંગો

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ "બિસ્મિલ્લાહિર્રહ્‌માનિર્રહીમ"ની બરકતથી પાક થાય છે.

**હિકાયત** : હઝરત મૂસા علیہ السلام ના પેટમાં એકવાર દુ:ખાવો થયો. તેમણે અર્ઝ કરી, યા અલ્લાહ! મને સખત તકલીફ છે. હુકમ થયો કે ફલાણા જંગલમાં ચાલ્યા જાવ અને ફલાણી જડીબૂટ્ટી ખાઈ લો! આપ તશરીફ લઈ ગયા અને બતાવેલી જડીબુટ્ટી ખાઈ લીધી. ખાતાની સાથે જ દુ:ખાવો મટી ગયો. થોડા દિવસો પછી ફરી દુ:ખાવો થયો. આપ તે જ જંગલમાં ગયા અને તે જ જડીબુટ્ટી ખાધી. પરંતુ આ વેળા દુ:ખાવો વધી ગયો. આપને આશ્ચર્ય થયું, બારગાહે ઈલાહીમાં અર્ઝ કરી કે, પહેલીવાર તુરંત આરામ થઈ ગયો હતો, આ વેળા દુ:ખાવો વધી ગયો! વહી આવી, હે મૂસા! પ્રથમવાર મારા નામથી ગયા હતા એટલા માટે શિફા મળી હતી. આ વેળા પોતે ગયા એટલે દુ:ખાવો વધી ગયો. જાણી લો કે પૂરી દુનિયા ઝહેર છે, અને શિફા મારા નામમાં છે. *(તફસીરે નઈમી)*

**હિકાયત** : હઝરત ઈસા علیہ السلام એ કબ્રસ્તાનથી પસાર થયા, જોયું કે એક કબ્રવાળા પર અઝાબ થઈ રહ્યો છે (ત્યાંથી) પસાર થઈ ગયા. થોડીવારી પછી પાછા ફર્યા, હવે જોયું કે સુગંધ અને નૂરથી ભરપૂર છે. અર્ઝ કરી, યા અલ્લાહ! હમણા થોડીવાર પહેલાં આ કબ્રવાળા પર અઝાબ થઈ રહ્યો હતો હવે સ્થિતિ અલગ છે. અવાજ આવ્યો, "મૃત્યુ પામનાર તો સારો ન હતો. તેના પોતાના અમલો સારા ન હતા, એટલા માટે પોતાના કરેલા (ગુનાહોની સજા)માં સપડાયેલો હતો. હા! તેણે પોતાની પત્નીને સગર્ભાવસ્થામાં છોડી હતી જેનાથી એક બાળક જન્મ્યુ, જયારે તે પઢવા લાયક થયું તો તેને પઢવા માટે બેસાડવામાં આવ્યું. આજે ઉસ્તાદે તેને بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ "બિસ્મિલ્લાહિર્રહ્‌માનિર્રહીમ" પઢાવ્યું તે બાળકે બિસ્મિલ્લાહ પઢી. **હે ઈસા! મને ગૈરત આવી કે તેનું નાનુ બાળક જમીન પર મને રહ્‌માન અને રહીમ કહી રહ્યું છે અને હું તેના પિતાને અઝાબ કરું!** મેં હુકમ આપી દીધો કે તેનો અઝાબ ઉઠાવી લેવામાં આવે. (આ હિકાયત તફસીરે કબીરમાં વર્ણન થયેલ છે.)

વિચાર કરો કે બિસ્મિલ્લાહની બરકતથી ન કેવળ અઝાબ ઉઠાવી લેવામાં આવ્યો બલ્કે તેની કબ્રને જન્નતનો નમૂનો બનાવી આપવામાં આવી. અહીંયા એ જણાયું કે એકની નેકી બીજાને કામ આવશે. નિ:સંકોચ કામ લાગશે અને એ પણ જાણવા મળ્યું કે બિસ્મિલ્લાહ શરીફ પહેલાંના ધર્મોમાં પણ હતું.

## ★ અઊઝુબિલ્લાહ અને બિસ્મિલ્લાહનો એકબીજા સાથે સંબંધ ★

તઅવ્વુઝ અને તસ્મિયહમાં પરસ્પર સંબંધ શું છે? બંને એક સાથે કેમ આવ્યાં? બીજો સવાલ એ છે કે અઊઝુબિલ્લાહને બિસ્મિલ્લાહથી પહેલા કેમ રાખવામાં આવ્યું? જયારે કે દરેક કામ અલ્લાહ عزوجل તઆલાના નામથી શરૂ થવું જોઈએ. તેનો જવાબ એ છે કે પહેલાં તખ્લિયા હોય છે અને પછી તહ્‌લિયા હોય છે. તખ્લિયા એટલે ખાલી થવું અને તહ્‌લિયાનો અર્થ શણગાર કરવો, સજવું. ડેકોરેશન પહેલાં કપડાં કાઢવાં પડે છે પછી નહાય ધોઈને શણગારનો ક્રમ આવે છે. એ જ રીતે બિસ્મિલ્લાહિર્રહ્‌માનિર્રહીમ કુદરતી સજાવટ અને શોભા છે. (અલ્લાહ તઆલાના) નૂર અને તજલ્લિયાતોના ઘરેણાથી ઈન્સાનના સજજ થવાથી પહેલાં નફ્સ અને શૈતાનોના મેલકૂચેલ અને તેમના બહેકાવાથી દૂર થવું જરૂરી છે, પછી અન્વારો તજલ્લિયાતના વસ્ત્ર પહેરવું, એટલા માટે પ્રથમ તખ્લિયા છે પછી તહ્‌લિયા.

અને એ રીતે સમજો કે ઈબાદતે મકસૂદા (મૂળ હેતુ) નમાઝ છે પરંતુ એ હુકમ આપવામાં આવ્યો કે

પ્રથમ વુઝૂ કરીને પાક થઈને આવો. તવાફ કરવો છે, વુઝૂ જરૂરી છે. કુર્આન અડકવું છે તેના માટે વુઝૂ વાજિબ છે. નમાઝ, તવાફ, તિલાવતે કુર્આન ઈબાદતે મક્સૂદા છે અને વૂઝુ ઈબાદતે ગરે મક્સૂદા. અહીંયા પર એ જ જવાબ છે કે પહેલા તખ્લિયા થઈ જાય પછી તહ્લિયા થાય. અર્થાત પહેલાં મેલ દૂર કરી લો પછી અલ્લાહની ઈબાદતમાં લાગી અન્વારો તજલ્લિયાતની ચાદર ઓઢો.

બીજુ કારણ એ છે કે તમે તે અઝીમ જાતના નામથી પોતાના કામની શરૂઆત કરી રહ્યા છો અને આગળ વધી રહ્યા છો. એ કાર્ય ત્યાં સુધી સંપૂર્ણ નહીં થાય જ્યાં સુધી અન્યોથી વિમુખ ન થઈ જાવ. મતલબ સૌ પ્રથમ નફ્સ અને શૈતાનથી મોઢું ફેરવી લો પછી અલ્લાહની તરફ ધ્યાન કરો.

**નુક્તો :**

اِنِّیْ وَجَّهْتُ وَجْهِیَ لِلَّذِیْ فَطَرَ السَّمٰوٰتِ وَ الْاَرْضَ حَنِیْفًا وَّ مَاۤ اَنَا مِنَ الْمُشْرِكِیْنَ

"મેં પોતાનું મોઢું તેના તરફ કર્યુ જેણે આસ્માન અને જમીન બનાવ્યાં. એક તેનો જ થઈને, અને હું મુશ્રિકોમાં (થી) નથી." *(સૂરએ અન્આમ, આ. ૭૯)*

ઉપરોક્ત આયતે કરીમામાં حَنِیْفًا "હનીફા" આવ્યું છે જેનો અર્થ એ છે કે સૌથી વિમુખ થઈને અને અલગ થઈને એકની સાથે જોડાવું. અર્થાત બંદો એવું કહે, હું કેવળ તને મઅ્બૂદ માનુ છું, કોઈ અન્યને ઈબાદતના લાયક નથી માનતો.

હદીષે પાકમાં છે :

مَنْ اَحَبَّ لِلّٰهِ وَاَبْغَضَ لِلّٰهِ وَاَعْطٰى لِلّٰهِ وَمَنَعَ لِلّٰهِ فَقَدِ اسْتَكْمَلَ الْاِيْمَانَ

"જેણે અલ્લાહ માટે કોઈની સાથે મહોબ્બત કરી અને અલ્લાહ માટે કોઈની સાથે દુશ્મની કરી અને અલ્લાહ માટે જ આપ્યું અને અલ્લાહ માટે જ ન આપ્યું તો તેણે પોતાનુ ઈમાન સંપૂર્ણ કરી લીધું."

*(અબૂ દાઊદ)*

આ હદીષમાં બુગ્ઝનું વર્ણન પણ છે, ગુસ્સાનું પણ, દુશ્મનીનું પણ. તેનાથી મુરાદ શું છે ? તેનો જવાબ એ છે કે આપણો ખાલિક્ અને માલિક એ ચાહે છે કે કોઈની સાથે દોસ્તી કરો તો મારા માટે કરો, કોઈ સાથે દુશ્મની કરો તો મારા માટે કરો, કોઈને કાંઈ આપો તો મારા માટે આપો, કોઈને ન આપો તો પણ મારી રઝા માટે, આ જ જઝ્બાનો ઈઝહાર તઅ્વ્વુઝમાં છે.

**હિકાયત** : એકવાર હઝરત કલીમ (મૂસા علیہ السلام) મુનાજાત કરી રહ્યા હતા. અવાજ આવ્યો, હે મારા કલીમ ! મારા માટે શું કર્યુ ? અર્ઝ કરી, નમાઝ તારા માટે પઢુ છું, રોઝા તારા માટે રાખુ છું, જેને આપુ છું તારા માટે આપુ છું. ફર્માવ્યું, નમાઝ જે તમે પઢો છો તે તમારા લાભ માટે છે. (અને હકીકત પણ એ જ છે), રોઝા રાખો છો એ પણ તમારા માટે છે. હઝરત કલીમ علیہ السلامએ અર્ઝ કરી, મૌલા ! તું જ બતાવ કે તે ક્યો અમલ છે જે માત્ર તારા માટે છે ?

"ફર્માવ્યું, શું કેવળ અને કેવળ મારા માટે કોઈને દોસ્ત બનાવ્યો અને શું કેવળ મારા માટે કોઈને દુશ્મન બનાવ્યો ?"

આનાથી માલૂમ થયું કે અલ્લાહ માટે દુશ્મન બનાવવું ઘણુ મુશ્કેલ છે, પોતાના માટે, પોતાની ઔલાદ માટે આપણે દુશ્મન બનાવીએ છીએ, પરંતુ કેવળ અલ્લાહ માટે દુશ્મન બનાવવું ઘણુ મુશ્કેલ છે.

તઅ્વ્વુઝ પરહેઝી (સાવચેતી) છે અને તસ્મિયહ ઈલાજ, સંપૂર્ણ શિફા (મેળવવા) માટે પરહેઝી કરવી જરૂરી છે. તઅ્વ્વુઝ અસ્લે સફર છે અને તસ્મિયહ નિશાને મંઝિલ. એટલા માટે બંનેને સાથે રાખવામાં

આવ્યા છે. ઘણો ગેહરો સંબંધ છે, તઅવ્વુઝ અને તસ્મિયહમાં. તઅવ્વુઝ ગુનાહોનો લિબાસ ઉતારી દેવું અને તસ્મિયહ અન્વારો તજલ્લિયાતની ચાદર ઓઢી લેવું છે. અવલિયા અલ્લાહની બે શાનો બતાવવામાં આવી છે. એક નિગાહે અદાવત જે દુશ્મન પર પડે છે. એક નિગાહે મહોબ્બત છે જે દોસ્ત પર ખુલે છે. અને જ્યારે બંને નિગાહો ખુલી જાય તો ઈન્સાન આરિફ બિલ્લાહ બની જાય છે.

હઝરત બીબી મરયમ رضی اللہ عنہا એ હઝરત ઈસા علیہ السلام માટે દુઆ કરી :

وَاِنِّیْٓ اُعِیْذُھَا بِكَ وَ ذُرِّیَّتَھَا مِنَ الشَّیْطٰنِ الرَّجِیْمِ

"અને હું તેને અને તેની ઔલાદને તારી પનાહમાં આપુ છું, ધુતકારેલા શૈતાનથી."

*(સૂરએ આલે ઈમરાન, આ. ૩૬)*

અમુક એવી સ્ત્રીઓ થઈ છે જેમની પ્રશંસા હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلم એ ફર્માવી છે તેમનામાંથી હઝરત મરયમ علیہا السلام પણ છે.

શૈતાન તાક લગાડી બેસે છે :

قَالَ فَبِمَآ اَغْوَیْتَنِیْ لَاَقْعُدَنَّ لَھُمْ صِرَاطَكَ الْمُسْتَقِیْمَ

"બોલ્યો; તો કસમ એની કે તેં મને ગુમરાહ કર્યો હું જરૂર તારા સીધા રસ્તા પર તેમની તાકમાં બેસીશ." *(સૂરએ અઅરાફ, આ. ૧૬)*

સૌથી ખતરનાક અને તબાહ કરનાર હુમ્લો શૈતાનનો છે. જેના પર શૈતાન કબ્જો જમાવી લે તે અલ્લાહ તઆલા સુધી નથી પહોંચી શકતો, એટલા માટે અલ્લાહની પનાહ લેવી જરૂરી છે.

જ્યારે કોઈ આબાદ જમીનમાં પ્રવેશો તો પણ પનાહ માગવી. હદીષે પાકમાં છે કે જ્યારે અલ્લાહના રસૂલ صلی اللہ علیہ وسلم કોઈ વસ્તી, શહેર વગેરેમાં પ્રવેશ કરતા તો આ દુઆ પઢતા :

اَللّٰھُمَّ رَبَّ السَّمَاوَاتِ السَّبْعِ وَمَا أَظَلَّتْ، وَرَبَّ الْأَرْضِیْنَ السَّبْعِ وَمَا أَقَلَّتْ، وَرَبَّ الرِّیَاحِ وَمَا أَذَرَّتْ، وَرَبَّ الشَّیَاطِیْنِ وَمَا أَضَلَّتْ، إِنِّیْ أَسْأَلُكَ خَیْرَھَا، وَخَیْرَ مَا فِیْھَا، وَأَعُوْذُ بِكَ مِنْ شَرِّھَا، وَشَرِّ مَا فِیْھَا

"હે અલ્લાહ ! સાત આસ્માન અને તેમના નીચે વસનારી મખ્લૂકોના રબ ! સાત જમીનો અને તેમના ઉપર વસનારી મખ્લૂકોના રબ ! હવાઓ અને તેમાં ઉડનારી વસ્તુઓના રબ ! શૈતાનો અને તેમના કારણે ગુમરાહ થનાર મખ્લૂકોના રબ ! હું તારાથી આ વસ્તીની ભલાઈ અને જે કાંઈ એમાં છે તેની ભલાઈનો સવાલ કરું છું (માગુ છું) અને હું તારી પનાહ ચાહુ છું, આ વસ્તીની બુરાઈ અને જે કાંઈ તેમાં છે તેની બુરાઈથી." *(મોઅજમે અવસત)*

એક રિવાયતમાં આ શબ્દો આવ્યા છે :–

اَللّٰھُمَّ اِنِّیْ اَسْئَلُکَ خَیْرَ ھٰذِہِ الْقَرْیَةِ وَخَیْرَ اَھْلِھَا وَخَیْرَ مَا فِیْھَا وَاَعُوْذُبِکَ مِنْ شَرِّھَا وَشَرِّ اَھْلِھَا وَشَرِّ مَا فِیْھَا۔

**બિસ્મિલ્લાહની શાબ્દિક (બે ઈસ્મે) બનાવટ અને નુકતા :** بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ હકીકતમાં باسم اللہ الرحمن الرحیم હતું, باسم થી અલિફ હટી ગયો, ઈસ્મનો અર્થ નામ, અલામત, બડાઈ અને બુલંદી છે. અહીંયા باسم થી અલિફ હટી ગયો છે જે ન જોવામાં આવે છે ન પઢવામાં આવે છે.

**નુકતો** : બિસ્મિલ્લાહની શરૂઆત "બા"થી કરવામાં આવી "અલિફ"થી કરવામાં ન આવી, આમ તો એના ઘણા બધાં કારણો છે પરંતુ અમે અહીંયા અમુક કારણો વર્ણન કરીશું.

**(૧)** અસલ વાત એ છે કે અલિફમાં તરફુઅ છે, તકબ્બુર, તતાઉલ છે. બીજા શબ્દોમાં અલિફમાં બળાઈ, ઉચ્ચતા અને લંબાઈ છે. "બા"માં ઈન્કેસારી

અને આજીજી છે, તેમાં ટૂંકાણ પણ છે. કુદરતે પસંદ ફર્માવ્યું કે સૌથી પ્રથમ શબ્દ વડે બંદાઓને આજીજી શિખવવામાં આવે, ઈન્કેસારીની તા'લીમ આપવામાં આવે, એટલા માટે ''બા''થી શરૂ કરવામાં આવ્યું.

તવાઝોઅ્ (વિન્રમતા)ની ઘણી મહત્વતા છે; હદીષમાં છે :

مَنْ تَوَاضَعَ لِلّٰهِ رَفَعَهُ اللّٰهُ وَمَنْ تَكَبَّرَ وَضَعَهُ اللّٰهُ وَمَنْ أَكْثَرَ ذِكْرَ اللّٰهِ أَحَبَّهُ اللّٰهُ

''જે અલ્લાહ માટે આજીજી કરે છે અલ્લાહ તેને બુલંદ કરી દે છે, અને જે ઘમંડ કરે છે અલ્લાહ તેને ગિરાવી દે છે અને જે અલ્લાહનું ઝિક્ર અધિકતાથી કરે છે અલ્લાહ તેને મહબબૂ રાખે છે. *(ઈબ્ને માજા)*

બિસ્મિલ્લાહનો પહેલો સબક્ એ છે કે બંદો પોતાને સમજે કેમ કે કિબ્રિયાઈ (બડાઈ) અને અઝમત (બુલંદ) અલ્લાહના માટે શોભાયમાન છે.

શેખ સઅ્દી رحمۃ اللہ علیہ ફર્માવે છે;

مرا اُو را رسد کبریا و منی  کہ ملکش قدیم است و ذاتش غنی

કિબ્રિયાઈ અને બડાઈનો હક્ક઼ તેના માટે જ છે. કારણ કે તેની બાદશાહત ક઼દીમ (જે હમેશાંથી હોય) અને તેની ઝાત બેનિયાઝ છે.

**(૨)** ''અલિફ'' ઈન્કિ઼તાઅ તથા ઈન્ફેસાલ માટે આવે છે એટલે જુદાઈ માટે અને ''બા'' ઈલ્સાક઼ માટે આવે છે અર્થાત મિલાવવા માટે. ''અલિફ'' પછી જે હર્ફ આવશે તે ''અલિફ''થી અલગ થઈને આવશે. એટલા માટે પ્રથમ ''બા'' લાવવામાં આવ્યો જેથી બંદો રબ સુધી પહુંચી શકે.

**(૩)** બિસ્મિલ્લાહની ''બા'' પર ''કસ્રા'' (ઝેર) આવ્યો છે જેનો અર્થ તૂટવું થાય છે. પહેલા જ હ઼ર્ફમાં બંદાઓને તા'લીમ આપવામાં આવી કે, હે બંદાઓ ! તૂટવાની આદત બનાવો, એટલા માટે કે જે મારા લીધે તૂટે છે હું તેની પાસે જ રહું છું. હઝરત માલિક બિન દીનાર رحمۃ اللہ علیہ ફર્માવે છે કે હઝરત મૂસા علیہ السلامએ અલ્લાહની બારગાહમાં અર્ઝ કરી, અય રબ ! હું તને ક્યાં શોધું ? રબ તઆ઼લાએ ફર્માવ્યું, بغنی عند المنکسرۃ قلوبھم۔ મને તૂટેલા દિલો પાસે શોધો.'' *(હિ઼લ્યતુલ અવલિયા, ૨/૩૬૪)*

કોઈએ સાચુ કહ્યું છે;

*જિન્હેં બર્બાદ કરતે હૈં, ઉન્હી કે પાસ રહતે હૈં.*

**(૪)** ચોથુ કારણ એ છે કે ''અલિફ'' હર્ફે ''ઈ઼લ્લત'' છે જેનો અર્થ બીમારી છે, જ્યારે મનુષ્ય બીમાર થઈ જાય છે તો અમુક શબ્દો તેના મોઢેથી નીકળ છે જેમાં હાય, વોય વગેરે સામેલ છે. ''બા'' હ઼ર્ફે ''ઈ઼લ્લત'' નથી બલ્કે હ઼ર્ફે તામ છે, બંદો તે જાતનું નામ લેવા જઈ રહ્યો છે જેના નામમાં કામિલ શિફા છે, તો ફર્માવવામાં આવ્યું કે એવા હ઼ર્ફથી શરૂ કરે જેમાં ''ઈ઼લ્લત'' નથી.

**(૫)** ભલે ''બા'' જોવામાં પડેલો છે. પરંતુ દરજામાં બુલંદ છે. આ જ મામલો સિદ્દીક઼ીન અને સાલેહ઼ીનનો છે કે જોવામાં પડેલા જણાય છે પરંતુ હક઼ીક઼તમાં ઘણા ઉચ્ચતમ હોય છે.

**(૬)** ''બા'' હર્ફે શફવી છે, શફ્વનો અર્થ હોઠ થાય છે. આ હ઼ર્ફને અદા કરવામાં આખુ મોઢુ ખુલી જાય છે, પહેલીવાર જ્યારે ઈન્સાનોનું મોઢુ ખુલ્યુ હતું તો આ જ ''બા'' નીકળ્યો. કલામે પાકમાં છે : اَلَسْتُ بِرَبِّكُمْ ''શું હું તમારો રબ નથી ? જવાબમાં ઈન્સાનો તરફથી بلیٰ (બલા) (હા)નો શબ્દ આવ્યો, જેની શરૂઆત ''બા''થી છે, રોઝે અવ્વલ ઈન્સાનોનું મોઢું (بلیٰ)ની ''બા''થી ખુલ્યું અને આજે પણ કલામે પાકને બિસ્મિલ્લાહથી ખોલીએ છીએ, જેથી તે વાયદો બંદાને યાદ આવી જાય. (શાબ્દિક વિશેષતાઓ છે જે વાંચકોની સમજ અનુસાર રજૂ કરવામાં આવી.)

હવે સવાલ એ ઉભો થાય છે કે અલ્લાહના નામથી શરૂ કર્યું જાતથી નહીં ? એટલા માટે કે **જેના નામની બરકતનો આ આલમ હોય તો તે**

**જાતની બરકતનો શો આલમ હશે ?** શું કોઈ અનુમાન કરી શકશે ? અલ્લાહનું નામ લેવાથી કામ બની જાય છે અને તેનું નામ ન લેવાથી કામ અધુરુ રહી જાય છે. હદીષે પાકમાં છે :

كُلُّ اَمْرٍ ذِى بَالٍ لَمْ يُبْدَأُ بِبِسْمِ اللهِ فَهُوَ اَقْطَعُ اَوْ اَجْزَمُ

"દરેક તે મહત્વનું કામ જે અલ્લાહના નામથી શરૂ ન કરવામાં આવે તો તે નાક઼િસ અને અધુરુ રહી જાય છે." *(અબૂ દાઊદ, નિસાઈ)*

અને હક઼ીક઼ત પણ એ જ છે કે જે તેના સાચા નામ લેનાર છે તેઓ કદી શર્મિંદા નથી થતા, અપમાનિત અને બેઆબરૂ નથી થતા, મહેરૂમ અને માયૂસ નથી થતા. **બિસ્મિલ્લાહમાં એ વાતની ગેરંટી આપવામાં આવી છે કે બંદા તું મારું નામ લે, તારું કામ પૂરુ થઈ જશે.**

**હિકાયત** : હઝરત શેખ સઅ્દી ફર્માવે છે; હું એકવાર બૈલ્ક઼ાન શહેર ગયો હતો, સાંભળ્યું હતું કે ત્યાં એક ઘણા મોટા આ઼બિદ ઝાહિદ (ઈબાદત કરનાર) છે. હું તેમની પાસે હાજર થયો. મેં તે બુઝુર્ગથી નસીહત કરવા કહ્યું. તે બુઝુર્ગે કહ્યું, હે સઅ્દી ! માટીની જેમ આજીજી અને ઈન્કેસારી અપનાવો અને જો તમારાથી થઈ શકે તો તમે જે કાંઈ જ્ઞાન મેળવ્યું છે તેને માટીમાં દફનાવી દો."

درشہر بیلقاں بہ رسیدم بہ عابدے ۔ گفتہ مرا از تربیت جہل باز کن

વિચારો ! જમીન કેટલી આજીજી ઈન્કેસારીવાળી છે. ઈન્સાની જમીનના સીના પર ચાલે છે, દોડે છે, તેનું સીનુ ચઢીને મોટી મોટી ઈમારતો બનાવે છે, પરંતુ જમીન એ સર્વ સહન કરે છે, કોઈ બદલો નથી લેતી. તો એ બુઝુર્ગે ફર્માવ્યું, માટીની જેમ આજીજી અને વિનમ્ર સ્વભાવવાળા થઈ જાવ."

*(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, ફેબ્રુઆરી–૨૦૨૧, મુંબઈ)*

## :: ઈન્તેક઼ાલ પુરમલાલ ::

- **ધોરાજી** : થી "બરકાતે ખ્વાજા" (માસિક)ના મેમ્બર અશ્ફાક ઉમર સૂર્યા (ગ્રા. નં. ૮૪૬/૧૨૩૩૮) જણાવે છે કે તેમના મોટાભાઈ મુશ્તાક ઉમર સૂર્યા તા. ૧૫–૧૧–૨૦૨૦ રવિવાર, ૨૯ મી રબીઉલ અવ્વલ હિ.સ. ૧૪૪૨ના રોજ સાંજે મગરિબની નમાઝ બાદ અલ્લાહને પ્યારા થઈ ગયા. રબ તબારક વ તઆલા તેના હબીબ ﷺના સદક઼ામાં મર્હૂમની મગફિરત ફર્માવે. (આમીન) (નોંધ : આ પત્ર અમોને ૧ વર્ષ મોડો મળ્યો છે ! છતાં દુઆ માટે છાપેલ છે.) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*
- **દયાદરા** : (તા.જિ. ભરૂચ) હજીયાણી હૂરીબહેન મુહમ્મદ વલી દરબાર લગભગ ૯૦ વર્ષની વયે તા. ૨૭–૯–૨૦૨૧, હિ.સ. ૧૪૪૩ સોમવાર, ૧૯ સફરુલ મુઝફ્ફરના રોજ અલ્લાહની રહ્મતમાં પહોંચી ગયા છે.
- **હલદરવા** : ખાતે તા. ૪–૧૦–૨૦૨૧, ૨૬–સફરુલ મુઝફ્ફર, હિ.સ. ૧૪૪૩, સોમવારના રોજ અહમદ આદમ બાપુનો ૮૫ વરસની વયે ઈન્તેક઼ાલ થયો છે.
- **ઝંઘાર** : ખાતે ફારૂક઼ ગુલામ શયદાનો ઈન્તેક઼ાલ જુમેરાત તા. ૭–૧૦–૨૦૨૧, ૨૯ સફરુલ મુઝફ્ફર હિ.સ. ૧૪૪૩ના રોજ ૫૧ વરસની વયે થયો છે. મર્હૂમ ઘણા સમયથી બીમારીમાં પથારીશ વશ હતા.

*રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે કુર્આન શરીફનો ખત્મ કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## દયાદરા ખાતે જશ્ને ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

**દયાદરા** : ખાતે ૨૫ સફરુલ મુઝફ્ફર હિ.સ. ૧૪૪૩, તા. ૨–૧૦–૨૦૨૧ શનિવારે રાત્રે ઈશાની નમાઝ બાદ મોટા ચકલા પર "જશ્ને ઈમામ અહમદ રઝા" رحمۃ اللہ علیہ મનાવાયો જેમાં ક઼ારી મક઼સૂદ કાવીવાળા (પેશ ઈમામ) સાહબે તિલાવતે કુર્આન બાદ નઅતો મન્ક઼બતે આ'લા હઝરત પેશ કરી. ત્યાર બાદ હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી સાહબ (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ આ'લા હઝરતના ઈલ્મી કમાલ પર તથા ખુદા વ રસૂલનાં ફર્માનો પર પુખ્તા યક઼ીન વિશેના વાકિ઼યાત પેશ કરી શ્રોતાજનોમાં ઈમાનમાં તાજગી ભરી દીધી હતી.

## બોડેલીમાં જશ્ને ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

**બોડેલી** : ખાતે તા. ૩–૧૦–૨૦૨૧ રવિવારે ઈશા બાદ જશ્ને ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનું શાનદાર આયોજન રઝા નગર નિયાઝ કમિટી વ સુન્ની દા'વતે ઈસ્લામી બોડેલી થકી કરવામાં આવ્યું જેમાં રઝા નગર મસ્જિદમાં, દાઈએ કબીર, અતાએ મુફતીએ આ'ઝમે હિંદ હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી (અમીરે સુન્ની દા'વતે) ઈસ્લામીએ "ઈશ્ક઼ તથા મહ઼બ્બત"ના વિષયે આશિકે઼ રસૂલ મુજદ્દિદે આ'ઝમ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના ઈશ્કે઼ રસૂલ પર શાનદાર ઈમાન અફરોઝ બયાન કરી હાજરજનોના ઈમાનમાં તાજગીભરી આપી હતી. મઝકૂર જશ્નમાં હઝરત સૈયદ મોઈનબાવા (માંકણીવાલે), સૈયદ મોહસિન બાવા (કવાંટ), સૈયદ તાહિરબાપુ પેટલાદવાલે ઉપરાંત અન્ય સાદાતે કિરામ ઉલમાએ એઝામ તથા અઈમ્મા, મુબલ્લિગીને હાજરી આપી હતી.

## મુફતી સાબિર નજમી મિસ્બાહી થકી તર્બિયતી ઈજતેમાઓ

**દયાદરા** : ખાતે તા. ૨૬–૯–૨૦૨૧, ૩–૧૦–૨૦૨૧ તથા ૧૦–૧૦–૨૦૨૧ સતત ત્રણ રવિવારો સુધી મુખ્તારુલ મસાજિદ દયાદરા ખાતે અસર બાદ હઝરત મૌલાના મુફતી સાબિર નજમી મિસ્બાહી સાહબ થકી પ્રેક્ટિકલ સાથે નમાઝ વિશે તર્બિયત કરવામાં આવી જેમાં નમાઝની શર્તો, ફર્ઝોથી શરૂ કરી તકબીરે તહરીમાથી સલામ ફેરવતા સુધીના સર્વ તરીક઼ા, ક઼યામ, રુકૂઅ, સિજદા સંબંધી મસાઈલ, જમાઅત સાથે નમાઝના મસાઈલ વગેરે નમાઝને લગતા વિવિધ મસાઈલ વર્ણવવામાં આવ્યા. મોટી સંખ્યામાં બાળકો, યુવાનો, વડીલોએ હાજરી આપી ફયઝ ઉઠાવ્યો હતો. તા. ૧૦–૧૦–૨૦૨૧ ના રોજ મગરિબ બાદ **દારુલ ઉલુમ ગુશને અજમેર–ભરૂચ** ખાતે 'મસ્જિદે રયહાન'માં હઝરત મુફતી સાહબ થકી દીની ઈલ્મી સવાલો જવાબની મેહફિલ રાખવામાં આવી હતી.

## હાડગુડ (આણંદ) ખાતે જશ્ને મીલાદુન્નબી صلی اللہ علیہ وسلمનું આયોજન

તા. ૧૨–૧૦–૨૦૨૧ મંગળવારે ઈશા બાદ "જશ્ને મીલાદુન્નબી" صلی اللہ علیہ وسلمના મોક઼ા પર હાડગુડ ખાતે સુન્ની ઈજતેમા થયો જેમાં અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવીએ અલ્લાહની નેઅમતોનો શુક્ર અદા કરવા બાબતે અને રબની સર્વ શ્રેષ્ઠ નેઅમત હુઝૂરે અકરમ નૂરે મુજસ્સમ صلی اللہ علیہ وسلم મળવા પર રબનો શુક્ર અદા કરવા સંબંધે ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. શરૂમાં ક઼ારી રિયાઝુદ્દીન અશરફી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ પોતાના આગવા અનોખા અંદાઝમાં નઅતોના ગુલદસ્તા પેશ કર્યા હતા.